ફાગણ સુદી ૧૫) મંગળને દહાડે જ્યાં થંભમાંથી નરસંગ રૂપે પ્રગટયા હેા સાંમીજી; ત્યારે હરણાકંસ દઇતને તમે માર્યો, અને ભગત પેલાજ તાર્યો ગુર બ્રહમાજી સાથે પાંચ કરેાડીયેસે રાજા પહેલાજ મેાક્ષ મુગતી લભીયંતે હેા સાંમી-જી, સતર લાખ અઠાવીસ હજાર (૧૭,૨૮,૦૦૦) કરતા જુગનું પ્રમાણ હુવા હેા સાંમીજી.

સાતવાર, સતાવિશ નક્ષત્ર, પંદર તીથી, બાર કરણ, સુરજ મંત્ર જાપ જપંતા રખી રહયા, રીખી થાપી દઈત સંહારયા તે જુગાજુગ સાહેબ અવતર્યા, તે સાહેબસે ચીત લાવે તેના ધરમ વાધે ને પાપ ખેહે થાય; નમો ભાઇ સાહેબ-જીના નામને નમો જેણે જીવ પુરે; જેણે રૂપે આપણો શાહાપીર હોય તે રૂપને ધીયાવીયે, ભાઇ તે રૂપને ધિયાવીયે–કરતા જુગ પુરો.

— ૨ જો ત્રેતા યુગ. —

ત્રેતા જુગનું મંડાણ માંડતે હો સાંખીજી, ૬૪૭૨ માંહે યુદ્ધ અનદ મહોત્સવ હોમે મંગલચારને દહાડે નક્ષત્ર પુખીયાને દહાડે ત્રેતા જુગ થાયો હો સાંખીજી, ત્યારે ત્રેતા જુગ માંહે ગુપ્ત અવતાર સાંખીજીના પરવરતંતે હો સાંખીજી, મનાયેક કઉચક રેપક કેશવદાસ કેશવરૂખ, વંશ જો વાયણ શ્રી વાયણની માતા તો લીલાવંતી, પીતા તો કેશવરૂખ, ગુર તો અઉદ્યોચન, શકિત તો કોયલાદેવી, સ્વસ્થાન તો વણથલી જુનાગઢ, ક્ષેત્ર તો કોયલાપુર પાટણ નરે ડાર્યો, દાડવ તે બળરાજા ચાંપો પીયાળ ઉચરંતા જુજરવેદ ઉધરત ગાયંત્રી, સાતવાર સતાવીસ નક્ષત્ર, પંદર તીથી, બાર કરણ, સુરજ મંત્ર જાપ જપંતા રખી રહયા. રખી થાપી દઈત સંધાર્યા એ સાહેબ જુગાજુગ અવતરા, તે સાહેબશું ચીંત લાવે તેનાં ધરમ વાધે ને પાપ ખેહે થાય નમો ભાઇ સાહેબના નામને નમો જેણે જીવ પુરે જેણે રૂપે આપણો શાહાપીર હોય તે રૂપને ધીયાઈયે ભાઇ તે રૂપને ધીયાયે.

ગુપ્ત અવતાર તો ચાર પ્રગટ અવતાર તો એક શ્રી વાયણ શ્રી વાયણના આનધાતા પૃથ્વી જઈસરોન જવાગણ વસે શ્રી ફરસીરામ, શ્રી ફરસીરામની માતા તો રણકાવતી, પીતા તો જંવાગ્નરૂ, ગુર તો આકાશવાણ, શકિત તો તુલજાભવાની, સ્વસ્થાન તો જોજપુર નગરી, ક્ષેત્ર તો ચીરાણ પાટણ નરે ડાર્યો. દાણવ તો શેસાભર્જુન પડતાં ઉચરંતા જુજરવેદ ઉધરત ગાયંત્રી સાતવાર સતાવીશ નક્ષત્ર, પંદર તિથી, બાર કરણ, સુરજ મંત્ર જાપ જપંતા રખી રહયા, રખી થાપી દઈત સંધારયા, તે સાહેબ જુગાજુગ અવતરા તે સાહેબશું ચીંત લાવે તેનાં ધરમ વાધે ને પાપ ખેહે થાય. નમો ભાઇ એ સાહેબનાં નામને નમો ભાઇ નારાયણના નામને નમો જેણે નામે આપણો જીવ પુરે જેણે રૂપે આપણો શાહા પીર હોય તે રૂપને ધીયાઇયે. ભાઇ તે રૂપને ધીયાઇયે.

ભાઇ ગુપ્ત અવતાર તો છ પ્રગટ અવતાર તો એક શ્રી ફડસીરામ શ્રી ફરસીરામના રગ નુગ જુજીયાત કુલ અલીફ અજેપાલ, જસરત વંશ શ્રી રામ, શ્રી રામની માતા તો કઉશલ્યાવંતી, પીતા તો રાજા દશરથ, ગુર તો લક્ષમણ કુંવર, શકિત તો સીતા સતી, સ્વસ્થાન તો અજોધાપુરી નગરી, ક્ષેત્ર તો લંકાપુરિ

નગરો, નરે દારેઓ કાણવ દશ મુસ્તકનો રાવણ પડતાં ઉચરંતા જુજરવેદ ઓધરંતા ગાયંત્રી સાતવાર, સતાવીશ નક્ષત્ર, પંદર તિથી, બાર કરણ, સુરજ મંત્ર જાંપ જપંતા રખી રહ્યા, રખી થાપી કઈત સંધાર્યા, જુગાજુગ અવતરા તે સાહેબસે ચીંત લાવે તેના ધરમ વધે ને પાપ ખેહે થાય નમો ભાઈ સાહેબના નામને, જેણે જીવ છુટે, જેણે રૂપી આપણો શાહા પીર હોય તે રૂપને ધીયાઈયે.

ત્રેતા જુગ મધે પાત્ર ત્રણ વાયમણ ફડસીરામ, શ્રી રામ. ત્રેતા જુગ મધે ભગત જાપ જપંતા, તારે ગુર તો વીજેસઠણ, વેદ તો જુજરવેદ, ભગત તો રાજા હરિચંદ્ર, દરશણ તો એક ફેરાતો પચીશ માનખા તણા ગુરનર બોલ્યા, બગપુરિ નગરી માંહે વેદ બોલ્યા ભાખંતે પ્રમાણ કરતવા ખાણ તો ચાર નામ દાન તો અર્થદાન આપતા દેતા, દાન તો રૂપાનુ દેતા, વ્રત લો ચઉદશી સોમવારી અખંદ કરતા, પ્રમાણ તે દેવ અવગતિયા નહિ હોતા, દેવની કાયા તો નુરની તે દેવ નુર કરતવા હો સાંભીળ, તેનાં રખીસર ફળ લભીયંતા હો સાંભીળ, ત્રેતા જુગમાં સ્ત્રી પુરખ નજરા નજરે મળતાં તે દીન ઓધાન રહેતું, ત્યારે વરસ ૧ ને માસ ચાર તે સ્ત્રી પોપવંતી રહેતી ત્યારે વરસ ૩૦ ને માસ ૪ બાલક ગીરભાસ્થાન રહેતું ત્યારે દશ હજાર વરસની આવરદા હતી. તારે માણસ ચઉદ તાડ ઉંચુ હતું, સાડા ત્રણ તાડ માણસ પોહુ હતું. ધરતી એકવાર વાવંતા ત્યારે ચઉદવાર ફલ લભીયંતા, ગઉ કુંભ ત્રણ દુધ દેતી તે મણ ચાર ને મજમેં દેતી તે દુધ એક દેવ ભરખ ભોજન આહાર કરતવા, ત્યારે મેદની દુઃખી ન કરતવા ત્યારે ગીરણ (ખાનાં) તો સીતેર ને પચાસ પરવરતંતે હો સાંભીળ, ચઈત્ર સુદિ નોમને દહાડે રાજા હરિશ્ચંદ્ર, તારા રાણી કુંવર રોહીદાસ તે સતસું વેચાણા હો સાંભીળ, કાશી નગરીમાં વિશ્વામિત્રને હાથે હો સાંભીળ, તારે દાગતો વંનનો દેતા તદા લોક તો અસત નહિ બોલતા, તદા ધરમ વેસુવા પનર પાપ વેસુઆ પાંચ તદા નીમધારી તો કરોડીયું એકવીશ તે માંહે સાત કરોડીયું તો આવાગમણમાં પડયા; સાત કરોડીયું તો દોજકે ગયા, સાત કરોડીયું તો રાજા હરિશ્ચંદ્ર ગુર વીજેસઠણ સાથે ગયા હો સાંભીળ, આસુ શુદ દશમને શનીવારે તે વારે રામે રાવણ માર્યો આશો શુદ એકાદશને વાર દીતવારને દહાડે સકરાંતને દીને રાજા હરિશ્ચંદ્રનું મરણ થયું હો સાંભી, તે સતગુર બ્રહ્મા વીજેસઠણને વાયકે ચાલ્યા હો સાંભોળ, તે મોક્ષ મુગત લહેતા હો સાંભીળ, બાર લાખને છનું હજાર ત્રેતાજુગનું પરમાણ હો સાંભીળ. પુરી પુરણ ભવરતો હો સાંભીળ.

— ૩ જો દુઆપુર યુગ —

સ્વામી દુઆપુર જુગનું મંઢાણ માંડતે હો સાંભીળ, છમછર વેળાથી નામ છમછર આહાબ મરવંદ અમાસ સોમવારી નક્ષત્ર કીરતકાને દહાડે દુતીઆ પુરો

જુગ થાપ્યો માંડયો હો સાંમીજી; દુઆપુર જુગમધે તમે ગુપ્ત અવતાર પરવરતંતે હો સામીજી.

શ્રી રામના પદમ જશવદણ વીરપાળ વાસુદેવ વંશ શ્રી કરશનજી કાન, શ્રી કાનની માતા તો દેવકીજી, પીતા તો વાસુદેવ, ગુર તો વીદુરવ્યાસ, શકિત તો રાણિ રૂખમણી, સ્વસ્થાનતો ગોકુલપુરી નગરી, ક્ષેત્રતો મથુરાપુરી નગરી, નરે ડાર્યો દાણવ તે કંસાશુર પડતા ઓચરંતા શામવેદ ઓચરતાં ગાવંત્રી સાતવાર સતાવીશ નક્ષત્ર પંદર તીથી બાર કરણ સુરજ મંત્ર જાપ જંપતા રખી રહયા, રખી સ્થાપી દઇત સંઘાર્યા તે સાહેબ જુગાજુગ અવતરા તે સાહેબશું ચીત લાવે તેનાં ધરમ વાધે ને પાપ બેહુ થાય નમો ભાઈ સાહેબના નામને નમો ભાઇ નારાયણના નામને નમો જેણે નમે આપણો જીવ છુટે જેણે રૂપે આપણો શાહા પીર હોય તે રૂપને ધીયાઇયે ભાઈ તે રૂપને ધીયાઇયે.

ગુપ્ત અવતાર તો પાંચ પ્રગટ અવતાર તો એક શ્રી કાન શ્રી કાનના પરીક્ષત જનમેજી સેશાનંદ સતાનંદ વીણવછરાજ વંશ શ્રી બુધ શ્રી બુધની માતાતો કરણાવંતા, પીતા તો વીણ વછરાજ, ગુર તો હંસરાજ, શકિત તો હીરસાદેવી, સ્વસ્થાન તો ઉજેલપુર નગરી ક્ષેત્ર તો કુરૂક્ષેત્ર દીલ્હી નરે ડાર્યો દાણવ તો રગતવત દુરજોધન પડતાં ઉચરતાં સામવેદ ઓચરતાં ગાવંત્રી સાતવાર સતાવીશ નક્ષત્ર પંદર તીથી બાર કરણ સુરજ મંત્ર જાપ જંપતા રખી રહયા, રખો થાપી દાણવ સંઘાર્યા તે જુગા જુગ સાહેબ અવતરા તે સાહેબસે ચીંત લાવે તેના ધરમ વાધે ને પાપ બેહુ થાય નમો ભાઇ સાહેબના નામને નમો જેણે જીવ છુટે જેણે રૂપે શાહા પીર હોય તે રૂપને ધ્યાઈયે ભાઇ તે રૂપને ધ્યાઈયે.

ગુપ્ત અવતાર તો પાંચ પ્રગટ અવતારતો એક પરવરતંતે શ્રી બુધ હો સાંમી, દુવાપર જુગ માંહેતો ભગત રાજા જુજેસઠળ જપતો ગુરતા વહુર વ્યાસ વેદતો સામવેદ ભગતતો રાજા જુજેસઠળ પાંચ પાંડવ ભાંખ્યા કરોડ કરતવા હો સાંમી ., દરશનતો એક કેસ તો સોળ માનખા દેઈ તણા ગુરનર સાંમપુરે નગરીમાં દેવ બોલ્યા નીંમ દાનતો ત્રાંબાદાન દેતા વૃતતો અખંડ અમાસ સોમવારી કરતા હો સ્વામી જી, જીવ અવગતીયા નઈ હોતા હો સાંમીજી, ત્યારે સાઇના તો સદાજી કરતવા હો સાંમીજી, તારે પરણામ તો દેવને કરતા હો સાંમીજી, તે શાહાના રખીસર ફલ પ્રાપ્તી લંભતા હો સાંમીજી.

દુવાપર જુગમાં ધસ્ત્રી દાન દેતી ધસ્ત્રો પુરખ તણે હાથોહાથ ઓધાન રહેતાં ધસ્ત્રી માસ એક દીન વીસ સુધી પોપવંતી રહેતી વસ્સ આઠને માસ ચાર દીન ત્રણ બાલક ગીરભાવસે રહેતું તદાઇ એક હજાર વરસની આવરદા ભોગવતું સાત તાડ માણસ ઉંચુ હતું તાડ બે માણસ પોહું હતું ત્યારે ધરતી એકતારસ

વાવતા તે સાતવાર ફૂલ લેતા ત્યારે ગઉ કુંભ બે દુધ દેતી તે મણ અઢાઇને મજમેં દેતી તે દુધ ઇ દેવ ભરખ ભોજન આહાર કરતવા હો સાંમીજી, તારે તે કોઇ કેને દુવતા નહી અસત બોલતા નઈ ચેય દુખી નઈ કરતવા ત્યારે લક્ષમી તેા સંપુર્ણ ત્યારે ગીરણ (ખાના)તેા ૭૦૨૫ સાત હજારને પચીસ પરવરત તે હેા સામીજી, દાગતેા અગન દાગ દેતા આવાગમણતેા જીવને પડતાં તદા ધરમ તેા વસુઆ દશ અને પાપતેા વસા દસ નીમધારીતેા કરેાડી સતાવીશ ૨૭ તેમાંથી કરેાડી નઉતેા આવા ગમણમાં પડયા કરેાડી નઉતેા દેાજકમાં ગયા કરેાડી નઉતેા રાજા જુજેસઠળ સાથે દરગે ગયા હેા સાંમીજી, રાજા જુજેસઠળતેા હેમાળે સીજ્યા હેા સાંમીજી, સતી જીવતેા અમરાપુરી લંભતે હેા સાંમીજી, આઠ લાખ ને ચેાવીશ હજાર ૮૨૪૦૦૦ દુવાપુર જુગનું પ્રમાણ હેા સાંમીજી, જુગ દુવાપર પુરેા સમાપ્ત ભવસ્ત હેા સાંમીજી.

— (૪) થેા કળયુગ. —

પીર ઇમામ શાહા હેા વાચા આજતેા ચતુર કલપનું મંડાણ મંડયું હેા સાંમીજી, છમછર નામ વઇશાક શુદી બીજ શુકરવારિ મુળ નક્ષત્રને દહાડે કલજુગ થાપ્યેા હેા સાંમીજી, કળજુગ મધે સ્વામીના ચુમ્બત અવતાર પરવરત તે હેા સાંમીજી, શીશ સામ સલામ મલકાન ઇસલામ હારૂન સામમુનસાફાન અદનાન માએદ નીજાર મુદર એલીયાસ મુદરખ ખુજેને કનાને નજર માલેક ફેહર ગાલેબ લુએ કએબ મુરીયે કલાબ કુસીયે અબદલમુનાફ અબુહાસમ અબદુલ-મુતલબ અબુતાલવલી વંશ શ્રો શાહ મઉલા મુરતજાઅલી દશમેા અવતાર નીકલંકી પાત્ર શ્રી શાહ મઉલા મુરતજાઅલી શ્રી શાહ મઉલા મુરતજાઅલીની માતાતેા હજરત બીબી જલેખાં પીતાતેા હાસમે અબુ તાલબવલી ગુરતેા હજરત નબી માહમદ મુસ્તફા રસુલ સલેલાઅલેહિવસ્લમ શકતી તેા હજરત બાના ફાતમત જનત બીબુન જોહરાં સ્વસ્થાનતેા દલમદેસ કહેકપુરી નગરા ક્ષેત્ર તેા દુર મુલસ્થાન સીતપુરી કુવારકા નગરી નર ડારશે દાડવ તે ઉણ્યાચારી કાંગેા પડતાં ઉચરત અથર વેદ ઓચરત ગાયત્રા સાતવાર સતાવીસ નક્ષત્ર પંદર તીથી બાર કરણ સુરજ મંત્ર જાપ જંપતા રીખી રહયા રીખી થાપી દઇત સંગારયા, તે સાહેબ જુગા જુગ અવતરા તે સાહેબશુ ચીત લાવે તેનાં ધરમ વાધે તે પ્રાપ બેહે થાય નમેા ભાઇ સાહેબજીના નામને નમેા, જેણે જીવ છુટે જેણે રૂપે આપણે શાહા પીર હેાય તે રૂપને ધ્યાઇયે ભાઇ તે રુપને ધ્યાઇયે.

૧ હક મઉલાના શાહા અલી
૨ હક મઉલાના શાહા હુસેન
૩ હક મઉલાના શાહા જઇનલ આબેદીન
૪ હક મઉલાના શાહા મહમદ બાકર

૫ હક મઉલાના શાહા જાફર સાદક
૬ હક મઉલાના શાહા ઇસમાઇલ
૭ હક મઉલાના શાહા મહમદ બીન ઇસમાઇલ
૮ હક મઉલાના શાહ વફી અહમદ
૯ હક મઉલાના શાહા તકી માહમદ
૧૦ હક મઉલાના શાહા રજી અબદલાહ
૧૧ હક મઉલાના શાહા મેહેંદી માહમદ
૧૨ હક મઉલાના શાહા કાયમ
૧૩ હક મઉલાના શાહા મનશુર
૧૪ હક મઉલાના શાહા મોઇજ
૧૫ હક મઉલાના શાહા અજીજ
૧૬ હક મઉલાના શાહા હાકમ અબુઅલી
૧૭ હક મઉલાનાં શાહા જાહેર અલી
૧૮ હક મઉલાના શાહા મુસ્તન સર બલાહ
૧૯ હક મઉલાના શાહા નીંજાર
૨૦ હક મઉલાના શાહા હાદી
૨૧ હક મઉલાના શાહા મોહતદી
૨૨ હક મઉલાના શાહા કાહેર
૨૩ હક મઉલાના શાહા અલા જીકરીયા સલામ
૨૪ હક મઉલાના શાહા અલા માહમદ
૨૫ હક મઉલાના શાહા ખુદ જલાલુદીન હસન
૨૬ હક મઉલાના શાહા અલાઉદીન માહમદ
૨૭ હક મઉલાના શાહા રૂકનુંદિન ખુરશા
૨૮ હક મઉલાના શાહા શમસદિન માહમદ
૨૯ હક મઉલાના શાહા કાસમ શાહ
૩૦ હક મઉલાના શાહા શ્રી ઇસલામ શાહા

શ્રી ઇસલામ શાહાની માતાતો ખલીફા, પીતાતો કાસમશાહા ગુરતેા પીર સદરદીન શકતીતેા બીબી ફાતમત સ્વસ્થાનતેા દેલમ દેશ કેકપુરી નગરી ક્ષેત્ર તેા જંપુદીપ મુલસ્તાન શહેર ચીણબ નગરી નર ડારે દાદવતેા ઉણ્યાચારી કાલીંગેા પડતાં ઉચરતા અથરવેદ ઓચરતા ગાયત્રી સાતવાર સતાવીશ નક્ષત્ર પંદર તીથી બાર કરણ સુરજ મંત્ર જપે જંપતા રખી રહયા રીખી થાપી કથત ચંમારયા તે સાહેબ જુગા જુગ અવતરા તે સાહેબસે ચીંત લાવે તેના ધરમ વાધે ને પાપ ખેહે થાય નમેાભાઇ શ્રી સાહેબના નામને નમેા જેવે નમે આપણેા જીવ જુરે જેવે રૂપે આપણેા શાહા પીર હેાય તે રૂપને ધ્યાવે ભાઇ તે રૂપને ધ્યાવે.

ગુપ્તત અવતાર તો પરવરતંતે પ્રગટ અવતરતો એક શ્રી ધસલામ શાહા કલજુગ સધે વેદતો અથર વેદ ભગતતો ગુરનરને ગીનાને ચાલ્યા તે પીર સદરદીન પોતા વરત કરતા પીર હસન શાહાને વર આપ્યો અનત કરોડીના વર આપ્યા સાંમીજીના ગીનાને ચાલતા તે ભગત ઓધરતા હો સાંમીજી, હવે સત ધરમનો વશો તો અરબો અને પાપે વશાતો સાડા ઓગણિશ નીમ ધારી છત્રીશ કરોડયું તેમાં ચોવિશ કરોડયું તો દોજકે અંધારે દોજકે ગયા કરોડયુ બાર પીર સદરદીન સાથે દરગે ગયા સતિ જીવતો બહેસ્તે ગયા કલજુગ મધે દરશનતો એક ધ્યાનંતા તે સત ભાખ્યા કુરાન કરતવા ગુરનર જંપુદીપે વેદ બોલ્યા.

કળજુગ માંહે નીમચારી દાનતો અજાનું મુલ દેતા તે દાન સદોજ પરવરતંતે પડયા ભેસપતચાર ભગત અરબો આહાર કરતવા બીજ શુકરવારો અરબો આહાર કરતવા ભગત બાર પહોરનો અખંડ ઉજાગરો રહેતા એવી રીતે બીજ શુકરવારી રહેતા હો સાંમીજી, તે જીવ અવગતીયા નહી થાતા હો સાંમીજી, તે જીવ બેહેસ્તી થાતા હો સાંમીજી, શાહનુ નામ તો હઈજંદા શાહાનું પરનામ તો કાયમ પાયા જાંપતો પીર હસન શાહાનું નામ તો ઇનશાહ ઈનાયત રખીસર ફુલ પ્રેમાણ લંભતા હો સાંમીજી, પીર ઇમામ શાહા હો વાચા મુલક ચોવીશ પીર સમશ દરવેશી પરતક વેશે બોધા હો સાંમીજી, ચોવીશ મુલક મધે સાત લાખ ને પચાશ ગીરાણ(ખાંના) પરવરતંતે હો સાંમી આજ કલજુગ મધે જંપુદીપ સતગુર ઉંચ મુલસ્થાન સરેવા કરતા હો સાંમીજી, આજ કલજુગમાં ધસ્ત્રો દાન દેતી ધસ્ત્રી પુરૂખ મલી મીથુન કામ ઓધાન રહેતાં ધસ્ત્રી દિન પાંચ પોપવતી રહેતી બાળક દશ માસ ગીરભાવસે રહેતું કળજુગમાં આવરદા વરસ ૧૦૦ સો પણ અલપ ભોગવે તાડ (હાથ) ડા સાડાત્રણ માણસ ઉંચો હશે તાડ હાથ ૩) એક માંણસ પોલો હશે કલજુગમાં ધરતી એકવાર વાવને તો એકવાર ફુલ લંભને નઉ એક કુંભ દુધ દેતી તે મણ ૧૧ સવાને મજમે દેતી તે દુધ કાફર એક ભરખ ભોજન આહાર કરતવા હો સાંમીજી, દુવાપુર ઉતરો કલજુગ બેસતે તારે ગાય કામધેન તથા બ્રામણને શ્રાપયો હો સાંમીજી, કલજુગમાં ફેરા આઠ માનખા દેહી તણા દાગતો ભોમદાગ આવાગમણ નઇ આવતા હવે કલજુગમાં નહિ પાંચમો જુગ નહી અગીયારમો અવતાર હવે સંધ પોતી જુગ ચારની જેણે ગુર શોહો દેવને ઓલખ્યા તે જીવ અમારાપુરી પોંચતા હો સાંમીજી, જેણે ગુર શોહોદેવ નહી પ્રમાણ્યા અવતાર પાત્ર નઇ ઓલખા તે જીવ અંધારે દોજકે ગયા, સતગુર વાચા હો સ્વામીજી, કલજુગમાં જે ગુર નરથી ભુલ્યા તે જીવ ભવોભવ કુમતે મુગતી નહી લંભને હો સાંમીજી.

ઇ જુગ ચાર મલી મજમે તેતાલીશ લાખ ને વીશહજાર વરસ જુગતું અંધાણ હો ચાર જુગના વરસ તો એટલા ગુર બ્રહમા લખચોરાશી એધાણ

નીશાની તે માંહે મુઆ તેને બહુ મરણ જીવ્યા તેને બંધા લાભ અનત કરોડી અનત જુગ છોડાવે પુરૂષ માહાદેવ દાડવ ગીરાણ વાસ ઈ ચાર જુગમાં મલી ગુર એક તેના રૂપ ચાર કરતા જુગમાં ગુર બ્રહમા પાંચ કરોડીના વર દીયા હો સાંમીજી, ત્રેતા જુગમાં ઇ તો વજસઠલ સાત કરોડના વર દીધા હો સાંમીજી, દુવાપર જુગમાં ગુર વેદુર વ્યાસ નવ કરોડીના વર દીધા હો સાંમીજી, આ કલજુગ મધે પીર સદરદીન કરોડી બારેશું સીધા હો સાંમીજી, બાર કરોડીના વર દિધા હો સાંમીજી, કળજુગ મધે સીતેર સહોસો હુશેની ઇ પરવરતંતે હો સાંમીજી, ઈજુગ ચારમાં મીલી ચાર વેદ કરતા જુગમાં રૂગવેદ પરવરતંતે હો સાંમીજી, ત્રેતા જુગમાંહે જુજરવેદ પરવરતંતે હો સાંમીજી, દુવાપુર જુગમધે શામ વેદ પરવરતંતે હો સાંમીજી, આજ કળજુગમધે અથર વેદ પરવરતંતે હો સાંમીજી, ઈ ચાર જુગ મલી મુજમે શ્રી નારાયણ દેવ એક તેના અવતાર પાત્ર એક તેના રૂપ દશ હો સાંમીજી. સોહી નર.

૩૧ હક મઉલાના શાહા મહમદ બીન ઇસલામ શાહા
૩૨ હક મઉલાના શાહા મુસ્તન સીર બીલ્લાહ
૩૩ હક મઉલાના શાહા અબદ સલામ
૩૪ હક મઉલાના શાહા ગરીબ મીરજા
૩૫ હક મઉલાના શાહા ભુદર અલી
૩૬ હક મઉલાના શાહા મોરાદ મીરજા
૩૭ હક મઉલાના શાહા જુલ ફીકાર અલી
૩૮ હક મઉલાના શાહા નુરદીન અલી
૩૯ હક મઉલાના શાહા સઇયદ ખલીલ્લાહ અલી
૪૦ હક મઉલાના શાહા નીજાર
૪૧ હક મઉલાના શાહા સઇયદ અલી
૪૨ હક મઉલાના શાહા હશન અલી
૪૩ હક મઉલાના શાહા કાસમ અલી
૪૪ હક મઉલાના શાહા અબુલ હસન અલી
૪૫ હક મઉલાના શાહા ખલીલા અલી
૪૬ હક મઉલાના શાહા હસન અલી
૪૭ હક મઉલાના શાહા આગા અલી શાહા દાતાર
૪૮ હક મઉલાના શાહા આગા સુલતાન મહમદશાહ દાતાર

હાજર જોમેજો ઘણી વારે કેરો પુરૂખ સહિ સીતેતેર પાત્ર દશ અવતાર અડતાલીશ ઈમામ સતપંથ સદારણહાર સહી સો શાહા મહમદશાહા સો શાહા નીજાર સતસો ગુર સુલતાન મહમદશાહ દાતાર સાતવાર, સતાવિશ નક્ષત્ર, પંદર

તીથી, બાર કરણ, પીરશાહા જાપ જપંતે રીખી રહયા, રીખી થાપી દઇત સંઘારે તે સાહેબ જુગાજુગ અવતર્યા, દેવ મોરારી તે સાહેબસે ચીત લાવે તેના ધરમ વાધે ને પાપ મેહે થાય; નમો ભાઇ સાહેબજીના નામને નમો જેણે જીવ છુટે; જેણે રૂપે આપણો શાહાપીર હોય તે રૂપને ધીયાવીયે, ભાઇ તે રૂપને ધિયાવીયે.


મુળ ગાયેત્રી સંપુર્ણ સમાપ્ત ભવસ્તો.

પીર ઇમામ શાહા બોલ્યા અમ્રત વાણિ જે કોઇ સાંભળે મુળ ગાયેત્રી કલપની વાત તેને અમરાપુરી લલીયંતે હો સાંમીજી, તે એકોતેર માઇના એકોતેર બાપનાં લઇને જીવ વઇકુંઠ વાસો પામશે ગાયેત્રી સાંભલે ને જે કોઇ ધરમ પુજી દુઆ કરાવે તે ફળ પ્રાપ્ત હોવે હો સાંમીજી પીર ઇમામ શાહા બોલ્યા અમ્રત વાણી શાહા ગરીબ મીરજાં કજલ કર મઉલાના શાહા સુલતાન મહમદ શાહ દાતાર હાજર જેમેજે ધણી.

મુળ ગાયેત્રી સમાપ્ત.

સાંકળીયું.


નંબર	વિષય	પાનું
૧	આઠ લાખ કરણની ઉત્પતી.	૧
૨	ત્રણ કરણના અવતાર પાત્રનું નામ	૨
૩	ધંધુકારની હકીકત	૨
૪	આદ કળસ ઘટ થાપના અને સૃષ્ટિની ઉત્પતિ	૩
૫	સાત દિવસમાં વાર પ્રમાણે શું ઉપાવ્યું તે હકીકત	૪
૬	ચાર ખાણની હકીકત	૫
૭	ત્રણ દેવની ઉત્પતી	૬
૮	ધર્મની ઉત્પતી અને ઘટપાટની સ્થાપના તથા સૃષ્ટિની ઉત્પતી	૬
૯	ત્રણે મુરતને ઉપજેલો અહંકાર	૭
૧૦	પહેલો જાયલા કલપ	૮
૧૧	બીજો ફાયલા કલપ	૧૦
૧૨	ત્રીજો અરજા કલપ	૧૧
૧૩	ચોથો ખલીફા કલપ	૧૩
૧૪	૧—કરતા યુગ	૧૩
૧૫	૨—ત્રેતા યુગ	૧૬
૧૬	૩—દુઆપુર યુગ	૧૭
૧૭	૪—કળી યુગ	૨૦



મોમીન નુરમહંમદ પીરમહંમદ ડોસન

મામજી નુરમહંમદ કરડીયા -

ગામ - મેજાવાડા.



ખટ દરસન તથા વેલ.

(રચનાર—પીર સદરદીન.)

(ગુજરાતીમાં) આવૃતી ૧ લી નકલ ૫૦૦.

પ્રગટ કરનાર,

મુખી લાલજીભાઈ દેવરાજ.

ધી ખોજા સિંધી છાપખાનું,

૧૧૩, પાલખી મહોલ્લા—મુંબઈ-૯.

ALL RIGHTS RESERVED.

આ બુક મેનેજર વલીભાઈ નાનજીએ ધી ખોજા સિંધી પ્રેસ ૧૧૩, પાલખી મહોલ્લા, મુંબઈ નં-૯ માં મુખી લાલજીભાઈ દેવરાજ માટે છાપી અને મુખી લાલજીભાઈ દેવરાજે ધી ખોજા સિંધી પ્રેસ ૧૧૩, પાલખી મહોલ્લા, મુંબઈ-૯ માં પ્રગટ કરી.

સંવત ૧૯૭૬. તા૦ ૨૫-૬-૨૦.

ખટ દરસન.

(રચનાર પીર સદરદીન.)

સામી તે જે સીરજણહાર, જીવ પીંઢનો કરે નીસતાર;
દીલની વાતું જાણે જેહ, સકલ જોત હંસ પરકાશે તેહ;
ભાંજે ધરે નીપાવે જોએ, કહે ગુર સોહેાદેવ સાચા સામી-કહીએ સોએ.

સેવક તે જે સેવા સાર, હરી જપતા લંગે પાર,
પરીબ્રહ્મ વાચા પાલે જેહ, સાચા સેવક કહીએ તેહ;
ગીનાન જોત જે ગુરથી ધરે, પરેમ વીધી જીવતા મરે,
સતગુર વાચા પાલે જેહ, કહે ગુર સોહેાદેવ સાચા સેવક-કહીએ તેહ.

વઈરાગી તે જેનું વનમાંહે વાસ, ધર નવ નાડીસું રહે ઉદાસ,
ફીરીઆ તપસા તીરથ કરે, પંજભુ જીતીને ભાવસું મરે;
પરમ હંસા પર ઉપગારી જેહ, સોહાગ વઇરાગી કહીએ તેહ,

જુગત અહારી મારે કામ, રૂપ સુરંગી લેવે નામ;
સુણી શબદ જે સીરસું સહે, પરેમ પીડા પીયુસું રહે,
દોનું જંતર તુંબા તાર, કહે ગુર સોહેાદેવ સોહી વેરાગી અપરમ પાર.

વીશનવ તેજે વરજ વેરે, સતગુર વચને જીવતા મરે,
પરેમ ભગતી પકરે જોય, પોથા પોથી કરે ન કોય;
પરેમ પરકાસી વાએ તાલ, ઘટ ઘટ દેખો એક દયાલ,
તલક તુલસી તન મન લાય, ધર બેઠા ગુણ ગોવીદનાં ગાય,
પરેમ દયા પરીત પાલે જેહ, કહે ગુર સોહેાદેવ સાચા
વીશનવ-કહીએ તેહ.

જંગમ તે જે જુગતે જાય, દેવલ પુજે તીરથ નાય,
સતગુર વચને નામે સીસ, તો ઘટ કલા પુરણ જગદીસ;
અંતર આવી બોલે આપ, તો નીસીજલ હોવે નાસે પાપ,
શામ તણી જો લેવે ગુફા, સાચા જંગમ સોઇ નફા;
કામ ક્રોધને દેવે ગુરની આણ, સો જંગમ આ જુગ પરમાણ,

સતગુર કહે મઝેં સબ જુગ જોય, એસા જંગમ વીરલા કોય. ૫

જોગી તે જે પાલે જોગ, પાડે પીંડ ને સાધે જોગ,
અઉઠ પાટણ માંહે ભીખીયા કરે, કાયા કંથા મન જોગસું ધરે;
જોગી સનાસી મન સુધ કરે, પાંચ કાલ કાલા પર હરે;
પાંચ તતવ કલા સીર ધરે, કહે ગુર સોહેાદેવ સેા જોગી દેાય તડ તરે. ૬

સનયાસી તે જે સીવને ભજે, માયા મેાહેા ત્રીસના તજે,
સીલ સંતેાખી ભીખીયા ખાય, આસન છેાડી ઓર કહીં ન જાય;
ભાવ ભજુતી ભીતર લાય, કહે ગુર સેાહેાદેવ સાચા
સનીયાસી–સેાહી કીલાય. ૭

મુની તેજે મનસું રહે, અવર વચન કછુ નહી કહે,
શીવ નગર માંહે આસન કરે, સુન મંડલ માંહે ધીયાનજ ધરે;
દેવ આનંદ લાવે ધુની, કહે ગુર સેાહેાદેવ સાચા કહીએ સેાહી મુની. ૮

જધની તેજે જગપતને જપે, દેવલ દીલ માંઝેલેા ખપે,
જધ જુગતની પીવે ગુલી, તેા કીધા કરતવ જાય બલી;
પરગટ દેવને પુજે જોય, કહે ગુર સેાહેાદેવ સાચા જેની–કહીએ સેાય. ૯

ભીરમચારી તે જેના ભાગા ભરમ, ભીરમ કીરીયામાં બાલે કરમ,
ગુર ઉપદેસે લાધું ગીનાન, અંતર આતમાં ભીરમ સમાન;
આહાર વેવારે જુગતે જાય, કહે ગુર સેાહેાદેવ સાચા
ભીરમચારી–સેાઈ કીલાય. ૧૦

સતી તે જે ન રાખે આપ, ભીરમ કુંડમાંહે હેામે પાપ,
મન તજે મન સુધ ધરે, સાચી સીધી તરપણ કરે;
પાંચ વીધીનું જાણે મરમ, તે છુટે ચેારાસી કરમ,
ગાયત્રીના જાણે મરમ, કહે ગુર સેાહેાદેવ તેણે સતીએ લાધેા
સત ધરમ. ૧૧

ભરામણ તે જે પાલે ભીરમ, અને ભીરમ કીરીયા માંહે બાલે કરમ,
ગગન મંડલ માંહે ધરે ધીયાન, પરવરતીનું ન લેવે દાન;
ગાયત્રીનું જાણે જાપ, કહે ગુર સેાહેાદેવ ભરામણ વઈસ તે આપેા આપ. ૧૨

પંડત તે જે પડે પુરાણ, બીજુ તેજે નીશ્ચે જાણ,
પુરખ ઉતમ સું લાવે પીરીત, આસા ત્રસના બંધસું રહીત;
પીંડ ભીરમંડની કથા સંભલાવે જેહ, કહે ગુર સેાહેાદેવ

સાચા પંડત-કહીએ તેહ. ૧૩

સુફી તે જે સેવે સુબહાન, નેકી બદી ન લેવે નામ,
ખુદા સાથે લાવે ધીયાન, અલ્લાહ મહમદ એક પીછાન;
સત અહારી સત બાંધે મોય, કહે ગુર સોહેદેવ સાચા
સુફી-કહીએ સોય. ૧૪

ઝંડા તે જે જપે જાપ, જીકર ફીકરમાં રહેવે આપ,
ભાગે ભુખ એહી કલામ, નબી સારૂં કરે સલામ;
પર વસતશું અંધા થાય, કહે ગુર સોહેદેવ સોહી ઝંડા બ્રહ્મસતી કીલાય. ૧૫

કાજી તે જે કલમા પડે, દીલ પાક સાહેબસું રહે,
હક હલાલ કરે હજુર, સો કાજી ખુદાકા નુર;
પાંચ ભીતર રાખે સાજી, કહે ગુર સોહેદેવ સાચા કહીએ સોહી કાઝી. ૧૬

મુલાં તેજે મુંહસે આપ, કરે જીકર ખુદાકા જાપ,
પડે કલમા ને કીતાબ કુરાન, અલ્લાહ બીના ન બુજે દુજા નામ;
જઈ મીસીતે દેવે બાંગ, જેમ આપ ન સુને કાનો કાન,
પાંચ વખત નીમાઝજ કરે ભલા, કહે ગુર સોહેદેવ સાચા
કહીએ સોહી મુલાં. ૧૭

મુસલમાન તે જે મુહસે આપ, પડે કલમા દીલ રહીત પાપ,
હરામ ખોય ને ચાલે હક, ભજ રહે જે એક અલખ;
ગીનાન જલ માંહે ગુસલજ કરે, સોલ કલા માંહે રોજા ધરે,
અરધો અંગ મીસીતજ ખરી, તે માંહે રહી નીમાઝજ કરી,
સુજદા સાથે લાવે ધીયાન, કહે ગુર સોહેદેવ સાચા સોહી મુસલમાન. ૧૮

પતીવરતા તે જે પીયાકે પાસ, સતગુર શબ્દે રહે ઉદાસ,
આદર અભીઆગત આવે ઘેર, કહે ગુર સોહેદેવ પતીવ્રતાની સુધી પેર. ૧૯

મોટું તીરથ હરીનું નામ, હરીજન આવે તેને દીજે માન,
આદર ઉલટ અંગ ન માય, જેમ પરભાતે ગંગજ નાય;
હરી હરીજન એક સમાન, કહે ગુર સોહેદેવ મોટું તીરથ હરીનું નામ. ૨૦

વરતઆરી તે જે મન વારીઉં કરે, કામ કરોધ નીંદા પરહરે,
જીહીયા જુઠ ન બોલે જેહ, નીત નીત નામ સોહાવે તેહ;
ગીનાન ગુણમાંએ મુગતા થાય, કહે ગુર સોહેદેવ સાચા
વરતીયા સોઈ કીલાય. ૨૧

ધરબારી તે જે ઘર માંહે રહે, સોલ કલા સીર ભારજ વહે,
સરવ તન હુંસ કેરી આસ, દીજે સુભાગ જાય નીશસ;
મન માંહે હરીયા ધરીએ હેત, જેમ ભાદરવે હરીયા ખેત,
જપ તપ તીરથ નહી ગુરની આણ, વણ શબ્દે વીગુતા ચારે ખાણ;
દીક્ષા દાન અધીક બહુ દાન, કાથા ચુના વીના પાન,
લખ ચોરાસી ઘર માંહે ગયા, પોતી આવરદા ઠાલો થયા;
લખ ચોરાસી ઘેરી દેહ, જેમ દીવાલીએ ઉઠા મેહ,
ચેતો નહીરે ચીત માંહે ધરી, જેમ સમુદ્ર માંહે સાંખજ પડી;
બધરી મોમાં ગલીઆ બુંદ, કહે ગુર સોહોદેવ સાચ વીના એક
કાજ ન સીધ. ૨૨

સતગુર કહેરે મોટો મરમ, જે ચેતીયા ગરસથાધરમ,
ખટ દરસન માંહે સરવે સંસાર, બીન દરસન નહી પામે પાર. ૨૩

દેવલ પુજે ને તીરથે જાય, નીત સનાન સરોવર નાય,
કરે માલા ને ધરે ધીયાન, થીર નહી મન તો કરમ ગીનાન. ૨૪

કશટે કાયા ને કરે અપવાસ, તે સુના મીંદર ઉજડ વાસ,
ખટ દરસન માંહે મલે ધરમ, ચાલ ન છુટે લેવે કરમ. ૨૫

જો મન જાણે ઘટ વીચાર, ગયા નીર ને બાંધે પાર,
સુકા સરોવર કમલ માંહે, પણ વણ નીરે વીકાસ ન થાય. ૨૬

જીવ રદેહ માંહે કરો વીચાર, ભુલે દરશન નહી પામે પાર,
જુઠી દુનીયાનો લાગો લોભ, તરવા કારણ ન દેવે થોભ. ૨૭

વણ વીસવાસે કરે ભરથાર, તે રાંડી નહી સોહાગણ નાર,
તે જીવ સરવે એરે જાય, નવસા પાખે મુલ ન પાય. ૨૮

જેણે નવસાનો જાણીયા ભેદ, તે ઘાત એકનો ભણે ઉપવેદ,
જેણે દરશનની જાણી ઘાત, તે છુટા ચાલીયા સાચી વાટ;
સતના બાંધીયા જાય જેહ, જેને ભીરમ રસના લાગા નેહ,
તેની રદેહે કમલ માંહે ઉગીયા ચંદ, જેણે પાંચે બાંધીયા બંધ. ૨૯

મુખ કમલથી ન બોલે ફાલ, અસતની મુકે સગલી ચાલ,
જેણે કેવલ જાણીયા ભીરમ, દીસે દુનીયામાં તેને નહીરે કરમ. ૩૦

કરમ સુતક જે હોતા ચાર, તે રખીયા દરશન ને ઉતરીયા પાર,
મોટો મારમ દરસન જાણ, ફેરો ભાગે ચારે ખાણ. ૩૧

સતગુર કહેરે સાચું હોય, સાત દરસન જાણે વીરલા કોય,
પહેલું દરશન પુજીએ પાટ, બીજું દરસન સત સોહાગ. ૩૨
ત્રીજું દરસન આતમા સમાન, ચોથું દરસન ગુર મુખે દીજે દાન,
પાંચમું દરસન ભીરમ ગીનાન, છઠું દરશન ગત ગંગાનું સનાન. ૩૩
સાતમું દરસન અજપીયા જાપ, મારી મનથી કાઢો પાપ,
કહે ગુર સોહિદેવ આગમ ભેદ, જે જાણે અગમ વીચારે વેદ. ૩૪
વેદ વીચારે લખે અલખ, તેને દરસન છે સનમુખ,
પડો પંડીતો કરો વીચાર, કીતો ઉપનું દરસન સંસાર. ૩૫
ભયા ભીરમા હરી આપ અપાર, અલખ નીરંજન નીરાકાર,
નહી માત ને નહી તીસ તાત, નહી દીવસ ને નહી તીયાં રાત. ૩૬
નહી થા ચંદા નહી થા સુર, નહી તારા મંડલ એક થા નુર,
નહી ધરતી ને નહી આકાશ, નહી મેર ને નહી કેવલાશ. ૩૭
ધંકુકાર માંહે ધીયાનજ ધરી, છત્રીસ જુગ ચોરાસી ચોકડી,
આપસ માંહેથી ઉપાયો હેત, તતવ રચીયો એક ભીરમજ ખેત. ૩૮
વર દાતા હુઆ અગમ, તારે ભીરમાને થયો હુકમ,
દેવ ભીરમા વસે છે નુર, તારે સીરજીયા ચંદા ને સુર. ૩૯
ઉતપુત રચના પરીભીરમ, ચારે વરણ ને ખટ દરસન,
નુર નીરવાણ ઝળકીયા તન, તીયાંથી ઉપનાં રૂહ રતન. ૪૦
ન હોતી માયા ન હોતા જોગ, ન હોતા કરમ ન હોતા ભોગ,
કહો પંડીતો વીચારી વેદ, કરમ ધરમનાં કેમ પડીયા ભેદ. ૪૧
ભયા ભીરમા જોગ માયા ધરી, ચાર ખાણ તે સરખી કરી,
સીતેજ જરેજ ઈંડજ જાણ, ચોથી રચી ઉદભોજજ ખાણ. ૪૨
લખ ચોરાસી જીવ પરમાણ, રચના રચી તે સારંગ પરાણ,
માયા મોહ બહુ કીધા રંગ, સરવ જીવ લાગા તે ઢંગ. ૪૩
તેણે મારૂં કહીઉં મુજ પાસે રહયું, તારે જીવને કરમજ થયું,
તે માંહેથી એટલું કરી, જે કોઈ સમરીયા સીરી નર હરી. ૪૪
તારૂં છે ને કરતા તું, જીવ દયાસું રાખું હું,
એવું વીચારીને ધરીયા ધીયાન, તે પદ પામીયા અમરાપુરી ઠામ. ૪૫

ચતુર કલપનું મંડાણ.

ભયા ભીરમાજી તું સત કરી જાણ, કરતા હરતા સીરી નારાણ. ૪૬
વીશનવે વીચારીજ ધરીયું ધીયાન, કલપ ચતુરનો માંડીયો મંડાણ. ૪૭
પહેલા કલપ માંહે કીધું કામ, તારે ભીરમાને આલીયો ફરમાન. ૪૮
તેડી ભરમાને કહીઉં કીરતાર, તેજ અમારૂં કરો વીસતાર. ૪૯
વચન હરીનાં મુસતક ધરી, પહેલા કલપ માંહે ગુર ભરમાજીએ
શેસટજ કરી. ૫૦
ગુર ભરમાજીને આલીઓ પાટ, અમર ભેદની દેખાડી વાટ. ૫૧
તારે રૂગ વેદનાં માતમ કરીયા, ચાર રૂપ વીશનવે ધરીયા. ૫૨
હવ (૧) કવ (૨) ધરમ (૩) કેસવ (૪) સાર, ભગત ભણુતા નીરાકાર. ૫૩
કલપ દરસણ સંપુરણ થયા, તારે નવાણું કરોડ જખ અમરાપુરી ગયા. ૫૪
તારે સોલ જુગનું વાલીયું નામ, તારે પાણી ચડીયું ધ્રુ આસમાન. ૫૫
તારે પડીયા પંડીત સરવે સમાપત થયા, તીયાં ભીરમા વીશનું
મહેસર અમર રહીયા. ૫૬
તારે ત્રન મુરતે મીલી વીચારીયું ગીનાન, તારે ગુર ભરમાને
આલીયો ફરમાન. ૫૭
તેડી ભીરમાને કહીયું કીલતાર, તેજ અમારૂં કરો વીસતાર. ૫૮
વચન હરીનાં મુસતક ધરી, બીજા કલપ માંહે ગુર ભરમાજીએ
સેશટજ કરી. ૫૯
ગુર ભરમાને આલીયો પાટ, અમર ભેદની દેખાડી વાટ. ૬૦
તારે જુજર વેદનાં માતમ કરીયા, તીયાં ત્રન રૂપ વીશનવે ધરીયા. ૬૧
(૧) તવઉણાદ (૨) ઉતરા (૩) હરીતક તે, દરસન જાણી ધીયાયા જેહ,
અમર ભેદ મુનીવર પામીયા તેહ. ૬૨
સત વદન ગુણ કલપ સંપુરણ થયા, છપન કરોડ મેઘ અમરાપુરી ગયા. ૬૩
તારે બાર જુગનું વાલીયું નામ, પાણી ચડીઓ ધ્રુ આસમાન,
તારે પડીયા ચીંડ સમાપત થયા, તીયાં ભરમા વીશનું મહેસર રહીયા. ૬૪
તારે પખાલી પીરથવી કીધી પાક, ચતુર ગુણની રહી છે સાંખ. ૬૫
સત દીત ને ખમીયા કરો, જે કોઇ સમરીયા સીરી હરી. ૬૬
વલી વીચારી વીશનવે ધરીઉં ધીયાન, ગુર ભરમાને આલીયો ફરમાન. ૬૭

તેડી ભીરમાને કહીયું કીરતાર, તેજ અમારો કરો વીસતાર. ૬૮
વચન હરીનાં મુસતક ધરી, વલતા ભરમાજી બોલીયા ફરી. ૬૯
સામી અમે જુગ માંહે જઈને કરીએ જુગત, જે જીવને
સામી આલો મુગત. ૭૦
વલતાં ભરમા પરતે બોલીયા હરી, અમે જુગ માંહે આવસું
રૂપ અગોચર ધરી. ૭૧
તે દરસન અમારો ઓલખસે જેહ, મુગતા થાસે ભીરમાજી તેહ. ૭૨
એવો કોલ લઈ ભીરમાજી આવીયા, બત્રીસ કરોડ જીવ નીમીયા તીયાં. ૭૩
ગુર ભીરમાને આલીયો પાટ, અમર ભેદની દેખાડી વાટ. ૭૪
તારે શામ વેદનાં માતમ કરીયા, તારે બે રૂપ વીશનવે ધરીયા. ૭૫
પરૂરવા (૧) અંતઅતીત (૨) તે રૂપ જાણી ધીયાયા જેહ, અમર
ભેદ મુનીવર પામીયા તેહ. ૭૬
લગવણ કલપ સંપુરણ થયા, બત્રીસ કરોડ કીનર અમરાપુરી ગયા. ૭૭
તારે આઠ જુગનું વાલીઉં નામ, પાણી ચઉએા ધરૂ આસમાન. ૭૮
તારે પડીયા પીંડ સમાપત થયા, તીયાં ભીરમા વીશનું મહેસર
અમર રહીયા. ૭૯
પખાલી પીરથવી કીધી પાક, ચતુર ગુણની રહી છે સાંખ. ૮૦
સત દીત ને ખમીયા કરી, જે કોઇ સમરીયા સીરી નર હરી. ૮૧
વલી વીચારી વીશનવે ધરીયો ધીયાન, ગુર ભીરમાને આલીયો ફરમાન. ૮૨
તેડી ભીરમાને કહીયું કીરતાર, તેજ અમારૂં કરો વીસતાર. ૮૩
સામી અમે જુગ માંહે જઈને કરીયે જુગત, જે જીવને સામી
આલો મુગત. ૮૪
વલતા ભીરમાજી પરતે બોલીયા હરી, અમો જુગમાંહે આવસું
રૂપ અગોચર ધરી. ૮૫
તે રૂપ અમારૂં ઓલખસે જેહ, મુગતા થાસે ભરમાજી તેહ. ૮૬
એવો કોલ લઈ ભરમાજી આવીયા, જીવ તેત્રીસ કરોડ નીમીયા તીયાં. ૮૭
તારે ગુર ભરમાને આલીયો પાટ, અમર ભેદની દેખાડી વાટ. ૮૮
તારે અથર વેદનાં માતમ કરીયા, એક રૂપ વીશનવે ધરીયા. ૮૯
પરેમરૂખ (૧) તે દરસણ જાણી ધીયાયા જેહ, અમર ભેદ
મુનીવર પામીયા તેહ. ૯૦
સતવાર કલપ સંપુરણ થયા, તારે તેત્રીસ કરોડ દેવ અમરાપુરી ગયા. ૯૧
ચંતુર જુગનું વાલીઉં નામ, પાણી ચડીયો ધરૂ આસમાન. ૯૨

તારે પડીયા પીંડ સમાપત થયા, તીયાં ભીરમા વીશનું
મહેસર અમર રહીયા. ૯૩
પખાલી પીરથવી કીધી પાક, ચતુર ગુણની રહી છે સાખ. ૯૪
સત દીત ને ખમીયા કરી, જે કોઈ સમરીયા સીરી નર હરી. ૯૫
ચતુર કલપ સંપુરણ થયા, નવાણુ કરોડ જખ છપન કરોડ મેઘ
બત્રીસ કરોડ કીનર તેત્રીસ કરોડ દેવ અમરાપુરી ગયા. ૯૬

ચાર જુગનું મંડાણ.

વલી વીચારી હરીએ ધરીયો ધીયાન, કન્યા ઉપની સારંગ પીરાણ. ૯૭
બેઉ કર જોડી ઉભી રહી, અને વચન વીચારી વીશનવે કહી. ૯૮
આગે કામની કરે સણગાર, કાને કુંડલનો જલકાર. ૯૯
બહુ બલવંતી રૂપ અપાર, ચરણે નેવર અતી સાર. ૧૦૦
બોલે બાલી હીરખે ભરી, કોલ અમને આલો સીરી હરી. ૧૦૧
વીશનવે વીચારી વાણી કહી, સકત સંતોખી સમાપત થઈ. ૧૦૨
એવો શકતી રૂપ રચીયો સંસાર, ચોકડી એક ને જુગ છે ચાર. ૧૦૩
તેડી ભીરમાને કહીયા કીરતાર, તેજ અમારૂં કરો વીસતાર. ૧૦૪
વચન હરીના મુસતક ધરો, અને વલતા ભીરમાજી બોલીયા ફરી. ૧૦૫
અમે જુગ માંહે જઈને કરીએ વાણ, જો કુલ ઓધરે ચારે ખાણ. ૧૦૬
તારે ભરમા પરતે બોલીયા સીરી હરી, અમે આવસું જુગ
માંહે રૂપ અગોચર ધરી. ૧૦૭
તે ફરસન જાણી ધીયાવસે જેહ, મુગત થાસે ભીરમાજી તેહ. ૧૦૮
એવો કોલ લઈ ભરમાજી આવીયા, તારે ચારે ખાણ ઉત પુત કરીયા. ૧૦૯
પહેલો જુગ સત જુગ થાપીયા, તારે પનર કરોડ જીવ નીમીયા. ૧૧૦
તારે ગુર ભરમાને આલીયો પાટ, અમર ભેદની દેખાડી વાટ. ૧૧૧
રૂગ વેદનાં માતમ કરોયા, તીયાં ચાર રૂપ વીશનવે ધરીઆ. ૧૧૨
મછ કછ વારા નરસી જપાવીયા જાપ, તેના કુલ ઓધરીયા
માઈ ને બાપ. ૧૧૩
તારે પહેલાજે કસણી લીધી આંચ, તારે પંનર માંહેથી પાકી પાંચ. ૧૧૪

કીરતા જુગ સંપુરણ થયા, પાંચ કરોડસું પહેલાજ અમરાપુરી ગયા. ૧૧૫
ત્રેતા જુગ માંહે આવીયા હરી, જુગ લાગું તે નરસી ફરી. ૧૧૬
વીતી વેલા ને પોતી વાત, જપે નરસી પણ ન જાણે ઘાત. ૧૧૭
તારે ત્રન રૂપ વીસનવે ધરી, રામ આવેઆ અજોધા પુરી. ૧૧૮
દસરથ રાયનાં માહા પંડીત તન, માતા વચને ચાલીયા વન. ૧૧૯
બાર વરસ ભોગવીયા વનવાસ, ભગત પરતીપાલ તે સામી અવીનાસ. ૧૨૦
તીયાં ગુર વીસેશરજીએ વાણી કહી, તારે એકવીસ કરોડ નીમેયા સહી. ૧૨૧
ગુર વીસેશરજીને આલીયેા પાટ, અમર ભેદની દેખાડી વાટ. ૧૨૨
તારે જુજરૂ વેદનેા માતમ કરી, તીયાં ત્રન રૂપ વીશનવે ધરી. ૧૨૩
વાએમણ ફરસરામ રામ જપાવીયા જાપ, તે કુલ ઓધરીયા
માઇ ને બાપ. ૧૨૪
તારે હરીચંદ્ર વેચાણા પુત્ર નારી સંગાત, તીયાં એકવીસ
માંહેથી પાકી સાત. ૧૨૫
ત્રેતા જુગ સંપુરણ થયા, સાત કરોડસું હરીચંદ્ર અમરાપુરી ગયા. ૧૨૬
દ્વાઆપુર માંહે આવીયા હરી, જુગ લાગું તે રામજ ફરી. ૧૨૭
વીતી વેલા ને પોતી વાત, જપે રામ પણ ન જાણે ઘાત. ૧૨૮
દ્વાઆપુર માંહે બે રૂપજ ધરી, કાન આવીયા તે મથુરાપુરી. ૧૨૯
કુલ દેવકીનાં છોડીયા બંધ, પીતા પરતે બોલીયા શબ્દ. ૧૩૦
તમે જાગેા વાસુદેવ બેઠા થાઓ, અમને લઇ ગેાકલ માંહે જાવેા. ૧૩૧
જાગેઆ વાસુદેવ રમે છે બાલ, દીઠેા રૂપ તે ભદન ગેાપાલ. ૧૩૨
કર ગીરહીને લીધેા બાલ, દીઠેા રૂપ તે કંસનેા કાલ. ૧૩૩
તારે ભાગી ભુગલ ને ઉઘડીયા દુઆર, તેડી ચાલીઆ તેણી વાર. ૧૩૪
વેગે વેલા જઇને ગયા, જાઇ જમનાને તીરે રહીયા. ૧૩૫
ગણુહણે જમનાં ને ઉછલે આહાર, વરસે મેહ અખંડ ધાર. ૧૩૬
તારે ઇંદ્ર માહારાજની દીધી આણ, તારે બારે મેઘ કરે પરણામ. ૧૩૭
તારે રહીઆ મેઘ ને થંભીયા નીર, વાસુદેવ ઉતરીયા જમનાને તીર. ૧૩૮
તારે આહીરૂં માંહે આવીયા કાન, નંદ જસેાદાએ દીધેા માન. ૧૩૯
તારે ગેાકલ માંહે આવીયા હરી, ભગતુને ઘેરે મુનેરી ફરી. ૧૪૦
ગુર વીધરવેઆસે વાણી કહી, તારે સતાવીસ કરોડ નીમીયા સહી. ૧૪૧
ગુર વીધરવેઆસને આલીયેા પાટ, અમર ભેદની દેખાડી વાટ. ૧૪૨
તારે શામ વેદનાં માતમ કરીયા, તીયાં બે રૂપ વીસનવે ધરીયા. ૧૪૩
સીરી કીરસન સીરી બુધ જપાવીયા જાપ, તે કુલ ઓધરીયા

માઈ ને બાપ. ૧૪૪

પાંઢવે તીયાં ભગતી કરી, ગુર વચન સીર ઉપર ધરી. ૧૪૫
તારે દુરજોધન સાથે રમત રમીયા, હરાવી રાજ ને વન માંહે ગયા. ૧૪૬
બાર વરસ ભોગવસો વનવાસ, છતા થાસો તો રાખસું દાસ. ૧૪૭
વચનનાં બાંધીયા સતી વન ગયા, ત્યરે બાર વરસ સંપુરણ થયા. ૧૪૮
પોતી અવસ્ત્ર ને વલીયા ભુપ, તારે ભીમ થયા વીકરાલજ રૂપ. ૧૪૯
ફેરવે ગદા ને વારે કુંતાજી માય, તમે ખમીયા કરો ભીમસેન રાય. ૧૫૦
તારે જુજેશઠણને પુછે વાત, કહે કરોધ મુખે ન કીજે તાત. ૧૫૧
એવી જુજેશઠણે વાણી કહી, મનની વાત તે મનમા રહી. ૧૫૨
તમે ધરો સબુરી ને ખમીયા કરો, અવસર નથી ભીમ શુરા તણો. ૧૫૩
તારે ઓચરે ભીમ સુણો ધરમજ રાય, અવસર આવીયો
કેમ ચુકીયે દાય. ૧૫૪
તમે દુરજોધનને સંભલાવો આજ, અમે મુરત લીધું બેસવા રાજ. ૧૫૫
તારે દુરજોધનને થયું છે જાણ, ઉઠી જાલ ને ભાગા ગરાણ. ૧૫૬
તારે પીરાકરમ બોલીયા દુરજોધન રાય, અમ બેઠે તમે રાજ કેમ થાય. ૧૫૭
ભડ ભીમ તું એકલો આજ, અમે સોહો જીવતા કેમ આલીયે રાજ. ૧૫૮
ઇયા પાંચે પાંઢવ તીયાં બોણ અઢાર, સુરા હસતી ગજંધર સાર. ૧૫૯
તારે ભીમે ફેરવી ગદા ને ઉઠી ધમકાર, નવતેરી જુધ થાય અપાર. ૧૬૦
તારે રાય રાણા તીયાં ઉભા જોય, ભીમ સમોવણ થાય ન કોય. ૧૬૧
ફેરવે ગદા રૂકની જેણ, તારે દ્રૂપતી કેવરાવી બોકલે વેણ. ૧૬૨
સેન શગલું કીધું પરકાશ, હરાવી કોરવને લીધું રાજ. ૧૬૩
તારે કોરવ જીતીને આવેઆ રાય, સનમુખ થયા તે કુંતા માય.
હે રાજા તમે કેહેવાઓ છો ધરમ, સોહો ભીરાત મારેઆનો તમ
સીર કરમ. ૧૬૫
અરે પાંઢવે શું કીધી મોટ, કુલ હતેયાની લીધી ખોટ. ૧૬૬
હવે તેડી પાંઢવાને પુછો આજ, ઉતારો હતેયા કે મેલો રાજ. ૧૬૭
તારે રાજા મન વીમાસણ થઈ, તેડી પંડતુને પુછીઉં સહી. ૧૬૮
તારે તેડી પંડતુને પુછીયો પ્રશ્ન, અમે મારીયો દુરજોધન. ૧૬૯
તારે ઓચરે ભીમ સાંભલો ધરમ રાય, વાઢ વઢયાનો પાપ ન લેખાય. ૧૭૦
તારે પડી પંડતે કહેયા ભેદ, જગન કરો તમે અસવ મેદ. ૧૭૧
તારે લઈ રાજાને મીંદર ગીયા, તારે રથે બેસી કીરસનજી આવીયા. ૧૭૨
તારે ઓચરે કીરશનજી સાંભલો ધરમજ રાય, અમરત મેલી

વીખ કોણ ખાય. ૧૭૩
કહે લાવો ઉદકને મેલો મારે હાથ, કોરવ હતેયા તે અમને પાપ. ૧૭૪
તારે વલતા બોલેઆ રાજા ધરમ, સામી પુજીએ પાંય તેને કેમ
દીજીએ કરમ. ૧૭૫

તારે કીરસનજી બોલીયા સત ભાય, અવસર આવીયા રખે ચુકો દાય. ૧૭૬
તારે ભાવ જોઇ વલીયા ભગવાન, આવે અભીઆગત તેને દેજો માન. ૧૭૭
તારે રાજા જુજેશઠણ રલીઆતજ થાય, તારે ઘર ઘર ઓછવ
મંગલ ગાય. ૧૭૮

તારે તેડી સોહેદેવ પુછી પેર, ભીમ મોકલીયા ભીરામણને ઘેર. ૧૭૯
તારે ઓચરે ભીમ જગન માંઢીયો અસવ મેદ, તમે ચાલોરે
ભીરામણ વાંચો વેદ. ૧૮૦

તારે ભીરામણ આવીયા બહુ અસત, અણાવી અસવ ને બાંધીયો ઘટ. ૧૮૧
તારે રચી બદરાસણ બેઠા ઘર માંહે, તીયાં ભીરામણને દાન
હેમના અલાય. ૧૮૨

તીયાં અન વસત્ર નીજ લેખ, તીયાં ભાવતા ભોજન મુદરકા એક. ૧૮૩
તીયાં અન પાણીની પરમાહ વહે, તારે ભીમ જાઇને પીરોલે રહે. ૧૮૪
તેડી ભીમ ને રાય સીખામણ દેય, માંગે પાણી તેને પાજો પેય. ૧૮૫
આવે અભીઆગત તેને દેજો દાન, પુજા કરીને દેજો માન. ૧૮૬
તારે ગદા સાહી ભીમ પીરોલે રહીયા, તીયાં જગન જોઇ
અભીઆગત આવીયા. ૧૮૭

ઓચરે ભીમ તમે ઉભા રહો, જે જોઇયે તે અમને કહો. ૧૮૮
આલું અન ને આલું દાન, આલું હસતી ઘોડા વાહન. ૧૮૯
ઓચરે અભીઆગત ભીમ ગટાતજ છેહ, પણ એવી દુરબલ
છે અમારી દેહ. ૧૯૦

અમારે ન જોઇએ અન ન જોઇએ દાન, ન જોઇએ હસતી ઘોડા વાન. ૧૯૧
અમે રાજા સતવાદી સાંભલીયો છે ઘણું, એ દરસન કરો
અભીઆગત તણું. ૧૯૨

પુરવ જનમનાં જાય પાપ, આવીયો અભીઆગત મેં આપોહી આપ. ૧૯૩
અમે રાજા સતવાદી સાંભલીયો છે સહી, અમે દરસન કરીએ
જગન માંહે જાઈ. ૧૯૪

તમારો જગન જાણી આવીયો છું ઇયા, આવે રાજા કાં તેડાવે તીયાં. ૧૯૫
ઓચરે ભીમ તમે વાર કહો, પણ ઘડી બે ઘડી તમે ઉભા રહો. ૧૯૬

અમે જાઇ જગનમાં કરીયે જાણ, તમે આગે આવો તો રાજા
ધરમની આણ. ૧૯૬
આણ દઇને ભીમ જગનમાં ગયા, અસવ મેદ કરતા રાજા ઉઠેયા. ૧૯૮
દીઠા ભીમ રાય ઉભા રહીયા, કહોરે ભીમ તમે કેમ આવીયા. ૧૯૯
વલતા ભીમે વચનજ કહીયા, આવીયા અભીઆગત તે પીરોલે રહીયા. ૨૦૦
ન લેવે અન ન લેવે દાન, ન લેવે હસતી ઘોડા વાન. ૨૦૧
કહે રાજા સતવાદી સાંભલીયો છે ઘણું, દરસન કરો અભીઆગત તણું. ૨૦૨
કહે પુરવ જનમનાં જસે પાપ, આવીયા અભીઆગત આપોહી આપ. ૨૦૩
રાજા સતવાદી સાંભલસે સહી, અમે દરસન કરીયે જગન માંહે જઇ. ૨૦૪
અમે તારો જગન જાણી આવીયો છું આજ, તેહાવે અમને
કાં આવે રાજ. ૨૦૫
એવા વચન સુણી રાજા અંચબે થય, ભાઇઓરે કરસન નાથ આવીયા. ૨૦૬
ભીમ તમે વેગે વેલા જાઓ વલી, રખે અભીઆગત જાય પાછો ફરી. ૨૦૭
તમે જાઇ અભીઆગતનું આદર કરો, જે માંગે તે આગલ ધરો. ૨૦૮
આવે છે રાજા નથી વાર, તમને મલવા આદર કરે છે અપાર. ૨૦૯
ભીમ પીરોલે મોકલી રાજા જગન માંહે ગયા, વેદ વાંચતા
ભરામણને પુછેયા. ૨૧૦
તારે રાજા ભરામણને કહીયા, આવીયા અભીઆગત પીરોલે રહીયા. ૨૧૧
રાજા દરસન માંગે છે દાન, દુરબલ દેહીને મુખે ગીનાન. ૨૧૨
ઓચરે ભીરામણ રાજા તમે કેવા છો ધરમ, પણ સુણો સતવાદી
રાજા ન લીજીએ કરમે. ૨૧૩
હે રાજા તમે વેલા શું થાઓ, અધુરો જગન મેલી રાજા તમે
કેમ જાઓ. ૨૧૪
રાજા મન વીચારીને રાખી વાત, આગના આલી ભરામણને સહુ સાથ. ૨૧૫
તારે ભરામણ હુતો ચીંતા ગુણ થયા, ફરીને રાજા પીરીતે બોલીયા. ૨૧૬
વારૂં વારૂં અભીઆગતનાં દરસન કરો, પણ અમારી વાત તે
ચીંત માંહે ધરો. ૨૧૭
વલાઓ છાર ને છંટાવો નીર, તીયાં પથરાવો પટકોલ ચીર. ૨૧૮
તે ઉપર રાજજી ચાલીયા જાઓ, પુઠલ ભરામણ વેદ ભણાઓ. ૨૧૯
એણી પરે અભીઆગતનાં દરસણ કરો, આગલ પડદા ગલીનાં ધરો. ૨૨૦
તે અભીઆગત દુર મુખ સાંભલે છે ઘણું, શરીર ન દેખાડો
રાજજી આપણું. ૨૨૧

રાજા અભીઆગતને મલવાનો આદર કરે, અણાવી સયેલા
ને પડદા ધરે. ૨૨૧
-તે ઉઠા પડદા ને પીશેલે ગયા, તારે વેદ ભણતા ભરામણ રહીયા. ૨૨૩
તીયાં ગલીના પડદા ઉજલા થયા, તારે મીલછ રૂપ સઘલે દેખીયા. ૨૨૪
તારે નાઠા ભરામણ દેા દીસ ગયા, રાજા અભીઆગત એકાંતે થયા. ૨૨૫
* મુખ ચંદા પગ વાંકા જાણ, પગે કેાસ ઘેરે છે દીવાન. ૨૨૬
તીયાં ધીયાન ધરી સીરી બુધ ઉભા રહીયા, દંડવત કરીને
રાજા પગે લાગીઆ. ૨૨૭
રાજા જુજેશઠણ રલીઆતજ થયા, ધન ધન અભીઆગત આવીયા. ૨૨૮
સામી પધારીયા પાંઢવાને ઘેર, કેારવ હતીયા ઉતરે તેણી ઘેર. ૨૨૯
આવતા અભીઆગત એાચરે મરમ, જેની માતા પતીવરતા
અને પીતા ધરમ. ૨૩૦
તેને ન લાગે રાજા કરમ, જે જાણતા હતા સકલ વેદનેા મરમ. ૨૩૧
તમે જાણતા હતા સકલ શાસ્ત્રનેા ભેદ, તેા તમે ગુર વચન લેાપી
કેમ માંડીયેા અસવ મેદ. ૨૩૨
તેમાં તે ગુર હતીયા તમને લાગી હેા રાય, જો સેાવને હાથી
આલેા તેાય પાપ ન જાય. ૨૩૩
ગુર લેાપી તે માહા પાપી જાણ, ગુર ઉપવેખી તે માહા
દુખીયા નીરવાણ. ૨૩૪
તારે તમે સાંભલેા રાજા ધરમ, કરેાડ કરેાડ જગન કીજીએ તેાયે
ન છુટીએ કરમ. ૨૩૫



* અહીથી રાગ ફરે છે.

ખટ દરસનની વેલ.

તારે રાજાને મન ચીંતા ઉપની, હવે શી થાયસે ઘેર,
પાવન કરવા પાંડવા, સામી પધારીયા ઘેર. ૧
તારે વલતા તે રાજા ઓચરે, અને સાંભલેા કહું સત વાત,
પુત્ર વણસીયેા પીતા તણેા, ખમીયા કરેાને માત. ૨
તારે ફરી અલીઆગત ઓચરે, અને સાંભલેા રાજા ધરમ,
રીસ અમારી ઉતારવા, તમે બેાલીઆ સત વચન. ૩
તમારેા જગન જાણીને અમે આવીયા, તમે પાંડવ સરીખા ભેદ,
ગુર હતીયા તમારી ઉતરે, જો જગન કરેા ગઉ મેદ. ૪
તારે રાજાને મન ચીંતા ઉપની, અને દીલસું કરે વીચાર,
હવે ધરમ ભાંગેા ખત્રી તણેા, લેાક લાજ ને કુલ ગાર. ૫
તારે ફરી અલીઆગત ઓચરે, તમે સાંભલેા રાજા ધરમ,
આગનાં આલી અમે તમને, તમે કાંહે કરેા છેા વીલંબ. ૬
તારે વલતા તે રાજા ઓચરે, અને સાંભલેા કહું સત વાત,
વડ વડેરાને પુછીયે, અને પુછીયે કુંતાજી માત. ૭
તારે પરવાર પુછીયેા પીરેમસું, અને સાંભલેા સહુ વાત,
અલીઆગતે આલી આગનાં, તેની નહી દીવસ નહી રાત. ૮
તારે સેાહેાદેવ રાયને પુછીયું, પડેા પંડત કરેા વીચાર,
અધ વીચાલે નાવ ભાંગી, કહેા કેમ ઉતરસું પાર. ૯
તારે વલતા તે સેાહેાદેવ ઓચરે, દ્રૂપતીને પુછેા દડ,
વાગેસર વાણી એમ ઓચરે, જેને વદંને વરસે નુર. ૧૦
તારે રાજા થયા રવ રાતડા, દ્રૂપતીને પુછે વચન,
પરદખશણા કરીને પરણામ કીધા, તમે સાચું બેાલેા સતી જન. ૧૧
તારે વલતા તે દ્રૂપતી ઓચરે, તમે સાંભલેા કહું એક વાત,
અલીઆગતતે આલી આગનાં, તે છે આપણેા અપરાધ. ૧૨
રાય અસવ મેદ આરંભીયેા, અને કરમ ઉતારવાને કાજ,
તે પીરીત માટે હુરી આવીયા, તે ઘર વરવા માહારાજ. ૧૩
તમે હુરી તણેા સમેા નહી વરતેયેા, તમે સાંભલેા રાજા ધરમ,
સીરી કીરસનજીનેા વચન ઉથાપીયેા, તે લાગેા આપણને કરમ. ૧૪

આપ કરીને અલગા રહીયા, અને દીધો તે પાંડવાને સીર,
કલંક કારણ આપણે, સામી પધારીયા ઘેર, ૧૫
હવે સાથી થાઓ સહુ સાબદા, અને પાંચેય થાઓ એક વીર,
હરી સમરીયાની સાર થઇ, એણે પટકોલ પુરીયા ચીર. ૧૬
તારે લજ્જા તે રાખી લોક માંહે, દ્રૂપતીની પુરી આસ,
નવખંડ માંહે દેવ આવીયા, એમ જાણો હરી તુજ પાસ. ૧૭
હવે થાર ભરાવો સગ મોતીયે, ને વધાવો અલીઆગતને જાઈ,
કશટ ખાતે સંભારીયા, તો હરી આવીયા વન માંહે. ૧૮
આસા તે પુરી આપણી, અને પરતાપે કીધા પુન,
કીરસનજીયે પાત્ર પખારીયા, અને અદકું તે આલીયું અન. ૧૯
ભોજન તે આલીયા ભાત ભાતના, અને જેને જોઇયે તેને તેહ,
એવો આપ બલીયો સમરથ છે, સમરો સાર કરસે તેહ. ૨૦
પુરવ પુન પંડવા તણું, અને હરી પધારીયા આપ,
કલંક ઉતારવા કારણે, જપાવીયા અજપીયા જાપ. ૨૧
સંખા તે મનની આપણી, અને કહે છે સામી નાથ,
કામધેન વીરોધો પરેમસું, અને પુઠે મ જુઓ સઉ સાથ. ૨૨
હવે પકવાન કીજે પરેમનાં, જે આરોગે મારાજ,
કરમ તો સરવે ઉતરે, કરોડ જગતના સરસે કાજ. ૨૩
તારે રાજા વીચારીને આવીયા, અને લાગા અલીઆગતને પાય,
ભોજન પીરસીયા ભગવાનને, અને કહે કુંતાજી માય. ૨૪
તારે વલતા તે કર જોડી કુંતાજી ઓચરે, સામી તમે છો પરતીપાલ,
હવે ભોજન જમો તમે ભાવસું, તો છુટીયે કરમનાં કાલ. ૨૫
તારે વલતા અલીઆગત ઓચરે, તમે સાંભલો સતી જન,
કામધેન વીરોધો સઉ દેખતાં, તો જમીયે ભોજન. ૨૬
તારે પાંચે તે બંધવ પાઢવા, દ્રૂપતી ને કુંતાજી માત,
જે ગુર વાણી ઓચરે, તે સીર લીયો સઉ સાથ. ૨૭
તારે કામધેન આણી પુજવા, તે જોવા મલીયા સઉ લોક,
રાજા જો સંખા આણસો, તો બેસસે ગઉ દેશ. ૨૮
તારે પાંડવે ગઉમેદ આરંભીયો, અને વસ્ત્ર પેરીયા ગલી વરણ,
માથે મુગટ ચડાવીયા રતનના, ને લોકોને દેખાડીયા કરમ. ૨૯
તારે હસનાપુરી માંહે ફીરાવીયા, હરી આગલ થયા આપ,
નીંદા કરાવી સઉ લોકમાં, અને ઉતારીયા પાંડવાના પાપ. ૩૦

તારે ભીમ થયા રવ રાતડા, અને સામું જોયા ધરમ જેહ;
અમે પાત્ર વીસારીયું, જઈ લઈ આવો ભીમ તેહ. ૩૧
તારે તીયાંથી ભીમજ દોડીયા, અને આવીયા તે નગર છેહ,
નગરનાં લોક એમ ઓચરે, જે માણક વુઠા મેહ. ૩૨
તારે આંગણા તે વારે આપ આપણા, અને મુખે જપે સીરી ભગવાન,
એવું જો આપણે જાણતા, તો પુજતા ગઉ દાન. ૩૩
તારે નગર મધે નર નારી મલી, અને કરે તે એક વીચાર,
ચાર મોકલીયા ચાર દીસે, અને સોધવા પેલે પાર. ૩૪
તારે ભીમ તીયાંથી પાછો વલીયો, અને ઉલટ અંગ ન માંય,
રાજા ધરમને આલે વધામણી, પાંડવાની વાણી બોલાય. ૩૫
કાલા વસ્ત્ર થયા ઉજલા, અને પરચો દેખાડીયા ધરમ,
ગુર હતીયા એમ ઉતારીયા, અને ઉતારીયા કોરવાના કરમ. ૩૬
તમારો ધરમ જાણી ને અમે આવીયા, અને કીધા પાંડવના કાજ,
હવે સાથ અમારે આવસો, કે કરસો હસનાપુરી માંય રાજ. ૩૭
તારે વલતા તે પાંડવ બોલીયા, અમે બહુ રણ કીધા માહારાજ,
તે પાપ અમારા તમે ટાલીયા, હવે રાજસું નહી કાજ. ૩૮
તારે પાંડવને હરીયે આલી આગના, તમે જાઓ હીમાલે આજ,
બોલીયા ગલાવો બાકના, તો સરસે તમારા કાજ. ૩૯
બોલીયા જો મેલો બાકના, તો થાસે અમર દેહ,
વસ્ત્ર નુરાની પામસો, નીત નુરે તે વરસે મેહ ૪૦
પાંડવ હેમાલે ચાલીયા, અને રાજા તે માંગે કોલ,
સવા પોહોરનું વીખમ છે, આપણે મલસું અમરાપુરીને મોહોલ. ૪૧
તારે છ દરસન તો ગલી ગયા, રાજા જુજેશઠણ ગલીયો ન જાય,
એક સવાને આવીયો સરગથી, રાજા તે લાગા પાય. ૪૨
તીયાં આકાસ વાણી ઉતરી, સરવણે તે સુણીયા રાય,
વઈકુંઠથી વેમાન આવીયા, રાજા તે બેસી જાય. ૪૩
તારે વયકુંઠ માંહે રાજા સંચરીયા, જીયાં હતા પોતાનો પરીવાર,
બોલીયા તે જલકે નુરનાં, અને વસ્ત્ર નુરાની સાર. ૪૪
તારે રાજાએ મન વીચારીયા, સામી અમે સું કીધો અપરાધ,
જનમ મધે નથી જાણતા, જે બોલીયા આલ અસત. ૪૫
તારે વલતા ને અલીઆગત ઓચરે, તમે સાંભલો રાજા ધરમ તેહ,
જુદ્ધ મધે તમે જીતવા, જુઠો બોલીયા આણી દેહ. ૪૬

વે ખાક તણા જે ખોલીયા, તે જાઈ ભોગવો તમે વન,
નહી કાં હલા હલ અવની કુંઢ ઉકલે, તેમાં નાહો તો થાઓ પાવન. ૪૭
તારે રાજા મન માંહે કંપીયા, અને સીર કરે બહુ ત્રાસ,
ચરણ પખારીયા ચાલતા, કરોડ નવે અમરાપુરી વાસ. ૪૮
તારે વલતા તે રાજા વીનવે, તમે સાંભલો સીરી જગદીસ,
તમે આગના આલો અમને, તો નાઇયે સરવે સીસ. ૪૯
વલતા અલીઆગત ઓચરે, એતો હતો મોટો મરમ,
વેણ અમારા વધ ગયા, હવે નાયાનું નહી ધરમ. ૫૦
દેવ સભા માંહે રાજા આવીયા, જ્યાં હતો પોતાનું ઠાર,
રાજા તે પોઢીયા પાલખીયે, નીંદ્રા કીધી એકજ પોહોર. ૫૧
તારે અજરાઇલિને ફરમાવીયો, કવજ કરો રાજાનું રૂહ એહ,
ખોલીયા તે વાસો નુરનાં, અને ઉડારો માટીની દેહ. ૫૨
તારે અજરાઇલે ફરમાનેથી, કવજ કરેયો રાજાનું રૂહ તેહ,
કર કમલ માંહે કામ કીધું, અને વાસી નુરાની દેહ. ૫૩
તારે ફડકીને રાજા જાગીયા, અને દીઠી નુરાની દેહ,
તારે દરસટે દીઠા ભગવાનજી, અને નુરે તે વુઠા મેહ. ૫૪
તારે બોલે તે વલગીયા બેઉ જણા, અને હીંચે તે હીંદોલા ખાટ,
અમે જાસું મીરત લોક માંહે, અનત કરોડ જુવે છે વાટ. ૫૫
તારે વલતા તે રાજા વીનવે, સામી અમને સરગ ન સોહાયે,
જેમ થાન વીછુટા વાછરૂ, અને બાલ વીછુટા માય. ૫૬
વઇકુંઠ માંહે અમે એકલા, નહી દરસન નહી દીદાર,
સોલ સણગારે સોભતી, પણ પુરખ વીનાની નાર. ૫૭
તે માટે અમે ઇયાં નહી રહીયે, સામી આવસું તમારો સાથ,
દીદાર કીજે નીતો નીત, અતે મુખે કીજે વાત. ૫૮
પાંચે તે અંબર પાંઢવા, અને દ્રૂપતી ને કુંતાજી માત,
સરગ માંહેથી ઉતરીયા, આવીયા તે સતગુરની સાથ. ૫૯
તારે મીરત લોક માંહે આવીયા, અને મોકલીયા તે જુવે જુવે ઠામ,
કશમીર મધે રાજા છે, રાજા ધરમ તેનું નામ. ૬૦
વઇસ વીલોણી નગરી માંહે અવતરીયા, અને પીતા તે રાધવ નામ,
માતા તે કહીયે લોચના, રાજા જુજેશઠણ કરે પરણામ. ૬૧

અરજણ વીંદલ અવતરીયા, અને બાણ વલી માહ વીર,
ઉંચ નગર માંહે અવતરીયા, કુલ પટવા વેપારી હીર. ૬૨

ઉજલા તે લોચન આંખના, અને લોક બોલે બહુ બાલ,
માતા પુત્ર કરી પીરીછવે, પણ ન જાણે અરજણ બાલ. ૬૩

તારે બઠ ભીમ ભલે અવતરીયા, તે જાંલદ્રી નગરી માંહે વાસ,
અગન વોણી જવાલ નેઠે, અને નગર કોટ પીરકાસ. ૬૪

ઉભા તે કેસ છે અંગના, અને જટા વારા મુખ દંત,
એણે એંધાણે ભીમ છે, અને માહા જોધા બલવંત. ૬૫

સોહોદેવ જેસી અવતરીયા, તે સાલવીયો માંહે વાસ,
માલવા મધે તે કહીયે, અને ઉજણ નગર પરકાસ. ૬૬

શેહેર મધે સોધતાં, અને ન જાણે કોઇ ભેવ,
દખશ દીસે ઠામ કહીયે, તીયાં અવતરીયા સોહોદેવ. ૬૭

તારે નકુલને જગાડીયા, અને પુરબ બંગાલા દેશ,
લોટ નગર માંહે અવતરીયા, કુલ કસબ કાછી વેસ. ૬૮

નાસકા મધે નથ છે, અને કાને તે મુગતા કુલ,
માતા ગીરલે અવતરીયા, પુત્ર એક નકુલ. ૬૯

સખત સંસાર અવતરી, દ્રૂપતી ને કુંતાજી માત,
દીલી ગઢની રાજણી, જેની લોક મધે છે સાંખ. ૭૦

ચંદ્ર તે કુલ માંહે અવતરી, અને પુત્રોનો બહુ પરીવાર,
બાલ કુંવારી બાલકી, તે સખત રૂપી સંસાર. ૭૧

દરસણ છે એ જાગતા, અને સોધી લીયો ગુણવંત,
આજ કલ દસ માંહે સામી આવીયા, અને વર દેવા અનંત. ૭૨


ચોથે કલજુગ માંહે સામી આવીયા, અને ધરીઆ માનખા અવતાર,
ગઢ આલમોતે સામી તખતે બેઠા, છેલો નકલંકી કીરતાર. ૭૩

દલમ દેસ માંહે અવતરીયા, અને ધર સર વાધાયું થાન,
સતગુરે સતપંથ દખાડીયા, અને મુનીવરોને દીધો ગીનાન. ૭૪

ગીનાન વીચારી જે ચાલીયા, તે પામીયા અમર ઠામ,
જખ જોગ કીનર તારીયા, કરોડ તેત્રીસના કીધા કામ. ૭૫

તારે પાંચેમું પેલાજ તારીયા, અને સાતેમું રાય હરીચંદ્ર,
નવેમું જુજેરાઠણ તારીયા, બારેમું પીર સદરદીન બલવંત. ૭૬

મીલછા માંહે હરી અવતરીયા, અને માનખા વેસ માંહે દેવ,
હેમપુરી માંહે તખતે બેઠા, એમ બોલીયા સતગુર સોહેદેવ. ૭૭
ભરત ખંઢ જાબુદીપ, તીયાં પરતક બેઠા દેવ,
આસા તે પુરે જીવ જંતની, અથર વેદ બોલે એમ ભેવ. ૭૮
ચાર કલપને ત્રન જુગ, ગુર ભેદ મારગ એક,
આજ ચોથા કલજુગ માંહે સતગુર જાણજો, તે આપોહી
આપ અલખ. ૭૯
અથર વેદને વાચેકે જે ચાલીયા, તે સીધા કરોડ બાર,
અણુતનું વર આપે આલીયા, ગુર હસન શાહાને શાહ નીજર. ૮૦
એવો સતગુરે. શાસ્ત્ર સંભલાવીયા, તમે વીચારો મુનીવર વીર,
આપ પીછાણો આપણું, એમ બોલીયા સદરદીન પીર. ૮૧





ખટ નિરંજન.

(રચનાર પીર સદરદીન)

એણ અનંત જુગ આગે વહી ગયા, ત્યારે આપોહી આપ નિરંજન રહ્યા, ૧
ત્યારે જમીન આસમાન ન હોતા કોઈ, ત્યારે આપોહી આપ નિરંજન સોય. ૨
ત્યારે ધંધુકાર માંહે ધર્યા ધ્યાન, ત્યારે હોતે ઉપાયા બ્રહ્મ ગીનાન. ૩
ગીનાની ગીનાન વિચારી જોય, ત્યારે આપોહી આપ નિરંજન સોય. ૪
ત્યારે જપતા જપતા બહુ જુગ ગયા, ત્યારે આઠ લાખ કરણ અવીચલ રહ્યા. ૫
ત્યારે આઠ લાખ કરણમાંડે અપરમપર હરિ; ત્યારે હેત ઇચ્છા મનમાંહે ધરી. ૬
ત્યારે આપણે હેતે પરિ બ્રહ્મ, બીંબા કારણ લેવા આશ્રમ. ૭
ત્યારે સીંતેર હજાર વરસજ ગયા, ત્યારે બીંબા કારજ ભયા. ૮
ત્યારે નિરંજન નરે મયા કરી, સો બીંજ સબ્યો નાભજ ધરી. ૯
ત્યારે હસ્ત કમળથી કર્યા શ્વાસ, અલખ નિરંજન આપોહી આપ. ૧૦
છત્રીસ જુગ ચોરાસી ચોકડીઉં એમ કરતા ગયા, ત્યારે એક ધ્યાન સુંનર આપે રહ્યા ૧૧
ત્યારે સતપંથ તો અવિચલ રહ્યા, સો બીંજ તો પરસોતમ થયા. ૧૨
ત્યારે મચ્છ નીરાલંભ આસન કરી, ત્યારે બ્રહ્માજી સબ્યા નાભજ ધરી. ૧૩
ત્યારે કર જોડી બ્રહ્માજી કહે, સામી સુનકાળ માંહે આપણે બેહુ. ૧૪
તુંહી માત તુંહી તાત કીરતાર, તુંહો નિરંજન નિરાકાર. ૧૫
સત બોલો સામી સાચું કહો, અમને ઉપાયા તે કારણ કહો. ૧૬
ત્યારે આપ નિરંજન બોલ્યા આપ, બ્રહ્માને અ લખો ત્રણ કાલનું જાપ ૧૭
એમ કરતાં ઉપાયા દેવ, ત્યારે બ્રહ્માને ચાલ્યો યુગતનો ભેવ. ૧૮
સુણો બ્રહ્મા શ્રવણ ધરી, વાત અનુપમ કહું ખરી. ૧૯
કુદરતી એક કરીએ ભેલ, જેમ આપ સમાને આપે ભેલ. ૨૦

જુગત કરો બ્રહ્મા જુગમાંહે જપ, સકલ વિધા તમને કહી. ૨૧
ત્યારે કર જોડી બ્રહ્માજી કહે, સામી જુગત કરૂં જો મુગતજ દેહ. ૨૨
અમે જુગમાંહે જઈ કરીએ જુગત, જો સામી જીવને આલો મુગત. ૨૩
ત્યારે આપ નિરંજન બોલ્યા આપ, જે જુગમાંહે ભણશે વેલા જાંપ. ૨૪
દેવ કિયાનો જે જાણે પેર, તે જીવ આવશે આપણે ઘેર. ૨૫
વચન અમારા માનો સહી, જુગત કરો બ્રહ્મા જુગમાં જપ. ૨૬
ત્યારે આનંદ બ્રહ્માજીએ નામ્યા શીશ, એ વિચાર કરતાં ગયા જુગ વીસ. ૨૭
ત્યારે હેતે બ્રહ્માજીએ ધર્યું ધ્યાન, પહેલા રચ્યા જમીન આસમાન. ૨૮
પહેલે આસમાને ઉતાર્યા નુર, ત્યારે સીરજ્યા ચંદા ને સુર. ૨૯
બીજે આસમાને ઉતાર્યા કવન, ત્યારે સીરજ્યા પાણી ને પવન. ૩૦
ખટ દરશન ઉપાજ્યા સાર, તે અલખ નિરંજન નિરાકાર. ૩૧
અનંત જુગ આગે વહી ગયા, ત્યારે નર નિરાલંબ આપે રહ્યા. ૩૨
ત્યારે ચતુર કલપના સાંખીયા ધરી, ત્યારે બ્રહ્માજીએ સૃષ્ટીજ કરી. ૩૩
ત્યારે વાણી વેદ ને ખાણીઉ ચાર, રચના રચી તે માંહે સંસાર. ૩૪
ત્યારે રૂગ વેદ તે ભણ્યા સાર, રૂપ ધર્યા તે નિરંજન ચાર. ૩૫
હંસ, કચ્છ, ધરન્ન, કેશવ, સાર, ભગત ભણતા નિરાકાર. ૩૬
ત્યારે સોલ જુગની સાંખીયા ધરી, ત્યારે ગુરે નામ ભણાવ્યા હરિ. ૩૭
જે કોઈ ભણ્યા પ્રેમજ જાંપ, તે જીવ છુટ્યા આપોહી આપ. ૩૮
નવાણું ક્રોડ જપ સતે રહ્યા, સંપુર્ણ કલપ અમરાપુરીમાં ગયા. ૩૯
ત્યારે પાણીને ફેરમાનજ થયા, હૂકમે પાણી કર જોડી રહ્યા. ૪૦
આસન વાળી બેઠા ફિરમ, જ્યારે પાણી ચડયો ખટ (૬) ગગન. ૪૧
પાણી તો પ્રદક્ષિણા કરે, ચક્કર વેગે પાણી ચડે. ૪૨
ફરતા ફરતા ગગન માંહે જયા, જાપ ધરીઆ ભંડળે રહ્યા. ૪૩
સપ્ત (૭) પાતાલ એકવીસ બ્રહ્માંડ, પાણી ચડયો સકલ નવ ખંડ. ૪૪
પંડિત અમર કોણ જયા, ત્યાં બ્રહ્મા, વિષ્ણુ, મહેસર રહ્યા. ૪૫
ખટ દરશન તો નાસત માન, સુણો રખીસર એક ધ્યાન. ૪૬
પખારી પૃથ્વી કીધી પાક, ચતુર ગુણની રહી છે સાખ. ૪૭
સત દત ને અખ્યા કરો, જે કોઈ સમરે શ્રી નર હરિ. ૪૮
જુગતે જાણ્યા તેને લાધ્યા છે ભેત, ત્યાં બ્રહ્મા, વિષ્ણુ, મહેસર દેવ. ૪૯

ભાગ (૨) જો.

(શ્રી સતગુર બ્રહ્મા હો વાચ્ય)

હિંદુ મુસલમાન એકજ રાહા, ભુલ્યા સેર ન પાવે સાહા. ૫૦
ગહી ગહી ગલ્યા જાવે સહુ, પુજે સુન્ન ને ભુલ્યા બેહુ. ૫૧
મુસલમાન મકકે મદીને જાવે સહી, હાથે કુરાન પણ હક ન લહી. ૫૨
હરામ ચાલે પુકારે હક, મુરીદ પીરસું ન રાવે ચીન. ૫૩
ગલ્લા કાટે ને હાડા ખાએ, કરે જીવ્યા કોય બેહેસ્ત ન જાએ. ૫૪
એમજ નેડા હોવે પેર, તો કતલ કરાવે આપણે ઘેર. ૫૫
હજ નમાજ રોઝા કરે, કુડી કિયાએ કોઈ કામ ન સરે. ૫૬
કાળી કલમા પડે કુરાન, સીખ આપે સહુને કુરકાન. ૫૭
મુલ્લાં મસીદ બાંગજ દેહ, ભીતર સાહેબને નહિ લેહ. ૫૮
તમે દુર મ દેખો અંતર વસે, કાફર સહી દોજખમાં જશે. ૫૯
મુલ્લાં તે જે મુસે આપ, કરે ઝીકર ખુદાકા જાપ. ૬૦
પડે કલમા દિલ રાખે પાક, નમી ચલે જેમ થઈ રહે ખાક. ૬૧
હલાલ ખાએ ને ચાલે હક, ભજી રહે જેમ એક અલખ. ૬૨
ગીનાન જળમાં ગુસલજ કરે, સોળ કળામાં રોઝા ધરે. ૬૩
અરધું અંગ મસીદજ કરી, તેમાં રહી નમાજજ કરી. ૬૪
સુજ્ઞા સાથે લાવે ધ્યાન, સાચા સોહી મુસલમાન. ૬૫
જીવતા મરે ને મુઆ તરે, હક પાક તે અજરેઓ જરે. ૬૬
અહું રાતા સહી લેવે નામ, કહે ગુર સોહેદેવ સાચા સોહી મુસલમાન. ૬૭
હિંદુ વિશ્નવને દેવજ કહે, પુજે સુન્ત પ્રત્યક્ષ નહિ લહે. ૬૮
દેવ કિયાની નહિ જાણે વાટ, નગર ભલા પણ ઉજડ ઘાટ. ૬૯
વણજ કરી ન જાણે વાણ, તે જીવ ન છુટે ચારેહી ખાણ. ૭૦
ધન પુત્ર નારીમું ધરે ધ્યાન, તો સેસ્ત્ર પચાસમાં પડશે બાન. ૭૧
દુનીઆ આડે બહુ કુંચી દોડ, જુગાજુગ આવ્યો ન પડયો જોડ ૭૨

કરે પુકાર ને હાજર હરિ, માનખા દેહી ન આવે ફરી. ૭૩
કાલ કાયમજીસું બાંધ્યા, દીધી વાચા વિસારી ગયા. ૭૪

ચોર્યાસી માંહે તું ચુકયો કોલ, કોલ આવ્યો છે દેહલો બોલ. ૭૫
જાગો જુગમાંહે સાચ ધરી, માનખા દેહી ન આવે ફરી. ૭૬

જન્મ જન્મ તું જુઠો પડયો, કરમે હીણું કાળે ભર્યો. ૭૭
કામ ક્રોધી અહંકારી થયા, દુનીઆ લોભે વિસારી ગયા. ૭૮

સગા કુટુંબ સહુ શેરી લગી, ઘરની નારી તે રહેશે અલગી. ૭૯
પિતા બાંધવ લઈ કાંધે જાએ, દાગ પડે ત્યારે અલગા થાએ. ૮૦

હિંદુ મુસલમાન ન બુજે કોઇ, સાથે આવશે સાચી કોઇ. ૮૧
પુરણ પુન્ય તે આવે સાથ, જો દીજે સતગુરુકે હાથ ૮૨

સતગુર જુગમાં કહાવે ઘણા, તેથી મેક્ષ ન પામે જીવ આપણા. ૮૩
તે ચરણ ધોઇને ચરણામત પાય, તે ગુર આખર પરલે થાએ. ૮૪

સતગુર તે જે જુગત ધરે, દિલ ભીતર કારજ જીવના સરે. ૮૫
સતગુર તે જેણે ધરણી ધરી, વાણ ખાણ જે પેદા કરી. ૮૬

ચાંદો સુરજ દોએ સાક્ષી ધર્યા, નવ લખ તારા આભે જડયા. ૮૭
સતગુર તે જે જીવના જોતી, જેમ જલ ઉંડા સાહેરમાં મોતી. ૮૮

તે મોતીની જે કરશે ચાહ, જીવ દેતા તેને નહિ પરવાહ. ૮૯
શીરને સાટે મોતી મલે, જેમ વહે કલીઆ ગંગા માંહે ભલે. ૯૦

એવા ગુરને સરેવો મુનીવર જન, જેણે સોરજ્યા જીવ ને તન. ૯૧
એવા ગુર તો જુગમાંહે એક, માણસ રૂપે નર આપ અલખ. ૯૨

જુઓ જુઓ મુનીવર પોથી પુરાણ, કોણ કોણ પદ પામ્યા નિરવાણ ૯૩
કલયુગ માંહે જેણે ભણ્યા વેદ, તે તો પામ્યા અમર ભેદ. ૯૪

જખ મેઘ કીનર થયા, તેત્રીસ કરોડ અમરાપુરીમાં ગયા. ૯૫
વળતા જુગ માંહે આવ્યા હરિ, ભમત તારવાને દયા કરી. ૯૬

જુગ ચારમાં આવ્યા મહારાજ, ગુરનર કરવા સેવકના કાજ. ૯૭
પાંચ સાત નવ ભારજ તર્યા, અનંત કરોડ આપે ઓધર્યા. ૯૮

ગીનાતી ગીનાન વિચારી જોય, સોના આભુશણ સોના હોય. ૯૯
સોના શ્યામ ન પલટે ઢંગ, સોના આભુશણ સોના રંગ. ૧૦૦

સોના સોની ઘડયા ઘાટ, મુલ પાયા આભુશણ માટ. ૧૦૧
સોવન તો ન સોહાવે કોઈ, આભુશણ તે પહેરે સબ કોઈ. ૧૦૨

માણેક મોતી હીરા સાર, રતન હીરા બહુ અપાર. ૧૦૩
વાસુદેવને વાદે સહુ કોઇ, દીવો કીજે તો દર્શન હોય. ૧૦૪
દર્શનથી તો જાવે પાપ, સો દીવો તો આપોહી આપ ૧૦૫
સકળ ભવન સો દીવો બળે, અંધારે અજવાલો કરે. ૧૦૬
દીવા માંહેથી દીવો સાર, સોહી દીવો નિરીંજન નિરાકાર, ૧૦૭
સાંખી દેખો નિરીંજન જોત, બ્રહ્મ મુજતાં ન આણો ભોત. ૧૦૮
સોળ મંડળ માંહે આપજ લાએ, સકળ ભવનમાંહે સોહી નર આએ. ૧૦૯
એક નારીને નીરતે ગયા, કર્મે કુડા કોઢિલા થયા. ૧૧૦
એ નારીથી નર ઠગાય, કુડે કરમે દોજખે જાય. ૧૧૧
આચાર કરે નવ જાણે ભેદ, માણેક મોરો પણ નવ પડયો છેદ. ૧૧૨
સંગત કરતાં સૌ કોઈ પેખે, સતગુર બ્રહ્મ નઈણે ન દેખે. ૧૧૩
એ બ્રહ્મચારી સહુ કીલાય, એણે નબુને શાહા ન પાય. ૧૧૪
ગુરનર વાચા દીધી હાથ, રૂપ ધર્યા તે કારણ માટ.. ૧૧૫
ગુરનર વાચા દીધી બ્રહ્મ, મોક્ષ મુગતકા ભયા પરસન. ૧૧૬
માંડી માયા જુગમાંહે ભલી, સંસાર ભુલ્યો ગફલતે ગલો. ૧૧૭
ત્રપણ કરે ને તીરથે જાય, મન મેલો બાહેર શું ધોય? ૧૧૮
મુરખ મન ન વિચારી જોય, મન મેલો બાહેર શું ધોય? ૧૧૯
બાહેર ધોએ નહિ હોવે પાક, માંહેથો કાસલ કાઢી નાખ. ૧૨૦
અંતરથી ન જાવે પાપ, જો તું ભણ્યો અજપેઓ જાપ. ૧૨૧
જપતાં જપતાં બહુ જુગ ગયા, બેઇમાનીના કામ ન થયા. ૧૨૨
મુખે સુરીજનનું લેવે નામ, રાજ છુટે આપણા ગામ. ૧૨૩
પડે બુમ પુકારજ થાએ, શયતાન સઘળા વારે ધાએ. ૧૨૪
પાંચ ચોર તો લુટે શહેર, સુણો રાજા શી થાશે પેર. ૧૨૫
બેહદ ચાલે હદ ન રહે, નર નારી દોનુકું કહે. ૧૨૬
એવી કરણી કરશે કોય, તો દો જુગમાંહે પુકારજ હોય. ૧૨૭
એકોતેર પુરીઆ આગલ કરે, નાના મોટા કોય ન વરે. ૧૨૮
વીરા ઉતમ કરણી કરજો આજ, તો તમારા સરસે કાજ. ૧૨૯
સત બોલો સત કિયા કરી, સતગુર વચન તે દિલમાંહે ધરી. ૧૩૦
ગીનાની ગીનાન વિચારી જોએ, સતગુર બાજ પારસ નહિ કોય. ૧૩૧
સરેવો સતગુર તો પાએ શાહા, બોજ ગીનાની એ સત રાહા. ૧૩૨

ભાગ (૩) જો.

વેલ

શ્રી મચ્છ રૂપ ધર્યો નારાયણ, સેવક કારણ સારંગ પ્રાણ. ૧૩૩
પેસી પયધારે વાર્યા વેદ, બ્રહ્માને આવ્યો અમર ભેદ. ૧૩૪
સતગુર જુગમાંહે દીવારે તમે, દીધી વાચા પાળીએ અમે. ૧૩૫
હણ્યો સંખાસુર ને કીધા કાજ, મચ્છ રૂપ ધર્યો તમે શ્રી મહારાજ. ૧૩૬
બીજે કોરંભ રૂપે કીરણા કરી, વાસીંગ તાણ્યો ધરણી ધરી. ૧૩૭
મેર રવાડ્યો કીધો હરિ, મથી મેરામણ લક્ષ્મી વરી. ૧૩૮
ચઉદ રતન તો ચીતમાં ધરી, માયા મોહ એણે અંતર કરી. ૧૩૯
ધંધુડીયો સાહેર ને કીધો ગોર, માર્યો દાનવ મધવો ચોર. ૧૪૦
એણે પુઠે સાહેર્યો ભાર, સોહી કરામત નિરાકાર. ૧૪૧
ત્રીજે ત્રીલોચન ત્રીકમ સાર, અતિ બળીઓ શ્રી વારાહ અવતાર. ૧૪૨
માંડ્યા જુદ્ધ ભયંકારજ થાય, પૃથ્વી તે પાતાલે જાય. ૧૪૩
ત્યાં સહુ દેવની કીધી સાર, દાઢે સાહેઓ પૃથ્વીના ભાર. ૧૪૪
વારાએ અતિ દીધી દાઢ, માર્યો દાનવ બળીઓ ગાઢ. ૧૪૫
સર્વે દેવતાના કીધા કાજ, વારાહ રૂપ ધર્યો તમે શ્રી માહારાજ. ૧૪૬
ચોથું નરસીંગ રૂપજ ધરી, ભગત કારણ આવ્યા શ્રી હરિ. ૧૪૭
થંભ દીસે ધગધગતો જાળ, ફાટ્યો થંભ આવ્યો હરણાકંસનો કાળ. ૧૪૮
દા દા વેળાએ ધરીઓ ધ્યાન, નરસીંગ રૂપ ધર્યો તમે શ્રી ભગવાન. ૧૪૯
ત્યારે કોલ દીધો તે ખાધે ચડે, દીધો કોલ તે કેમ જુઠો પડે. ૧૫૦
ત્યારે નહિ લોહો લાકડ નહિ ખંડા ધાર, હરણાકંસ માર્યો નખેસુ વધાર. ૧૫૧
ભગત પહેલાજના કીધા કાજ, નરસીંગ રૂપ ધર્યો તમે શ્રી માહારાજ. ૧૫૨
પાંચમે વાયમણ રૂપે કીધી પેર, પ્રભાતે આવ્યા બલને ઘેર. ૧૫૩
પ્રોલે ઉભા પુકારજ કરે, બ્રહ્મા મુખે વેદ ઓચરે. ૧૫૪
ત્યારે રાજાને થઈ છે જાણ, તેડા બ્રાહ્મણને આલું દાન. ૧૫૫
બ્રાહ્મણ આવ્યો કુમડે વેષ, રળિઆત કરે રાજા બ્રાહ્મણ છું એક. ૧૫૬
સામી માંગો ગ્રથ ને માંગો ભંડાર, માંગો હસ્તી અસ્વ અપાર. ૧૫૭
જે માંગો તે આપું તમને, પછી દોષ મ દેજો અમને. ૧૫૮
પછી વાયમણ વાણી બોલ્યા બ્રહ્મ, ધરતી માંગુ અઉંઠ કરમ. ૧૫૯
રાત રહું ને કરું વિશ્રામ, જો તમે મુજને આલો ઠામ. ૧૬૦

ત્યારે અંજલી પાણી ઉદકે ભરી, અઉંઠ કરમની સ્વસ્તી ઓચરી. ૧૬૧
ત્યારે ઉદક લઇને મેલ્યા હાથ, ત્યારે સંતુષ્ટ થયા તે વઈકુંઠના નાથ. ૧૬૨
ત્યારે પગ પાતાલ ને શીર આકાશ, વઈરાટ રૂપ ધર્યો શ્રી અવિનાશ. ૧૬૩
ત્રણ ભવન ત્રણ કરમજ ધરી, દક્ષિણા કારણ દેહી ધરી. ૧૬૪
ધન ધન રાજા તમારો ધરમ, દક્ષિણા જોઇએ અરધો કરમ. ૧૬૫
પુન્ય પવિત્ર સુફલજ થાએ, દક્ષિણા આલ્યાનું ફલ છે મહિમાય. ૧૬૬
ત્યારે ભગતુને ભાવે દીન દયાળ, મેલી પગને આંધ્યો પઇયાલ. ૧૬૭
પાતાળનું તેને આલ્યો રાજ, વાયમણ રૂપ ધર્યો શ્રી મહારાજ, ૧૬૮
છઠે ફરસીરામ રૂપજ ધરી, ફડસી લઇને ફેરણ કરી. ૧૬૯
પિતા આગળ રહ્યા કર જોડ, હણ્યા ખત્રી માતા બંધ છોડ. ૧૭૦
ત્યારે ખત્રીનું તો ભાગ્યો મન, દેવે માર્યો સેહેસ્રા અર્જુન. ૧૭૧
ખત્રીનું વંશ તો થયો નીકંધ, માત પિતાના છોડાવ્યા બંધ. ૧૭૨
વિપ્રને તો આલ્યો દાન, આલી પૃથ્વી સહેતા ગામ. ૧૭૩
દેવ ઓસરી હરિ આપે રહ્યા, ત્યાં વિપ્ર સઘળા કેડ થયા. ૧૭૪
ત્યારે ઓલ્યા વિપ્રને ચડાવી રીસ, મહેધની પોતી વારજ વીસ. ૧૭૫
પછી વિપ્રને આલ્યો વર, જે માગી ખાએ ક્ષુદ્રને ઘર. ૧૭૬
વળતા બ્રાહ્મણ પુકારે નામ, છઠું રૂપ ધર્યો તમે ફરસીરામ. ૧૭૭
શ્રી રામ રૂપે વનમાંહે ગયા, સીતા કારણ વ્યાકુળ થયા. ૧૭૮
હણ્યો મૃગ તે ત્વચા કાજ, સાહેરની ત્યાં બાંધી પાજ. ૧૭૯
હુણમતને તો હોંકાર્યો જાય, ઇંદ્રજીત જીત્યો લક્ષમણ રાય. ૧૮૦
ભલીક્ષણને તો લેટ્યા રામ, માર્યો રાવણ પ્રેરાવ્યો ઠામ. ૧૮૧
સીતા વારી લંકાએ ગયા, ત્યાં મંદોદરી કર જોડી રહ્યા. ૧૮૨
ધન ધન સામી એ ધનજ ઘડી, રામ પધાર્યા લંકા પુરી. ૧૮૩
પોતે પરમેશ્વર પધાર્યા ઘેર, નાના વરસી કીજે પેર. ૧૮૪
માણેક મોતી સોવન થાળ, રામ વધાવો બાળ ગોપાળ. ૧૮૫
લંકાના લોક તો દરશન કરે, તે સર્વે વસ્તુ લઇને આગળ ધરે ૧૮૬
મંદોદરી તો માગે માન, કબુલ કરો તમે શ્રી ભગવાન. ૧૮૭
ભલીક્ષણને તો પરઠયા પાઠ, આલી લંકા અવિચળ રાજ. ૧૮૮
દશરથને કુળે આવ્યા રામ, કરી લીલા તે શ્રી ભગવાન. ૧૮૯
આઠમે કાનજી રૂપે ચારી ગાય, વાઈ વાંસળી શ્રી જાદવ રાય. ૧૯૦
ગોપી ગોવાળીયા ટોળે મળી, રમ્યા રાસ રચી મંડળી. ૧૯૧
પ્રીતે પ્રેમદા લાગે પાય, ત્યાં શ્રી કરસનજી કરમલો ખાય. ૧૯૨
નવલ નાર જેણે રાખી પેર, લોક દુરીજન બોલે બહુ પેર. ૧૯૩
ખટ માસની રજની કરી, ત્યાં સમુ સાહેલી સરખી ભરી. ૧૯૪

સોલ સેસ્ર જેણે રાખી નાર, માંહે કાનજી બોલે બ્રહ્મચાર. ૧૯૫
પ્રીતે પ્રેમદા ભમરી લહે, મન માનીતી હૃદયે મલે. ૧૯૬
છળ કરી નવ નીંદ છળી, કર્યો જળમાંહે કમક્ષી કરી. ૧૯૭
મલ્લ અખાડે બેઠા માય, જેને જેવા દીઠા તેને તેવા ભાવ. ૧૯૮
હણ્યો મલ્લ ને માર્યો કંસ, એણે નર બહુ દાનવ કીધા ધ્વંસ. ૧૯૯
કાનજી રૂપે કરણા કરી, ગોપીયું સઘળી ટોળે મળી. ૨૦૦
નવમે બુદ્ધ રૂપે કીધી પેર, ચાલી આવ્યા પાંડવને ઘેર. ૨૦૧
જગન કરે છે ધરમજ રાય, અસ્વ મેધ જગનનું નથીરે મહેમાય, ૨૦૨
ત્યારે બ્રાહ્મણને પડયો છે ત્રાસ, કોણ આવ્યો છે ભીમની પાસ. ૨૦૩
જુઓ જુઓ રાજા જુગતજ કરી, કોણ આવ્યો છે હસ્તનાપુરી. ૨૦૪
જુગત કરીને જોયા છે જોગ, તો ભીક્ષા માગે ભાવજ ભોગ. ૨૦૫
અમે આવ્યા છીએ શ્રી હરિ, તમે ભોજન આલો ભાવજ ધરી. ૨૦૬
બ્રાહ્મણને તો આલો ભુર, અશ્વમેધ જગન કરાવો ફુર ૨૦૭
ત્યારે બ્રાહ્મણોને તો ચડી છે રીસ, ત્યાં ઉઠી ગયા જણા દસવીસ. ૨૦૮
હવે જગન કરો ગઉમેધજ આજ, તો તમારા સરસે કાજ. ૨૦૯
ત્યારે પાંડવે માંડયો ગઉમેધ, ત્યાં પોતે હરિ ભણ્યા વેદ. ૨૧૦
ત્યાં લોક હરીજન બોલે બહુ આળ, સતીએ બાંધી ખમીયાની પાળ. ૨૧૧
ત્યારે રહ્યા સતી મનમાંહે હસી, ત્યાં બોલે બહુ કરમ કથા કથી. ૨૧૨
ત્યાં પાંચ પાડવને કીધા પાક, તેને ભણાવ્યા અજપીઆ જાપ ૨૧૩
સંવત ચાલીસો સોલા બાર, માગસર પડવો ને બુધવાર. ૨૧૪
પાંડવ ચાલ્યા તેણે દીન, રઈયત પ્રજા શેવે પંખી વન. ૨૧૫
પાંજરે પોપટ કરે રૂદન, ઉભ્યા બાણ ન દીસે દીન. ૨૧૬
હસ્તી ઘોડા બાણ ન બાએ, બાળક તો ન ધાવે બાએ. ૨૧૭
શેહેર માંહે થઇ પડયો શોર, બોલે કોયલ કોકીલા મોર. ૨૧૮
ઉતર દીસે ઉભાયો મેહ, પાંડવ ચાલ્યા મેલ્યા દેહ. ૨૧૯
સત બધું પાંડવોને સાથ, કલજુગ બેઠો તેણીજ રાત. ૨૨૦
જીભીયા ઇંદ્રી એકજ નાડ. જો બાંધે સો ઉતરે પાર ૨૨૧
ઇંદ્રી થર વિના પાપ ન જાએ, પાપ ગયા વિના શુદ્ધ ન થાએ. ૨૨૨
શુદ્ધ થયા વિના અમર ન થાએ, અમર થયા વિના દીદાર ન પાએ. ૨૨૩
ભગતી વિના કોઇ જુગતી ન થાએ, જુગતી વિના કોઈ મુગતી ન પાએ. ૨૨૪
મુગતી વિના અમર ન થાએ, અમર થયા વિના દીદાર ન પાએ. ૨૨૫
એવી વાણી સતગુર કહે, દસમું અવતાર શ્રી નકલંકી લહે. ૨૨૬
દસમાંહે શ્રી નકલંકી રૂપ, નહીં કોઇ રાજા મુગતી સ્વરૂપ. ૨૨૭
સત અમલ કરે જુગમાંહે જે કોઇ, તે જીવ તણા કારજ સિદ્ધ હોઇ. ૨૨૮

આજ નકલંકી નારાયણ જાણુ, જાંકે ચરણે ચંદા રવિ ભાણુ. ૨૨૯
સતગુર કહે તમે જુઓ ગીનાન, સોહી રામ ને સોહી રહેમાન. ૨૩૦
કલી પ્રમાણે આવરદા ઘટી, ત્રીયા પુરૂષ ન માને રતી. ૨૩૧
પુત્ર પિતાને દેવે છેહ, જ્ઞાન હીણા ત્યાં વરસે મેહ. ૨૩૨
ધરતી ચડાવે અગની ઘણી, બે કોલી રાજા નહિ કોઈ ધણી. ૨૩૩
પુત્ર પિતાને પીરૂ ભાત, એ કલજુગની એસી ભાત. ૨૩૪
પુત્ર પિતાને પીરૂ ધરે, તેની હત્યાએ તે કોઈ નહિ તરે. ૨૩૫
ભીતર બેઠા બાહાર કેમ જાએ, મનના ચીંતવ્યા તે કાંઈ નહિ થાએ. ૨૩૬
સતપંથી તે જે પાંચ વશ કરે, જે ગુરૂ માગે તે આગળ ધરે. ૨૩૭
સતગુર વચને જીવતા મરે, એકોતેર પુરીઆ તેના તરે. ૨૩૮
જેની માયા મમતા મરે, કામ ક્રોધ સેહેજે પરહરે. ૨૩૯
મન મારીને ધરે ધ્યાન, મનમાં રાખે બ્રહ્મ ગીનાન. ૨૪૦
સત સબુરીમું આપે રહે, સુખ દુઃખ દિલકા હરિમું કહે. ૨૪૧
જેને દેહે હરિનું નામ, તેને નીત નીત ગંગ સ્નાન. ૨૪૨
ગતમાંહે નીત નીત નીરમલ થાય, તે જીવડા વૈકુંઠમાં જાય. ૨૪૩
દસોંદ મુકરીતે પુરા રહે, મુખે રીખીસરે સતગુર કહે. ૨૪૪
મુનીવર ભાઇ તમે રાખો આપ, જેમ પવિત્ર થાઓ પાક. ૨૪૫
પાપ ન રાખો અવગુણ રતી, સત સંતોષ તમે રાખો સતી. ૨૪૬
દયા ધરમમું તમે રાખો હેત, જેમ ભાદરવે હરીયા ખેત. ૨૪૭
ભાઇ જ્યાંમુધી તારા તનમાંહિ પ્રાણ, તો સાસ ઉસાસે લેવું હરિનું નામ. ૨૪૮
નામ ન વિસારો હરદમ હરિ, માનખા દેહી ન આવે ફરી. ૨૪૯
સતપંથ તો ઉત્તમ મઢા, પીર શાહા એક નહિ કોઇ જુદા. ૨૫૦
પીર તે જે સાહેબે થાપ્યા, નિયમ જુગાજુગ પીરે આપ્યા. ૨૫૧
મુનીવર ગીનાન વિચારી જોય, પીર શાહા એક નહિ કાંઈ દોય. ૨૫૨
જો તમે પીરની દાવન લાગો, તો વેદ શાસ્ત્રથી કાંઇ પાછા ભાગો. ૨૫૩
જો તમે પીરશાહાની કરો આસ, તો કાંએ ન ચાલો ગીનાનકી રાસ. ૨૫૪
સતગુરની વાચા પાળો સહી, તો અમરાપુરીમાં રમશો જઇ. ૨૫૫
સતગુરના વાએકને સું સું કરી જાણતા, તે જીવડા કોજખે પડતા. ૨૫૬
જે સતગુરના વચન સીર ઉપર લેશે, તે જઈ પીરશાહાકે પાસે રહેશે. ૨૫૭
ગુરનરની તમે કરજો સેવા, એ ખટ નિરંજન ઉત્તમ મેવા. ૨૫૮
પીર સદરદીન બોલ્યા સત વચન, ભાઇ એ ખટ નિરંજન જો દરશન. ૨૫૯
શાહાના દરશનથી જાવે પાપ, તે અલખ નિરંજન આપોહી આપ. ૨૬૦

* સમાપ્ત. *

આપણી કોમનાં વાજીંત્રો.

ઇસમાઇલી સતપથ પ્રકાશ.

દર ચંદ્રે રેગ્યુલર બહાર પડતું

ઇસમાઇલી સત—શાસ્ત્રના સિદ્ધાંતને સમજાવવા,
હિંદુ, મુસલમીન ભેદ ભાંગી બોધ સતદિલ આવવા:
દીન, દુન્યવી, નીતિ, રીતિના પાઠ જ્ઞાન વિલાસના,
વાંચો ગ્રહી ઇસમાઇલી સતપંથ નુરી પ્રકાશ આ.

દરેક ઇસમાઇલી મરદ, ઔરતો અને બાળકોને વાંચવા લાયક છે, કે જેમાં વિદ્વાનોને હાથે લખાએલાં નીતિ અને ધાર્મીક લખાણો આપવા માં આવે છે. વારસીક લવાજમ ફક્ત રૂા. ૨॥ અગાઉથી, આફ્રીકા માટે રૂા. ૩) અગાઉથી.

લખો—મુખી લાલજીભાઇ દેવરાજ,
ધી ખોજા સિંધી પ્રેસ;
૧૧૩, પાલખી મહોલ્લા, મુંબઇ-૯

ઇસમાઇલી આફતાબ.

વારસીક લવાજમ ફકત રૂા. ૧. દેશાવર માટે રૂા. ૧।.

ચાલુ જમાનામાં આપણી કોમને પ્રગતી કરવાના રસ્તા સુચવનારું સંસારિક અને ધાર્મીક ફરજોનું ભાન કરાવનારું, વિદ્વાન લેખકોના ઉત્તમ લેખોથી વિભુષિત આ ત્રિમાસીક દર ત્રણ માસે રેગ્યુલર બહાર પડે છે.

☞આ ત્રિમાસિકને જે કાંઇ નફો થશે તે ધાર્મીક સંસ્થાઓમાં વાપરવામાં આવશે માટે "એક પંથ દો કાજ" સમજી જલદી ગ્રાહક થાઓ,

લખો,

ધી શી. ઇ. ઇ. ધાર્મીક લાયબ્રેરી, ઘોરાજી કાઠીયાવાડ.

મી૦ એન. એમ. બુધવાણી, એ૦ અધીપતી

મોમીન નુરમહંમદ પીરમહંમદ ડાસન

મામજી નુરમહંમદ - કરેડીયા

ગામ - મેઘાણુ.

પુતલા.

(સતગુર નુરે નચાવ્યા તે.)

તથા

અણતના નવ છુગા.

પીર હસન કબીરદીનના.


(ગુજરાતીમાં) આવૃતી ૨ જી નકલ ૮૦૦.

પ્રગટ કરનાર.

મુખી લાલજીભાઈ દેવરાજ.

આ બુક મેનેજર ગુલામહુસેન રાજન તથા ગુલામહુસેન દેવસીએ
ધી ખોજા સિંધી પ્રેસ ૧૧૩ પાલખી મહોલ્લા, મુંબઇ નં. ૯
માં મુખી લાલજીભાઇ દેવરાજ માટે છાપી અને મુખી
લાલજીભાઇ દેવરાજે ધી ખોજા સીંધી પ્રેસ
૧૧૩, પાલખી મહોલા, મુબઈ–૯ માં પ્રગટ કરી.

સંવત ૧૯૭૬.





(સતગુર નુરે નચાવ્યા તે.)

આદ ગુર બ્રહ્મા નુર સતગુર નામ, જંબુદીપ માંહે ગુરે કીધો મુકામ. ૧
સેહેતર દીપ દેલમ દેસ હેા જાણ, ત્યાં નુર સતગુર આવ્યા હેા આણ. ૨
દેલમ દેસથી પીરે કીયા હેા આણ તે આવ્યા નગરી ભીલડી હેા જાણ. ૩
ભીલડી નગરીથી તરત આવ્યા હેા દેવ, તારે હીન્દુસ્તાન માંહે આવ્યા તતખેવ ૪
ખંડ ગુજરાત જાણેા આણ, માંહે પાટણ નગરી ઉત્તમ જાણ. ૫
ત્યાં રાજ કરે જેસંગ હેા રાય, ત્યાં પુન્ન પવીત્ર ધરમજ થાય. ૬
સત ધરમ તણી પ્રીત કરે અપાર, મહા ગુણવંતા આવ્યા દયાળ. ૭
તારે રાજાએ દ્વાર ખેાલાવ્યા દ્વાર, ઉભેા રહે પુજારેા તેણે ઠાર. ૮
ત્યાં દેવકી પુજા પુજારેારે કરે, ત્યાં નુર સતગુર આવી સંચરે. ૯
તારે દરા માંહે પીર બેઠા હેા જાયે; ઇંચરની પીંઢી ઉપર મેલ્યા હેા પાયે. ૧૦
તારે પુજારેા આવીયેા તેણેરે ઠામ, જુએ તેા દરા માંહે પીરે કીધેા મુકામ. ૧૧
તારે મુસલમાની તીયાં દીઠા રૂપ, એવેા ગુરે કીધેાસરૂપ. ૧૨
તારે ઉભેા પુજારેા ગુરકે પાસ, સુણેા હેા સાહેબ હમારી અરદાસ. ૧૩
પુજારેા કહે દેવની મુરત ઉપર કેમ રાખીયેા પાયે, એ મુરત
પુજે છે જેસંગ રાયે. ૧૪
તારે નુર સતગુર બેાલ્યા બીખીયાત, સુણેા પુજારા હમારીવાત. ૧૫
જો એ દેવ તમારા હેાવે સહી, તેા તમ સાથે કાયમું બેાલે મહી. ૧૬

તારે પુજારે પીરસું વાતજ કહી. એ પત્થરકી મુરત પીર બોલે નહી. ૧૭
પરબતના જે આણીયા પખાણ, ઘડી પુતલા ને માંડયા મંડાણ. ૧૮
આણસે ઘડયા પુતળા ને માંડયા મંડાણ, તે કેમ પીર બોલે હો જાણ. ૧૯
નુર સતગુરે પુજારેસું વાતજ કહી, કે હમારે હુકમશે એ બોલે સહી. ૨૦
તારે નુર સતગુર વાચા બોચરે, તે વારે નાચે પુતલા ને નૃતજ કરે. ૨૧
વાજીંત્ર વાજે બહુ ચીત્રામણ તણા. વળવા લાગા પીરકે ફરમાને ઘણા. ૨૨
વાળ વાજે પથર તણા, તાલ મડદંગ અતી ઘણા. ૨૩
વેણ વાંસલી વાજે બહુ બુલંદ, તીયાં દેવલ માંહે બહુ હુઓ આનંદ. ૨૪
તબ પુજારો લાગો પીરકે પાયે, પછે રાળા પાસે દેાડીયેા જાયે. ૨૫
જબ પુજારે રાળસું ભેદજ કહયેા, આજ દેવલ માંહે અચરત ભયેા. ૨૬
જુએા મરદ એક આવ્યેા તેણે ઠાંયે, તે દેવલ માંહે બેઠેા હેા રાયે. ૨૭
મુસલમાની રૂપ કહયેા નવ જાય, તેને સરવે દેવ લાગે છે પાય. ૨૮
પથરકી મુરત નચાવે તતખણા, પથરના વાળ વાજે અતીરે ઘણા. ૨૯
જેજેકાર દેવલ માંહે થાય, પથરકી મુરતી નાચે હેા રાય. ૩૦
એ વચન સુણી રાળને હરખજ ભયેા, જાનીપા જોગીકું બેાલાવી લીયેા. ૩૧
જાનીપા જોગી માંહે બહુ કરામત, તેથી રાળએ તેને લીધેારે સાથ. ૩૨
તારે રાળએ પેાતાના ગુરસું કહયેા, આજ દેવલ માંહે અચરત ભયેા. ૩૩
એક અચરત વાત પુજારે કહી, તારે રાળ મન માંહે સમજીયા સહી. ૩૪
તારે સઘળી સભાસું રાળ ગયા, તે દેવલ માંહે જાઇને ઉભા રહયા. ૩૫
જારે દેવલ માંહે આવીયેા રાયે, આવી પીરને લાગેારે પાયે. ૩૬
રાળએ મનમાંહે કર્યો વીચાર, એ છે ત્રીભુવનકેા સીરજણહાર. ૩૭
તારે રાળ ચાલી ગયેા દેવલ માંહે, જાઇ પીરને લાગેારે પાયે. ૩૮
તારે રાળકે મુસ્તક પીરે દીધેારે હાથ, તારે નુર સતગુર કહે છે વાત. ૩૯
હારે સુણેા રાળ તમારારે દેવ, પણ તમસું કાંયે ન બેાલેરે ભેવ. ૪૦
તારે રાળએ પીરસું વાતજ કહી, પથરકી મુરત પીર બેાલેરે નહી. ૪૧
તારે પીરે વાત રાળસું કહી, પણ હમારે હુકમસે એ બેાલે સહી. ૪૨
એ ગણેસ મુરત પથરકી આયે, નુર સતગુરે બેાલાવ્યેા સતજ ભાયે, ૪૩
જાએારે ગણેસ પાણી ભર લાય, હાથ મુખ ધેાવે સારી સભાય. ૪૪
તારે ગણેસ ઉઠી ઉભેારે થાય, પીરને જાઇને લાગેારે પાય. ૪૫
ગણેસે લીધી છાગર લાગેા પીરને પાય, પછે તેા પાણી ભરનેકું જાય. ૪૬
જે મેાટેા તળાવ હતેા પાદણ માંહે, ભરપુર પાણી ભરયેારે તાંહે. ૪૭
તે તળાવ તણેા પાણીરે જાણ, તે સરવે છાગર માંહે ભર્યો પ્રમાણ. ૪૮

તારે ખાલી તળાવ હુવારે નીરાસ, તારે ગણેસ પાણી લાવ્યા પીરકે પાસ. ૪૯
તારે હાથ મુખ પીર ધુવેરે જાણ, તારે ગણેસ પાણી નામેરે જાણ. ૫૦
તારે નગર માંહે પડીરે પુકાર, તારે મગરમચ્છ તરફડે અપાર. ૫૧
સરવે લોક ફરીયાદ લઈ રાજા પાસે ગયા, રાજા તળાવ સરવે ખાલીરે ભયા. ૫૨
મગરમચ્છ તરફડે અપાર, પાણીકી નગર માંહે પડીરે પુકાર. ૫૩
તારે નુર સતગુરે વાત મુરતસું કહી, થોડા પાણી તળાવ માંહે નાખી આવો જઇ. ૫૪
તારે ગણેસકી મુરત પીરને લાગે પાયે, તે છાગર લઇને તળાવે જાયે. ૫૫
તારે લઈ છાગર નાખી આય, તારે તળાવ પાણી ભરાણેા જાય. ૫૬
તબ તીયાં જનીપા જોગી શું કરે. દંઢ અણીને સભામાંહે ધરે. ૫૭
તારે ઉડાવીયેા દંઢ ગયેા આકાશ, તબ જોગીએ વચન કહયેા પરકાશ. ૫૮
એ દંઢ તમેા મંગાવેા આણ, તેા તમે પીર મેાટારે જાણ ૫૯
તારે નુર સતગુરે રાખીરે ધીર, પગની મેાજડીકું ફરમાવીયેા પીર ૬૦
તબ ચાલી મેાજડી આકાશ ખંઢ, મારતાં મારતાં ઉતાર્યેા જોગીકેા દંઢ. ૬૧
તારે સરવે લોક પીરને પાંયે પડયા, મારતાં ઉતાર્યેા દંઢ સભાએ દેખ્યા. ૬૨
તીયાં ચેલા મલ્યા સમસુત, તેમાં એક જોગણી માહા અભદુત, ૬૩
તે સાંપ લઇને મુખ માંહે ધરે, તે પેટ માંહે થઇને પુછડે નીસરે. ૬૪
તે સાંપ પુછડેથી પેસેરે જાણ, તે મુખની વાટે નીસરે નીરવાણ. ૬૫
એસી કરામત જોગણી કરે, તબ નુર સતગુર વાચા ઓચરે. ૬૬
તું વાત સુણરે સાંપ હમ તણી, હમ તેા હુએ સેષ્ટકેા ધણી. ૬૭
તું ઈશ બાઈકે પેટમાંહે રહે, એવા વચન નુર સતગુર ઓચરે. ૬૮
સુણરે સાંપ તું ન કરે કાણ, અબ નીસરે બહાર તેા અમારી છે આણ. ૬૯
જો તું વાચા ઉથાપે મેાએ, તેા લઇ ફીરસ્તાને ફરમાવું તેાએ. ૭૦
જો તું વચન ન માને મેાએ, તેા દેાજખ માંહે નખાવું તેાએ. ૭૧
તારે તે સરપ જોગણીકે પેટમાંહે રહયેા. તારે જોગણીકેા પ્રાણ આકુળ વ્યાકુળ થયેા. ૭૨
તારે ધરતી ઉપર જોગણિ તરફડે, પણ પેટમાંથી સરપ બહાર ન નીસરે. ૭૩
તારે રાજા પીરસું બોલ્યા ધીર, દયાવંત થાએા તમે હેા પીર. ૭૪
ખલક તમારી સરવે વરેા, પીર હુવે તમે કીરપા કરેા. ૭૫
તારે નુર સતગુર વાચા ઓચરે, તારે પેટમાંથી સરપ બહાર નીસરે. ૭૬
તીયાં જોગી જતી બહુ મલીયા, અને કાનની મુંદ્રા આપે કરીઆ. ૭૭

તે સરવે મુંદ્રા એકઠી કરી, પાંચ મણ પાકા તોલે ચડી. ૭૮
તારે જાનીપા જોગી પીરને પાંયે પડે, બેઉ હાથ જોડીને વેનતી કરે. ૭૯
હવે પીર તમે કરો કરમ, ને હમકું તમે દિયો ધરમ. ૮૦
તારે નુર સતગુર વાચા ઓચરે, માંગે ભીખ તે કેમ ઓધરે. ૮૧
જે કાણા પાણી પારકા ખાય, તેને ધરમ ન સુજે હો રાય. ૮૨
ત્યાં રાજા રાણીએ લીધા ધરમ, અને છુટા પાપ જુગા જુગના કરમ. ૮૩
ત્યાં સીધરાય જેસંગ ધરાયો નામ, તે પ્રગટ ભયો તેણે ઠામ. ૮૪
જો રાજા કરો ઉત્તમ સેવ, તો ચૂકે ત્રણ ભુવનકો દેવ. ૮૫
તારે કુલ લોક તમારા જાણ, તીનકું ધરમ દિયો નીરવાણ. ૮૬
લોક રધ્યિત જોગી કરે ધીર, તીનકું તમે ધરમ દીયો હો પીર. ૮૭
તારે પીર એમ બોલીયા વાણ, જોગી ખલકસું કહયો નીરવાણ. ૮૮
તારે ખટી કરી તમે દસોંદ દિયો જાણ, તો તમે વઈકું માહે જાઓ નીરવાણ. ૮૯
પીર કહે ગુર મુખે દસોંદ દીયો આણ, તો તમે વઈકું પામો જાણ. ૯૦
તારે રાજા જેસંગસું કહયો મરમ, ક્ષત્રી કરજો તો ખીલીયાનો ધરમ. ૯૧
તારે રાજાને કહયો સરવે વીચાર, આપણી આપણી જાત માંહે મેડા વેવાર. ૯૨
કેટલાક જોગી વાણીયા સાર, તેણે વાણીયાનો કીધો વેપાર. ૯૩
કેટલાક જોગી કણબી સાર, તેણે કણબીનો કીધો વેપાર. ૯૪
કેટલાક જોગી જગમાંહે મલ્યા, તે તો આપ આપણી જાતમાંહે ભલ્યા. ૯૭
તારે રાજાએ સરવેને કહયો મરમ, અઢાર નાત માંહે પીરે આલ્યો ધરમ. ૯૮
તારે સતગુર નુરે સતસું કર્યો મરમ, સરવે નગર માંહે આલ્યો ધરમ. ૯૯
તારે સરવે નગર માંહે હુવો જેજેકાર, ઘર ઘર ઓછવ મંગલ સાર. ૧૦૦
તારે ઘરોઘર વાત સાચી જાણ, ઘર ઘર સતગુરનો પડે પુરાણ. ૧૦૧
ઘરોઘર જુકર બંદગી કરે, ફરી ફરી ધરમશરાએ મળે. ૧૦૨
તારે ઘરો ઘર મુનીવર એકજ ધીયાન, ઘરો ઘર સહુ વાંચે ગીનાન. ૧૦૩
તારે ઘર ઘર ગીનાનં હરી તણા, અને ઘર ઘર આનંદ અતી ઘણા, ૧૦૪
ઘર ઘર ગોષ્ટી જાણે મરમ, ઘર ઘર કીરીયા પાળે ધરમ. ૧૦૫
તારે ફરી ફરી ધરમશરાએ મળે, સરવે નગરમાં હરિ નામ ઓચરે. ૧૦૬
તારે એ નગરનું નામ પીરાણા પાટણ ધર, તીયાં સહુ પીર-શાહા જાપ ઓચરે. ૧૦૭

તારે ગુર સતગુરે કહયેા રાજસુ' મરમ, તમે પાળજો સતપ'થનેા ધરમ. ૧૦૮
શ્રી ગુર સતગુર સેહેતર દીપમાં બેઠા જાણુ, અને પાટણ નગરમાં આન'દ પરમાણ. ૧૦૯
ભરત ખન્ડ ને જ'બુદીપમાં નવસારી ગામ, દરીયાને તીરે ઉત્તમ ઠામ. ૧૧૦
તે નગર નવસારી ઉત્તમ આય, તીયાં રાજ કરે સુરચન્દ્ર રાય. ૧૧૧
તે સુરચન્દ્ર રાય પુન પવીત્ર ધરમ, સતગુર નામે છુટે કરમ. ૧૧૨
તે ઘર કન્યા અવતરી હેા રાય, હરખ પરીવાર પેાતા તણે આય. ૧૧૩
તે કન્યા સુંદરી રૂપ અપાર, આદ સખતી સાવ'ત્રી નાર. ૧૧૪
તેના પીતાએ કહયેા એણે ઠામ, બેાલાવેા જોતકી પડાવેા નામ. ૧૧૫
તારે આવીયા જોતકી પ'ડીત ઘયાં, રાજા પાસે જાઇ બેઠા તીયાં. ૧૧૬
બેાલ્યા રાજા તે પ'ડીત તણે, નામ જુએા એ કન્યા વણે ૧૧૭
તારે રાજા વાત પ'ડીતસુ' કહી, એ કેાણ નક્ષત્ર માંહે કુંવરી ભઇ. ૧૧૮
દેખી જોતક બેાલ્યા પ'ડીત સાર, એ કન્યા આદ સખતિ અવતાર. ૧૧૯
એ કેાણ રૂપી કન્યા આય, રાજાને મન વિમાસણ થાય. ૧૨૦
તારે પ'ડીતની વાત રાજાએ સુણી, એ કન્યા પરણુશે સેઠનેા ધણી ૧૨૧
પ'ડીત કહે સુણેા રાજા પુસ્તક માંહે આય, એ કન્યા તુને વઈકુંઠમાં લઇ જાય. ૧૨૨
ધન ધન વઈશવ તમારેા આજ, અને વઇકુંઠ માંહે તમે કરશેા રાજ. ૧૨૩
એ કન્યાથી વ'શ તમારેા બેાધરે, અયસી જોશી જન્મેાત્રી કરે ૧૨૪
એ કન્યાથી તમારેા હેાએસે નામ, સરગ માંહે હેાએસે તમારેા ઠામ. ૧૨૫
જારે એવેા પ'ડીત જોશીએ કહયેા, તારે રાજાના મનમાંહે હરખ ભયેા. ૧૨૬
તારે રાજા કન્યા ઉપર ધરે પ્યાર, ખરચ્યા ખજાના ગીરથ ભ'ડાર ૧૨૭
તારે જેમ જેમ કન્યા મેાટી થાય, તેમ તેમ રૂપ પદમણી સુંદરી કેહેવાય. ૧૨૮
જારે વરસ પાંચ એણી પેરે થયા, તારે રાજા મનમાંહે હરખજ ભયા. ૧૨૯
જારે વરસ પાંચ કન્યાને થાય, તારે વચન રાજા બેાલ્યેા જાય. ૧૩૦
તારે બેાલાવ્યેા ગેાર પેાતા તણેા, ગેાતેા વર એ કન્યા તણેા. ૧૩૧
તારે રાજા ગેાર પરધાન પરીવાર, કન્યા વીવાનેા કર્યો વીચાર. ૧૩૨
તારે રાજા ગેાર પરધાન બેઠા જીયાં, કન્યા પાલણદે આવી છે તીયાં. ૧૩૩
મારેા વીવા પીતાજી ના કરેા, વચન કહું તે મનમાંહે ધરેા. ૧૩૪
તમે કેાઇ ન જુએા અમારેા વર, અમારેા પુરશ આવરેા એકજ નર. ૧૩૫
તેના ગુણ તે કેાઇ નવ લહે, મારેા નર તે સેતર દીપમાંહે રહે. ૧૩૬
એવેા વીચાર કન્યાએ કહયેા, તારે રાજા પરીવાર અચરત ભયેા. ૧૩૭
તીયાં પાંચ વરસની પાલણદે કહે, તારે સરવે પરીવાર અચ'બે હેાઇ રહે. ૧૩૮
સુણેા પીતાજી વચન કહું તાહે, મેાહેાલ માળી જુદા સેાંપેા મેાહે ૧૩૯

તારે બોલાવ્યા રાજાએ કડીયા સુતાર, સાત મોહોલ બંધાવ્યા અપાર. ૧૪૦
તે ઉપર કન્યા બેઠી આયે, વેનતી પીરસું કરે બહુ ભાયે. ૧૪૧
સુણો પીતાજી કહું તોય, એક પારાધી ચાકર સોંપો મોય. ૧૪૨
તારે રાજાએ ફરમાનજ કીયો, તારે પારાધીકું બોલાવી લીયો. ૧૪૩
તારે પારાધીકું પાલણદે કહે, જો તું ચાકર અમારો રહે. ૧૪૪
નીત ઉઠીને પારાધી વનમાંહે જાઓ, એક શેર માંસ હરણકો લાઓ. ૧૪૫
એમ કન્યા પાલણદે કહે, અને ખરેખર તું ફરમાને રહે. ૧૪૬
તારે પારધી વનમાંહે જાય, તારે એક હરણ વેંધે તેણે ઠાંય. ૧૪૭
શેર માંસ કન્યાને ઘરે લઈને આયે, પછે પારાધી પોતાને ઘરે જાયે. ૧૪૮
તે માંસ રંધાવતી નીતો નીત, તેમાં એક આંગળી બોળે એકજ ચીંત. ૧૪૯
તે આંગળી મુખમાંહે દેહ, એ રસકો સ્વાદ કન્યા લેહ. ૧૫૦
તે માંસ લઈને ધ્યું કરાયે, તે માંસ લઇ ઓર કોઇ ખાયે. ૧૫૧
એવા કામ કરાવતાં વરસ અગીયાર, તારે સતગુર તુરે ધર્યા પીયાર. ૧૫૨
તારે મેડીએ બેસે કન્યા નીત, ત્યાં જીકર બંદગી કરે એકજ ચીંત. ૧૫૩
તારે તુર સતગુરે દયા ધરી, તારે જંબુદીપ માંહે કીરપા કરી. ૧૫૪
સેહેતર દિપથી ચાલી આવ્યા દેવ, અને હીંદુસ્તાન માંહે આવ્યા તતખેવ. ૧૫૫
એ સાથે મુસાફર લીધા દાય, નગર નવસારી આવ્યારે સોય. ૧૫૬
નગર નવસારી એક જોજન રહી, તારે પીર પાછમ દીસે મોંહ કરી બેઠા સહી. ૧૫૭
તારે જંગલ માંહે પીર બેઠા જીયાં, સરવે જનાવર આવ્યા છે તીયાં. ૧૫૮
તારે જંગલી જનાવર અચરત થયા, અને પીર પાસે જઇ ઉભા રહયા. ૧૫૯
તારે આવ્યા હરણ ને આવ્યા રોઝ, તે આવી પીર પાસે કરેરે કલોલ. ૧૬૦
તીયાં આવ્યા વાઘ અને ચીત્રા, રીંછ શીયાળ તો અતી ઘણા. ૧૬૧
તીયાં જંગલી હરણ સરવે આવ્યા, પીર પાસે જઇ ઉભા રહયા, ૧૬૨
તીયાં જંગલી જનાવર જે પંખી જાત, તે સરવે આવ્યા પીરકે પાસ. ૧૬૩
તીયાં આવ્યા બહુ જાનવરના ટોળ, તીયાં મોર આવીને બહુ કરે કલોલ. ૧૬૪
તીયાં આવ્યા વાંદરા અતીજ ઘણા, વાઘ સીયાળ બહુરે ઘણા. ૧૬૫
અજબ્બ ગાડર સરવે એકજ મોર. તીયાં વેળા વાયા પાછલા પોહોર. ૧૬૬
ચાર પોહોર જનાવર સરવે બંધાઈ રહ્યા સાથ, તેને ઓળખ્યો કે વઈકુંઠ નાથ. ૧૬૭
તારે પારાધીને ન મલ્યો માંસ, તારે પારાધી આવ્યો પીરકે પાસ. ૧૬૮

પારાધી આવ્યેા ગુરને ઢુંઢતેા આશીશ લેવાયે, તીયાં સરવે જનાવર કરે સેવાયે. ૧૬૯
તારે નુર સતગુર પારાધીકું કહયેા, પારાધી તું કાયકું ઉદાસી રહયેા. ૧૭૦
પારાધી કહે નવસારીમાં પાલણદેનું વાસ, તે નીત ઉઠી હરણકેા સેર માંગે માંસ ૧૭૧
તારે નુર સતગુરે હરણકું કહયેા, તારે હરણકેા માંસ શેર પારાધી લઈ ગયેા. ૧૭૨
તારે તે પારાધિ આવી ઉભેા રહયેા, સરવે ભેદ રાણીસું કહયેા. ૧૭૩
તારે રાજાકું બેલાવીયા પાલણદે આય, મંગાવેા પાલખી મુજ
મનમાંહે આનંદ થાય. ૧૭૪
જે વરની ઈચ્છા મેાહે હતી મેહુ, દેવ પેાતે આવ્યા છે એહુ. ૧૭૫
તારે રાજા મન હીરખ્યા બહુ, ઉઠી ચાલ્યા વનમાં પીર પાસે સહુ. ૧૭૬
તીયાં રાજા જંગલી જનાવર જોઈ હિરખ્યા, તારે નુર સતગુર રાજાને પરખ્યા. ૧૭૭
તીયાં નુર સતગુર બેાલ્યા વાત, રાજાને મુસ્તક દિધારે હાથ. ૧૭૮
તારે રાજાના મનમાંહે આવ્યેા વીચાર, એ છે ત્રીભુવનકેા સરજણહાર. ૧૭૯
તારે પીર બેાલ્યા બ્રહ્મ ગીનાન, સુણેા રાજા એકજ ધ્યાન. ૧૮૦
તારે ગીનાનનેા પીરે વીચારજ કહયેા, રાજા સુણીને અચરત ભયેા. ૧૮૧
તારે આણ્યેા ધ્રમાન તતખેવ, તમે ધરમ નીયમ આપેા હેા દેવ. ૧૮૨
તારે જંગલી જનાવર હરખ્યા બહુ, પેાતા વઇકુંઠ ચાલ્યા સહુ. ૧૮૩
તારે પીર પાલખીએ બેઠા સહી, રાજાને મીંદરે ઉતર્યા જઈ. ૧૮૪
તારે પારાધી પાલણદે હરખ્યા અપાર, નુર સતગુરને દીઠા હેા દ્વાર. ૧૮૫
તારે રાજાએ જોશી તેડાવ્યા સહી, લગન મુરતની વાતજ કહિ. ૧૮૬
તારે ઘડીયા લગન જુએા તતખેવ, એ પરણવા આવ્યા વઇકુંઠ દેવ. ૧૮૭
તારે ઘડીયા લગન લીધા ઉતમ સાર, સવાર્યા મંડપ રચ્યેા તેણે ઠાર. ૧૮૮
રચી રચના ચેારિ નવ રંગ, બેઠા ગુર વસ્ત્ર પેરી બહુ રંગ. ૧૮૯
તીયાં જાન મલી છે અનતજ ઘણી, તીયાં નુર સતગુર થયા છે પાલણદે ધણી. ૧૯૦
જે ભેાજન વસ્ત્ર મન ગમતાં સાર, જાની મલ્યા ત્યાં બહુ અપાર. ૧૯૧
સુરચંદ રાયે કન્યાને દિધા બહુ દાન, સરવેને આલ્યા ફેાફલ પાન. ૧૯૨
સીજત બાઇ વસ્ત્ર આપ્યા અપાર, સેાવન પુલે વધાવીયા સાર. ૧૯૩
ગંગાબાઇ બાંધી આપી પાલણદેને હાથ, ચાંચ ચાકર કરી આપ્યેા સાથ. ૧૯૪
મેાલ મીંદર આલ્યા કેવલાસ, પાલણદે સારૂ રેહેવાના અવાસ. ૧૯૫

તારે પીર પાલણદે હુવા એકાંત, હું તુજને પુછું સતગુર કંથ. ૧૯૬
જે ધરમ મારગ દેખાડયા પીર, અને જે કોઈ રાખે સાચી ધીર. ૧૯૭
તારે તે દેવ તમે પરકાશો ભરપુર, સબ કોઈ સમરે સતગુર નુર. ૧૯૮
તારે ચાંચ મુખી પાલણદેકું પુછે ભેવ, જો તમો ન આવો તો નીશાની શું દેવ. ૧૯૯
તારે અંતર ધ્યાન થયા સતગુર નુર, સાહેબ હમારો છે રે હજુર. ૨૦૦
તારે રાણીએ પુછયું આજ તમે છો ઘેર, પણ તમે ન આવો તો શી કરીએ પેર. ૨૦૧
અમે એકલા કેમ રહીએ ઘેર, જો તમે ન આવો તો અમારી શી પેર. ૨૦૨
તારે નુર સતગુર બોલ્યા પરમાણ, અમે હરદમ આવીએ સહી જાણ. ૨૦૩
જારે અમે ન આવીએ તો એ છે મરમ, માખી બેસે તારે લુપેરે ધરમ. ૨૦૪
તારે ચાંચ મુખીને રાણીએ બોલાવ્યો સહી, ગુર ન આવ્યાની નીશાની કહી. ૨૦૫
જારે માખી બેસે કાયા ઉપર સહી, તારે અમે ન આવીએ તહીં. ૨૦૬
તારે ચાંચ બાંડના છાંટણ કર્યા ભરપુર, હવે નહી આવે સતગુર નુર. ૨૦૭
તારે તેડાવ્યા રાણીને તમે જુઓ ભેવ, હવે ન જાણો આવે હો દેવ. ૨૦૮
તારે ચાંચ મુખી ગતકું કહયા, નુર સતગુર તો પડદે થયા. ૨૦૯
એવો ચાંચ મુખી કહયો ભેવ, જુવો હવે ન આવે હો દેવ. ૨૧૦
તારે બોલ્યો ભંડારને કીધો ગુજ, તીયાં સહુ મલીયા અસુજ. ૨૧૧
તીયાં ચાંચે કીધો એક બાલકનો ઠાઠ, તેને ચાંચ બોલાવ્યો એકજ વાર. ૨૧૨
તીયાં કહે ચાંચ સતગુર હુઆ કરો કબુલ, ગત સઘળીને તીયાં પડાવે છે ભુલ. ૨૧૩
એવો કુડ કરે છે ચાંચજ મુખી, તમે સઘળા કાંઈ થાઓ છો રે દુઃખી. ૨૧૪
તારે ચાંચ મુખી માને છે કુડ, તીયાં ગત સઘળીને ચડાવે છે સુલ. ૨૧૫
એવો કુડ કરાવે છે ચાંચ મુખી, તારે પીર પોપટનો રૂપ લઈ આવીયા રૂખી. ૨૧૬
તારે પોપટે જાણ્યું સરવે ગત અજાણી થઈ, ને ચાંચ મુખીના કહયામાં રહી. ૨૧૭
તારે નુર સતગુરે લીધો જીંદાનો વેશ, ચોળી ભભુત કંધે સંદેશ. ૨૧૮
તારે લઈ મુતારોને આવીયા જ્યાં, ગત સઘળી બેઠી હતી તીયાં. ૨૧૯
તારે મારી મુતારો નસાડયા લોક, જોતાં ધરમનો થયો ફોક. ૨૨૦
તીયાંથી ચાંચ નાઠો તે ગયો મધમને ઘેર, હવે આપણે શું કરસું પેર. ૨૨૧
તારે નુર સતગુર બોલીયા ગીનાન, ગત તમે સાંભળો એકરે ધીયાન. ૨૨૨

સમાપ્ત.

અણતના નવ છુગા.

રચનાર—પીર હસન કબીરદીન.

છુગો પહેલો.

આશાજી પાછમ દીસથી નરજી આવે, આવે તે જંપુ દીપમાંહે જાણજી;
એવો નર મારો કાયમ આવસે, થાયસે તે પુરખ અવતાર—
હરી અનત અનત હરી અનતેંજો સામી શાહા અનતેંજો અંત તુંહી જાણેજી. ૧
આશાજી એવો પુરખ વીરા તમે એવો, જે સાચી નારીનો ભરથારજી;
સેવા કરતાં સરવે માણો, માણે તે જંપુદીપ મીંજાર–હરી૦ ૨
આશાજી અમે પુરખ શ્રી ઈસલામ શાહા લાધો, અને લાધો તે દીનનો દાતારજી;
એની નારી જે થઇ રહેશે, તેણે કાંયો સુતર અપાર–હરી૦ ૩
આશાજી સીરબંધ સારો અમેજ કાંત્યા, અને આલ્યા તે હાથોઇ હાથજી;
તે દાડાની અમે નારી થઈ રહી, તે સાચે શાહની જાણ–હરી૦ ૪
આશાજી એવો નર નારીએ ગોતીને લાવ્યા, તે કરવા જીવુંના કામજી;
એની નારી જે થઇને ચાલશે તે પામસે અમરાપુરીમાં ઠામ–હરી૦ ૫
આશાજી નવ છુગાની પાગજ વણી, તે કીધી ઘરની નારજી;
હવે પાઘડી બાંધો એ વર રાજા, જે લાવી તમારી નાર–હરી૦ ૬
આશાજી કાંતતા કાંતતા નરજીને જણ્યા, એ બાલ કુંવારી તારી નારીજી;
તે નારી ફેરવી શાહા જજર કીધા, દીધા તે અણત ઉગાર–હરી૦ ૭

આશાજી એતો નર ઓધારવા વાળો જાણો, તમે રખે તે થાઓ ગેમારજી;
એ નર બહુ રૂપે રમતજ રમ્યા, તેની રમતે મ ભુલોરે ગેમાર-હરી૦ ૮
આશાજી નારીએ જારે એ નર પામ્યા, તારે કીધા તે પીર અવતારજી;
જો તમે એ નરને આરાધો, તો ઉતરો પહેલે પાર-હરી૦ ૯
આશાજી પીર હસન કબીરદીન ગીનાનજ બોલ્યા, તેનું નવ છુગાનું વીસતારજી;
ગીનાન વીચારી વીરા તમે ચાલજો, તો પામો તઈકું ઠામ-હરી અનત૦ ૧૦

છુગો બીજો.

આશાજી અણત તાર્યાનું વીચારજ કરતાં, તે કેતાક જુગજ જાણોજી;
અમારે માથે તમે મહેરજ આણો, સામી નવ છુગાની છઉં નારી-હરી૦ ૧
આશાજી અમારા નાથ તમેજ છો, તે તમે ચતુર સુજાણુજી;
તમ તણી અમે નારી થઇ રહયા, સામી તમે છો નર અવતાર-હરી૦ ૨
આશાજી કોલ કરી અમેજ આવીયા, સામી કરૂં તમારી સેવાજી;
અમે જોગી ભવો ભવ તણા, સામી અમને છે તમારી આશા-હરી૦- ૩
આશાજી જુના જોગી ભવોભવ તણા, તમે કાંઈ ન લ્યો અમારી સારજી;
હું નવ છુગાની પાઘડી લાવી, તે લાવી તમારી નાર-હરી૦ ૪
આશાજી મુસ્તક હમારો નીચો ધણો, ઉપરે તે નહી લગારજી;
હળવે હળવે ડગલાં ભરૂં, પ્રેમ કરૂં અપાર-હરી૦ ૫
આશાજી કઠણ પોહોરો કલજુગ તણો, તેમાં મેહેર કરો એ મુરારજી;
સામી એમહી જાણી મેહેરજ કરજો, મયા કરો એ મુરાર-હરી૦ ૬
આશાજી કેતાક આકડા અમેજ વીણ્યા, તેહ તણો કપાસજી;
એણી રીતે કરીને કાંત્યા, તેનું સુતરજ ખાસ-હરી૦ ૭
આશાજી નારી ફરતી તીયાંજ કાંતતી, તમે સુણો નર સુજાણજી;
અમારો નર અમ ઘર આવશે, નકલંકી ચતુર નીરવાણ-હરી૦ ૮

આશાજી વાત સાંભળો નારીજ તણી, તે સતસું વીનવે જાણજી;
કેતીક વાતે મેહર મોરા જોગીયા, નવ છુગાની વેનતી પરમાણો–હરી૦ ૯

આશાજી હસન હુસેનકી આલજ કહીએ, સોહી હસન સાહા બાસજી;
પીર હસન કબીરદીન બોલ્યા હો સામી, પુરો હમારી આશા–હરી અનત૦ ૧૦

છુગો ત્રીજો.

આશાજી હેતસું નારી તેરી આસજ કરતી, ને કશું કીધો સાંહીજી;
જાન તમે લઈને આવજો, તો કરીએ નરસું વાણ–હરી૦ ૧

આશાજી પેલી રાત વીવાજ તણી, તારે કરો સતીયુંના કાજજી;
તે તમે સાંભળો હંસાજીના રાજા, નારીના સારો કાજ–હરી૦ ૨

આશાજી હેત કરીને નારી આવી, તે બાલ કુંવારી નારીજી;
છેડો નાખી સામો તમેજ ઢાંકજો, જેમ લોક ન દેએ લગાર–હરી૦ ૩

આશાજી ચાર જુગનો અમને આશાજ પોતી, કલેજુગમાં કીધી તમે સારજી;
અમે નારો તમે નાથજી, તમે અમારા ભરથાર–હરી૦ ૪

આશાજી નર હર મોટા તમે નાથજી, અમે તમારો નારીજી;
નીચ નારીની તમે પતજ રાખજો, અમને આશા છે તમારી–હરી૦ ૫

આશાજી મેહેર કરીને તમે મોટા કરો, હમ નાર છઉં તમ સામીકીજી;
આસ કરીને હું નારી આવી, હું નારો છું તમ શામકી–હરી૦ ૬

આશાજી ભવો ભવકી હું કથણી કંથુ, કેતી કહું તેની વાતજી;
વેનતી સુણો તમે મુજ નારીની, હીરખેસું ગલો મારો હાથ–હરી૦ ૭

આશાજી હું નારી બહુ અપરાધણ છઉં, અમે આવ્યા તમારે પાસજી;
બે કર જોડી અમેજ આવ્યા, તમે સાંભળો મોરા નાથ–હરી૦ ૮

આશાજી ઢીલ ભરી અમેજ આવ્યા, ઉભા તમારે દરબારજી;
હરી વર તમે હંસાજીના રાજા, સામી સતીયું ની કરજો સાર–હરી૦ ૯

આશાજી અરજ કરીને પીરજી બોલ્યા, અમે આવ્યા તમારે પાસજી;
પીર હસન કબીરદીન વેનતી બોલ્યા, સામી અમને છે તમારી આસ-હરી૦ ૧૦

છગો ચોથો

આશાજી તેડા તમે આપજ મોકલ્યા, તેની કેને નહી કહું વાતજી;
હવે મોલ માંહે તમે બોલાવો, તે બોલાવો તમારે પાસ-હરી અનત૦ ૧
આશાજી મયા આણી તમે મોલે બોલાવ્યા, તેની સામીજીએ કીધી મેહેરજી;
વીમરસ તણા તેડા મોકલ્યા, કીધી નારીની સાર-હરી૦ ૨
આશાજી એક અલ્લાહ ને બીજી રેહેમત, તમે છો બળવંત રાયજી;
બળવંત અમારા ત્રીભોવર ધણી, તે વઉકુંઠ કેરો રાય-હરી૦ ૩
આશાજી એવો નર અમેજ લાવ્યા, તે કરવા ગતીયું ની ઉગારજી;
એણે નરે કલપ જુગ ઓધાર્યા, તે કરશે અમારી સાર-હરી૦ ૪
આશાજી વાત અમારી સાંભળો હો નાથજી, એ સાચી તમારી વાણજી;
વચને બલીયા તમે છો નાથજી, તમે છો પ્રતીપાળ-હરી૦ ૫
આશાજી અબળા નારીની તમે લાજ રાખજો, તમે છો કંથ સુજાણજી;
નવ છુગાની પાઘડી લાવ્યા, તે નારી તમારી નીરવાણ-હરી૦ ૬
આશાજી સુભાગણ કરો મોરા નાથ, હું છઉં તે તમારી નારજી;
સેહેન લાવી સામી અમને વરજો, સામી કરો અમારી વાર-હરી૦ ૭
આશાજી ત્રણ તેડા તમેજ મોકલ્યા, તેડાવી ઘરની નારજી;
વઈકુંઠના તમે છો રાજા. હું અબળા તમારી નાર-હરી૦ ૮
આશાજી નારી તમારી હીરખસું હીરખ્યા, હીરખેસું કરે હરસું વાતજી;
વાત સાંભળો તમે મોરા નાથજી, જાન લાવી છુડાવો અપરાધ-હરી૦ ૯
આશાજી પીર હસન કબીરદીન હીરખસું વીનવે, સામી કીધી તેની વારજી;
તે નારીના પાપ ભવો ભવ તણા, તે તોડાવ્યા તેણી વાર-હરી અનત૦ ૧૦

૫

છુગો પાંચમો.

આશાજી નર નારીને પરણી લાવ્યા, તે જંપુઅ દીપ મીંજારજી;
ઉતમ નારી તે નરને લાવ્યા, તે કરવા રીખીસરની સંભાળ-હરી અનતગ ૧

આશાજી નારીની સાર તમે નરજીએ કીધી, વચને આવ્યા ઘર મીંજારજી;
વચને બલીયા તમે નાથ છો, ઉતમ નારીની કીધી સંભાર-હરી૦ ૨

આશાજી કલજુગમાંહે હું તમને ઢુંઢતી, ફીરતી દેશ વીદેશજી;
પાકી નારી જે કોઇ સીલસું, જે નરકું લાવે પોતાને સાથ-હરી૦ ૩

આશાજી પાકી નારી તો નરને લાવ્યા, રીખીસર કારણ કામજી;
નીચું નમી નમી નારી વીનવે, સામી આપે દીયો દીદાર-હરી૦ ૪

આશાજી નર નારી દોએ એકઠા બેસસે, તારે કરશે તે જીવુંના કામજી;
સોહાગણ નારી તેને કહીએ, જેની નર કરે સંભાર-હરી૦ ૫

આશાજી નારી હીરએ અરદાસ કરે છે, સુણો કંથ ભરથારજી
ઉતમ નારી જેને નરજ લાવ્યા, તે કરવા જીવુંના કામ-હરી૦ ૬

આશાજી ઉતમ નારી જે થઇને અવતરો, તે કરે છે સહુના કામજી;
કુટુંમ પરીવારને તે તારે, જે થઇ ત્રીભોવરની નાર-હરી૦ ૭

આશાજી એ તો ગત પરીવાર સહુને તારે, ઉગારે તે જીવું અપારજી;
જે ત્રીભોવર સામીની નાર થઇ રહી, તે ગત અનતને ઉતારે પાર-હરી૦ ૮

આશાજી પાકી નારી તમારી પ્રગટી, તે કરવા અનતની સારજી;
તે તો નારી અનતને ઓધારસે, ઉતારે સહું જીવુંને પાર-હરી૦ ૯

આશાજી એ પુરખ તો મને ભેટયો, હું જાઉં તેની બલહારીજી;
પીરહસનકબીરદીન સાચું જ બોલ્યા, સામી નારીની કરજો સંભાર-હરી૦ ૧૦

છુગો છઠ્ઠો.

આશાજી પાકી નારી જે. પાકજ રહેવે, જેનું પાક પુરશસું કામજી;
નારી વીન્યા નર નહી આવે, ન સરે જીવુંના કામ-હરી અનત૦ ૧

આશાજી નારી વીન્યા નર નહી આવશે, નહી આવે આપણે ઘેરજી;
પાકી નારી તેા નરને લાવ્યા, સતીની એ છે પેર-હરી૦ ૨

આસાજી નારીએ પુરશ પુરેા શ્રેવીયેા, ત્રણ ભુવનનેા નાથજી;
તેાયે પુરખ તમે સાચા સામી, તે છે અતી કેાડામણેા-હરી૦ ૩

આશાજી એહી પુરશ અતી રૂપે રળીયામણેા, જેની નારીઉં લાખેા લાખજી;
પાકી નારી જે નરની થાયસે, તે પુરખને લાવે નીરવાણ-હરી૦ ૪

આશાજી પાકી નારી તે સતીયું'ને કહીએ, જે કરે કાયાની વારજી;
કાયા તેા તે સારજ કરશે, જેણે કીધી સેવા અપાર-હરી૦ ૫

આશાજી સેવા કરી જેણે મેવા પાયા, અને આધા હીરખે સારજી;
હઇડે અભાવ નેહજ પડીયા, તેા થઈ લેાઢાની ભીતજ સાર-હરી૦ ૬

આશાજી તારે નારી નરસું વીનવે, વાત કરે છે સંભારજી;
છ માસ લગણ નારીએ દુઆગજ ભેાગવ્યેા, તેાએ નર ન મટ્યા લગાર-હરી. ૭

આશાજી એણે નારીને નર નહી મટ્યેા, તેાએ હીરખ હઇડે અપારજી;
તારે પુરખે કીધેા માન ચાવાણેા, નારીની કીધી સાર-હરી૦ ૮

આશાજી પુરખકેા નેહ નારી લઈ રહી, હઇડે તે હીરખ અપારજી;
એણે સંજોગે પીર સદરદીન કહયા, સામી કરેા હમારી સાર-હરી૦ ૯

આશાજી હમ નારી હક શાહકી કહીએ, સેાહી કરે હમારી સારજી;
નાકી થઇ પીર હસન કબીરદીન વીનવે, તમે વરેા નર સુજાણ-હરી અનત૦ ૧૦

૭

છુગો સાતમો.

આસાજી પાકી નારી પહેલાજકું કહીએ, જેની કીધી નરજીએ સંભારજી;
નારી થઈને પહેલાજજ વળગ્યા, તારે પોતા ભરથારને ઘેર–હરી૦ ૧

આશાજી નર નારીને ઘેરજ આંવ્યા, મલ્યા છે મયદાન મીંજારજી
એવી એ નારીને નરજ વર્યા, સતીએ સત મીંજાર–હરી૦ ૨

આશાજી નારી પાકી વીરા તેનેજ કહીએ, જે કરે ભરથારને વશજી;
હરીચંદ્ર વીરા હોઇજ રહયેા, તે પોતા હરી આવાસ–હરી૦ ૩

આશાજી તેણે નરનું ઘર જઈને માણ્યેા, સાચી નારી થયા સાચજી;
સતીએ જારે રાજ છોડયા, તારે નર સધાર્યા તેને ઘેર–હરી૦ ૪

આશાજી નારી થઈને તે જીવ ચાલ્યા, જેનું જુજેષ્ટળા નામજી;
નવ કરેાડ તેણે જીવજ તાર્યા, સાર્યા તે સહુના કાજ–હરી૦ ૫

આશાજી જયારે નારી થઈને શ્રેવ્યા, ત્યારે નરે તે કીધી સારજી;
સાર કરી સાહેબે હાથજ જાલ્યેા, ઉતાર્યા પહલે પાર–હરી૦ ૬

આશાજી નારી તેા પુરી સેાહી કહીએ, જેનું પીર સદરદીન નામજી;
બાર કરેાડ જીવડા તાર્યા, કર્યા જીવુંના કામ–હરી૦ ૭

આશાજી એવી નારી સેાહી કહીએ, જે સતમું શાહને સંભારેજી;
એક તીલ મેાટાઈને કારણે, વજરની ભીતજ સરજ્યા–હરી૦ ૮

આશાજી હમહી નારી તેરે ઘરકી, મુને છે તમારી આશજી;
કૃપા કરેા હેા મેારા નાથજી, પુરેા હમારી આશ–હરી૦ ૯

આશાજી શ્રી પસલામે શાહ મેારે સામી, નર દાતાર જેનું નામજી;
પીર હસન કબીરદીન એમહી વીનવે, સુઆગણ તેનું નામ–હરી અનત૦ ૧૦

છુગો આઠમો.

આશાજી એવી નારીયું તારી અતી ઘણી છે, તે કરે છે સણગારજી;
પાકી નારી જે હોઇ રહી, તે પોતી દેવને દુઆર-હરી૦ ૧
આશાજી જયારે નર નારીકું લાવ્યા, તેણે કીધી હમારી સારજી;
મુજ નારીને ઘેર નરજ આવ્યા, તે જંપુઅદીપ મીંજાર-હરી૦ ૨
આશાજી નારી પુરી પ્રીતની કહીએ, તેનું પીર સદરદીન નામજી;
સાચી નારી તારી થઇ રહી, તમે છો સાચા મોરા સામ-હરી૦ ૩
આશાજી સત કરીને જેણે શાહને શ્રેવ્યા, તેની વેદ માંહે છે સાચી શાંખજી;
સાચો નર મારો સામી રાજો, તેનું નામ અલખ અલી અવતાર-હરી૦ ૪
આશાજી એણે નારના સુઆગી બેઠા, તે બેઠા સરગ મીંજારજી;
એણે નારી પાસે નરજી રહયા, તેના હુઇડે તે હીરખ ન માય-હરી૦ ૫
આશાજી એ નરનીયું નારીઉં જે સાચી થઈ, તેના જુગમાંહે નામ લખાણાજી;
હુરાઉં પચાસ તે જીવ માણસે, તેના સરીયા સરવે કામ-હરી૦ ૬
આશાજી સુઆગ સામી જે નારી થઈ રહી, તે સતી સેાહી સજાણજી;
કસ પાયા જેણે જુગમાંહે, તારે નર થયા મહેરબાન-હરી૦ ૭
આશાજી મુજ નારીની લાજજ રાખજો, મુણેા મારા નરજી;
નર ચરણે નારી હીરખે ઘણું, જે પાસે નર રહે નીરવાણ-હરી૦ ૮
આશાજી નરને પરતાપે નારી ઉગરે, તે ખેવાએ ઉગારે પારજી;
સેવા કરી જેણે મેવા પાયા, માણ્યા સરગ મીંજાર-હરી૦ ૯
આશાજી ચાર કન્યાઉં દેવની છે, એક અરથ અંગની સારજી;
પીર હસન કબીરદીન શાહને વીનવે, સામી મારા કરેા અમારી સાર-હરી૦ ૧૦

છુગો નવમો.

આશાજી નવ છુગાની પાગજ બાંધો, તે બાંધો મારા વરજી;
આકડાનું સુતર નારીએ કાત્યું, જાણો મારા નર નીકલંકી નાથ–હરી૦ ૧
આશાજી પીતાજી મારે મોટાઈ કીધી, તો કીધી સતની ખોટજી;
તારે વજરની ભીતજ નીપની, અને આવી દીદારની ખોટ–હરી૦ ૨
આશાજી પીર સદરદીન તપજ કર્યા, જે સતે સાચો હુઓ દાસજી;
ઉંધે મુસ્તક તપજ સાધ્યું, સ્વામી પુરો હમારી આશ હરી૦ ૩
આશાજી હું છું અપરાધણ, સાચી નારીના વર તમે જાણોજી;
દીધા કોલ સામી તમેજ પાળજો, તમે નારીના વર રાજા–હરી૦ ૪
આશાજી ૭ માસ સુધી ગુરે તપજ સાધ્યા, રૂદન કર્યા અપારજી;
અન્ન પાણી ગુરે મેલ્યા, તારે નારીની કીધી સાર–હરી૦ ૫
આશાજી નરે જ્યારે નજરજ કર્યા તારે પુરી મનની આશજી;
તારે વજરની ભીતજ ગલી, પીતા નરને પાસ–હરી૦ ૬
આશાજી ગુર જ્યારે દરશન ભેટયા, સાહેબે કીધી સંભારજી;
તારે મુજદો દઇને નારી વીનવે, અરદાસ કરે અપાર–હરી૦ ૭
આશાજી હું છઉં અપરાધણ પાપણી, તમે છો અક્ષણહારજી;
બંદા દોસારી સદા અપરાધી, શાહાજી ઉતારો પાર–હરી૦ ૮
આશાજી બાર કરોડ જીવડા તાર્યા સરબંધ બાંધ્યો સીર પરજી;
તારે પીર હશન કબીરદીને પાગ લઇ આગલ ધરી, તમે બાંધો મારા
ત્રીભોવર દાતાર–હરી૦ ૯
આશાજી નવ છુગાની શાહા પાગજ બાંધો, વીનવે ઉભી ધરની નારજી;
અણત તે માંહે વણ્યો હતો, તે દીધો હસન શાહાને સાર–હરી અનત૦ ૧૦

સમાપ્ત.

મોમીન નુરમહંમદ પીરમહંમદ ડાસન

મામજી નુરમહંમદ - કરડીયા

ગામ મેઘાવગા.

મુળબંધનો અછોડો

યાને

હંસ હંસલીની વારતા.

રચનારઃ—

પીર સમ્શુદીન મહમદ.

આવૃતી બીજી નકલ ૫૦૦.

છપાવી પ્રગટ કરનારઃ

ધી રીક્રીએશન ક્લબ ઈન્સ્ટીટ્યુટ પ્રેસ ડીપાર્ટમેન્ટના ઓ. સેક્રેટરી

રેમતુલા વીરજી એ ધી ઓન્સ સીંધી પ્રીન્ટીંગ પ્રેસ, ભીમપુરા

ડોંગરી સ્ટ્રીટ મુંબઈ નં. ૯ માં છાપી ત્યાંથીજ પ્રગટ કરી.

સંવત ૧૯૮૭ સને ૧૯૩૧

મુળબંધનો અછોડો

યાને

હંસ હંસલીની વારતા.

રચનારઃ—

હજરત પીર સમ્શ.

સતગુર ઇમામ કેવળાશી જાંણુ, નરનંદ ગોકુળ ગોવીંદ વખાણુ ૧
સુનકાળમાંહે છે નામ, તે બાળક વીમરસ લખ્યું પ્રમાણ ૨
ગુર સમશે કર્યો છે વીચાર, તે બાળક વીમરસ લખ્યા નીરધાર ૩
ઈ ગુરનર ઇમામ કેવડાશી નર અલી જાંણુ, તે ગુર કેવળાશી સતગુર બ્રહમા પ્રમાણ ૪
પેલા કરતા જુગમાં આવ્યા પ્રમાણુ, સુન કાળમાં ઇમામ કેવડાસી જાણ ૫
કરતા જુગમાં સતગુર બ્રહમાજી નામ, તે ગુર કરશે જીવોના કામ ૬
સુન કાળથી રચ્યા કલપ ચાર, ત્યાં ભગત અનત કરોડી છે અવતાર ૭
હરીના ચુપતં અવતારનો અંત ન પાર, તેની શાંખ છે મુળબંધમાં સાર ૮
જ્યારે કલપમાં ગુરનર રચના કર્યા, ત્યારે અનત દેવ હરીયે ત્યાં ઓધાર્યા ૯
પછે કલપની ઘડયું રહું છે ચાર, તે માંહે હરીયે ધર્યા છે અવતાર ૧૦
નરનંદ ગોવીંદ ગોકુળ વખાણુ, તે નરસીંગ રૂપ ધર્યાં છે નાશણ. ૧૧
ગુર ઇમામ કેવડાશી અવતાર, તે ગુરનું નામ અમરતેજ સાર. ૧૨
તે નરસંગ રૂપે કીધાં છે કાજ, તારે ભગત ઓધરા રાજા પેલાજ. ૧૩
મુળબંધનો વીચાર લખ્યો છે જાંણુ, પાછલો કડવો લખ્યો છે પ્રમાંણુ. ૧૪
ગુર સમશની વાચા સાંભલો મુનીવરો, રાજા પેલાજનાં વખાણુ સાંભલો મુનીવરો. ૧૫
જ્યારે કરતા જુગમાં રાજા પેલાજ અવતરયા, તારે બ્રામણ દેવચંદને પુછયા. ૧૬
સાંભલો દેવચંદ અમારી વાત, કુંવર જન્મ્યો છે આજ રાત. ૧૭
તેના જનમની જનમોતરી કરો, કુંવર નામની ગોતજ કરો. ૧૮

મુડ નક્ષત્ર ને બુધવાર, તીથી આઠમને માગશર માસ સાર. ૧૯
સાંભલો હરણાકંસ હમારી વાત, તે કુંવરથી ઉપજશે તમને ઘાત. ૨૦
તારે રાણીને મોહોલમાંથી દીધો શીખ, તેની વારે આવ્યા શ્રી જગદીશ. ૨૧
તારે રાણીને આલ્યો વનવાસ, તારે શ્રી નારાયણ આવ્યા રાણીને પાસ. ૨૨
તારે નરસંગ આવ્યા શ્રી હરી, ભગત કારણ રહયા પ્રપંચ કરી. ૨૩
તે વનનું નામ કજલી વંન કેવાય, માતા કેશરને મલ્યાં ત્યાંય. ૨૪
જ્યારે રાત પડી થઇ અંધકાર, ત્યાં વાંનર રીંછ કરે હોહોકાર. ૨૫
તારે માગશર માસ શુદ અગ્યારસ, તારે માતા કેશરને દિધો વનવાસ. ૨૬
પેલાજનો જનમ થયો વંન મોજાર, તારે હરીયે ધરયો શુયાંણીનો અવતાર. ૨૭
તે આવી બેઠા માતા કેશરને પાસ, બાઈ કહે આ વંનમાં કોણ છે દાસ. ૨૮
તારે શ્રી નરસીંગ બોલ્યા તેણી વાર, બાઇ હું છું શુયાંણીનો અવતાર ૨૯
અરે બાઇ મારૂં અજબ શુયાંણિ છે નામ, તારે બાઇ કેશર બહુ થયાં રળીયાત. ૩૦
તારે મુળ નક્ષત્રને આઠમ બુધવાર, હરિયે નાડ વધેર્યાં આપણે હાથે સાર. ૩૧
તારે રાણીની સેવા કીધી અપણે હાથો હાથ, ત્યાં નરસંગ રહયા છે બટ રાત. ૩૨
આસોપાલવનાં ઝાડમાં હીંચોળા જ્યાં, કામધેન દુધ પાય છે ત્યાં. ૩૩
ગાય ગોવાળીયા આવ્યા રાજાને પાસ, રાયજી એક બાલક રમે છે વનવાસ. ૩૪
કુંવર બહુ રળીયામણો દીસે છે આહે, એ રાજા તમે બાલકને રાખો ઘરમાંહે. ૩૫
જ્યારે રાજાએ વાત સાંભલી આય, ત્યારે રાજા ચડયો શીકારે જાય. ૩૬
ત્યાં રૂમી હબસી મળ્યા છે ઘણા, નાઠા હસ્તી ઘોડા રાજા તણા. ૩૭
તારે પુછે રાજા બ્રાહમણને આ શું થાય, હસ્તી ઘોડા નાઠા નગર સામા જાય. ૩૮
એ રાજા તમે છુટી જાવ વન માંહે, ત્યાં અસ્તુતી કરીને આધીન થાયે. ૩૯
તારે રાજા છુટી ચાલી ગયા, એક રાત ત્યાં વન માંહે રહયા. ૪૦
ત્યાં ઘણી સ્તુતી કરી લાવ્યા છે બાળ, પછે રાજા આવ્યા છે નગર મીંજાર. ૪૧
કાશ્મીર મધે છે એનું રાજ, ખીર સાગર મધે હરણાકંસનું રાજ. ૪૨
જ્યારે પંડીતને પુછયો વિચાર, કુંવર નામની કરો સંભાર. ૪૩
જોશીએ જોશ જાયો તણી વાર, બ્રાહમણ બોલ્યા કરી વિચાર. ૪૪
એ રાજા એનું નામ લઈ રાખો પેલાજ, પણ આ કુંવરથી વણશસે તમારાં કાજ. ૪૫
એ કુંવરને મેલો અણમાનીતીને સાથ, એ કુંવરની એવી છે વાત. ૪૬
જોશીએ પંડીતને કહયું ઘણું, ખાવ ખરચો રાજા તણુ. ૪૭

જગો જોશી તેનું નામ, તે મુલતાન માંહે વસે છે ઠામ. ૪૮
જ્યારે વરસ પાંચના પેલાજ થયા, તારે પાટી લઇને ભણવા ગયા. ૪૯
ત્યાં નીશાળીયા બહુ અપાર, ત્યાં કુંવર પેલાજ આવ્યા તત્કાળ. ૫૦
ત્યાં સરવે ભણે હરણાકંસનું નામ, ત્યાં કુંવર ભણે નરસંગ નારાયણ. ૫૧
નરસંગ વિના ન જાણે દુજી વાણ, મુખે ઓચરે શ્રી નરસંગ નારાયણ. ૫૨
તારે બ્રાહ્મણને થઇ છે અચરત વાત, મનમાં જાણે એ કુંવર મોટી છે ઘાત. ૫૩
તારે પંડીત ભણાવે હરણાકંસ કરી, કુંવર લખે શ્રી નરસંગ હરી. ૫૪
સરવે લખ્યું છે નરસંગનું નામ, અવર બીજો નવ જાણે કામ. ૫૫
તારે સરવે નીશાળીયાને દેવે માર, શ્રી નરસંગનું નામ લખાવે તત્કાળ. ૫૬
તારે કુંવર કરે એવાં કામ, પંડીત આવ્યો તો ફર્યો છે ઠામ. ૫૭
તારે પંડીત જાણ્યું એ કુંવર મોટો કાળ, મારી સઘલી વણશાણી નીશાળ. ૫૮
તારે લખે છે શ્રી નરસંગનું નામ, હરણાકંસનું મેલ્યું ઠામ. ૫૯
તારે પંડીતે દીધી છે ઘણી માર, હરે કુંવર તું ભુલો કેમ નીરધાર. ૬૦
તારા બાપનો જે દુશ્મન કહેવાય, તેનું નામ લખ્યું કેમ જાય. ૬૧
તારે કુંવરે પાટી મારી પંડીતના માથા માંહે, હાંરે ખોટા પંડીત હરીને
દુશ્મન કેમ કહેવાય. ૬૨
જેણે સરજ્યાં ધરતી આકાશ, પવન પાણી કર્યા પ્રકાશ. ૬૩
જેણે સરજ્યા જીવ ને જંત, હરીના ચરીત્રનો નહિ કોઇ અંત ૬૪
હરીના નામ લીધે થાય પાવન અંગ, તેને દુશ્મન કેમ કહો છો અંધ ૬૫
તેનું ફુટયું માથું વહે છે લોહિની ધાર. ત્યાં વિપ્ર મલ્યા છે અપાર. ૬૬
ત્યારે સરવે બ્રાહ્મણ ગયા રાજદુવાર, ત્યાં જઈ બહુ કરે પોકાર. ૬૭
હાંરે રાજા તારે કુંવરે બ્રાહ્મણ હત્યા કરી, પાટી લઈ બ્રાહ્મણના
માથામાં ધરી. ૬૮
તેનું ફુટયું માથું લોહિ જર જરે, હવે કહો રાજા પંડીત કુંવરને શું કરે. ૬૯
તારે દુશ્મનને બોલે હરિ કરી, પચાસ પાટી લખી છે ખરી. ૭૦
પચાસ પાટી લખી છે આહે, તે માંહે શ્રી નરસંગ લખ્યો જાહે. ૭૧
પંડીત કહે તું મેલી દે એનું નામ, એ લખ્યા માંહે તારૂં શું છે કામ. ૭૨
તારે પાટી લઇને મારી માથા માંહે, હવે પંડીત કેમ કરે હો રાય. ૭૩
તારે હરણાકંસને ચડી છે રીસ, તારે તેડવા મોકલ્યા જણ દશ વીસ. ૭૪

કુંવરને તેડી લાવો મારી પાસ, અમે પુછીએ એને સરવે વાત. ૭૫
કુંવરને તેડી લાવો તમારી સાથ, કહો તમને તેડાવે છે તમારો તાત. ૭૬
તારે કુંવર પાટી લઇને ચાલ્યો છે જ્યાં, વીપ્ર વાણી બોલ્યા છે ત્યાં. ૭૭
તારે વીપ્ર કહે કુંવર કહયું હમારૂં કરો, પાટી તમારી ઇયાં ધરો. ૭૮
જેનું તમે લખ્યું છે નામ, તે તારા તાતનો દુશ્મન જાણ. ૭૯
તારે કુંવરને ચડી છે રિસ, તારે બ્રાહ્મણને પાટી મારી છે દશ વીસ. ૮૦
જે જાણી વાણી વેદની ભુલી જાય, તેને તો ગુર માર્યાની હત્યા થાય. ૮૧
તારે બ્રાહ્મણ કહે રાજા સાંભલસે વાત, તો કુંવર તમને કરસે મોટી ઘાત. ૮૨
જેને ઘરે ઉગમણુ આથમણુ રાજ, હસ્તી ઘોડા લાખો લાખ. ૮૩
એ રાજા હરણાકંસ છે મોટો દેવ, તેની કુંવર તું કેમ ન કરતો સેવ. ૮૪
કુંવર કહે એવા અનેક રાજા મરી જાય, તેનું રાજ કાલે કોનાં થાય. ૮૫
જેણે તમને સરજ્યા છે જાણુ, તે નરસંગ રૂપે છે શ્રી નારાયણ. ૮૬
જે નરસંગ રૂપે છે નારાયણુ, તે પ્રભુ વસે છે મારે પ્રાણ. ૮૭
રાજા દુષ્ટનું શું જોઇયે મુખ, કુંવર એવાં વચન બોલ્યા સુણ રૂખ. ૮૮
તારે બ્રાહ્મણ એવાં વચન બોલ્યા ઠામ, રાજાના કુંવર તું મેલ એનું નામ. ૮૯
પેલાજનું ચીત તો ફરી ગયું, તે ઘેલીયું વાતો કરી રહયો. ૯૦
તારે કુંવર આવ્યો રાજદ્વાર, આવીને ઉભો તેણીવાર. ૯૧
તારે હરણાકંસ જમ સરખો ઉઠયો સહી, અને પેલાજ પાસે ઉભો જઇ. ૯૨
તારે રાજા કહે તમે લખ્યું છે શું, તમારી પાટી વાંચો તો સાંભલું હું. ૯૩
તારે કુંવરે પાટી લઇ દીધી રાજાને હાથ, બ્રાહ્મણે પાટી વાંચી પચાસ. ૯૪
તારે અક્ષરે અક્ષર નરસંગ કહે, તારે હરણાકંસ ચીત દઇ રહે ૯૫
તારે હરણાકંસને ચડી છે રીશ. કુંવરને પાટી મારી દશ વીસ. ૯૬
હાંરે કુંવર તમે કરો છો એવાં કામ, આપણા દુશ્મનનું લખો છો નામ. ૯૭
એ કુંવર એ નામ મુકી દે નીરધાર, નહીતો હું દેવરાવીશ માર. ૯૮
તારે કુંવર કહે મેલીયે કેમ નરશીંગનું નામ, જેના હાથમાં સેસ્ટીનું કામ. ૯૯
તારે હરણાકંશ બોલ્યો છે આહે, આ કુંવરને ઝાલી મરાવો જાઇ. ૧૦૦
તારે લઇને ડુબાવ્યો પાણી માંહે, હવે કુંવરની વારે શ્રી નરસંગ થાય. ૧૦૧
તારે કુંવરને હંશે ઝાલ્યા પાંખુમાંહે, ત્રણ દિવસ રાખ્યા પાંખુમાંહે. ૧૦૨
પછે માતા કેશર પાંસે મેલ્યો આહે, ત્યાં કુંવર નરસંગ નરસંગ ગાયે. ૧૦૩

ત્યારે કુંવર રમતો આવ્યો દવાર બાર, ત્યાં કુંવર નરસંગ નરસંગ કરે પુકાર. ૧૦૪
હરણાકંસ કહે તું મેલ નરસંગનું નામ, નહિકાં હું કરીશ તારૂ ઝમ ૧૦૫
તારે કુંવર બોલ્યા તેણી વાર, એ રાજા તું શું કરીશ મ્હાર. ૧૦૬
હવે તમારે કરવી હોઇ તે કરજો ઘાત, અમારે મુખે છે શ્રી નરસંગની વાત. ૧૦૭
ત્યારે પાડાની ખાલ મંગાવી હરણાકંસ રાય, તે માંહે કુંવરને મઢાવ્યો આહે. ૧૦૮
તારે લઇ મેલ્યો ડુંગર ઉપર આહે, હરણાકંશ કહે ભલે એની વારે નરસંગ થાય. ૧૦૯
તારે પાડાની ખાલ ફાટી થયો પ્રકાશ, ભમર ઢોલીઆ આવ્યા તે પાસ. ૧૧૦
ત્યાં માતા કેશર આવીને જુએ, ભમર પલંગ ઉપર કુંવર સુવે ૧૧૧
એ માતાજી તમને એવડી ચીંતા કેમ થાય, તમે મહેલમાં શુખે બેસો જાય. ૧૧૨
ઇ માતાજી શ્રી નરસંગ છે મારી પાસ, માતાજી સુખે જઇ વસો
પોતાને વાસ. ૧૧૩
વળતાં ત્રણ દહાડે પ્રગટ થાયે, તારે ચોકીવાળે ઝાલી લાવ્યા આય. ૧૧૪
તારે લઇ ગયા રાજાને પાસ, ત્યાં જપે કુંવર નરસંગનું નામ ૧૧૫
ત્યાં હરણાકંશ નીસર્યો બાહાર, ત્યાં કુંવર કરે શ્રી નરસંગની પોકાર. ૧૧૬
હરણાકંશ કહે તું વચન માર્‌ માન, નહીં તો હું મરાવીસ તને એણે ઠામ ૧૧૭
કુંવર કહે તમારે કરવું હોય તે કરજો જાઇ, અમારે મુખે નામ નરસંગનું સહી. ૧૧૮
રાજા તમારે કરવું હોઇ તે કરજો જાણુ, તમને તમારા ઘરમની છે આણ. ૧૧૯
તારે હરણાકંશે લોઢાની ઘાણી મંગાવી આહે, તેમાં કુંવરને બેસાડયો જાય. ૧૨૦
તારે લાઠ લોઢાની ભાંગી છે આહે, તેના કટકા નવજ થાય. ૧૨૧
તારે લોઢાની લાઠ ભાંગી છે જ્યાં, હરણાકંશ કોપ્યો છે ત્યાં ૧૨૨
તારે હરણાકંશ બોલ્યા જાઇ, હસ્તીને બહું કેફ દીયો આઇ. ૧૨૩
કેફ પીવડાવી હસ્તી આણ્યો મોહમા જઇ, હવે કુંવરને મરાવું તઇ. ૧૨૪
તારે કુંવરને હસ્તી આગળ આણ્યો આપ, ત્યાં પેલાજ કરે નરસંગનો જાપ. ૧૨૫
તે ગજધર કેશર હસ્તીનું નામ, તે કુંવરને આવી કરે પ્રણામ. ૧૨૬
જેના ઘટમાં વસે શ્રી નરસંગ રાય, તેને હસ્તી કેમ દેવે પાય. ૧૨૭
ત્યાં ઇમાન લાવ્યા લોક બહું, શ્રી નરસંગ દેવ સાચા કહે સહુ. ૧૨૮
ત્યારે હરણાકંશે ખોદાવી મોટી ખાડ, તેમાં દટાવ્યો કુંવર પેલાજ. ૧૨૯
તારે હેઠે કરી હરીયે મોટી બબ્બર, ત્યાં રાજા પેલાજ કરે રંગ રૂપ અપાર. ૧૩૦
વલતાં ત્રણ દાડે ઉઠી મોટી શીખ, તારે નગરમાં લાગી મોટી બીક. ૧૩૧

તારે કુંવર જઇ ઉભો માતા કને, તારે લોક આવી સહુ કુંવરને નમે. ૧૩૨
તારે માતા કહે કુંવર કહયું અમારૂં કરો, વચન અમારૂ ચીતમાં ધરો. ૧૩૩
અંતર જંપો શ્રી નરસંગ રાય, પ્રગટ કરો તાતનો મહીમાય. ૧૩૪
એ કુંવર તમને દુખ થાય છે ઘણું, માટે વચન માનો અમજ તણું. ૧૩૫
તારે માતા કહે કુંવર એમજ કરો, ચાર દહાડા પંથ ઢીલડો ધરો. ૧૩૬
માતાજી ઇ વાતમાં ન સમજો મુળ, શ્રી નરસંગ બેઠા છે હમારે હજુર. ૧૩૭
તારે હરણાકંશને ખબર થઇ છે ખરી, તારે દઇત બોલ્યા વીમાસણ કરી. ૧૩૮
મારૂં નામ જો હરણાકંશ હોય, તો તુંને નજર આગળ બળાવું સોય. ૧૩૯
તારે દઇતે નગરનું ગોબર કરાવ્યું એક ઠાય, અગન ચોધાર દેવરાવી તે માંહે. ૧૪૦
કુંવર સીંચાવ્યો તે માંહે, ત્યારે કુંવરને તરૂઠો શ્રી નરસંગ રાય. ૧૪૧
ત્યારે હરણાકંશ લગાડી મોટી જાળ, તારે નરસંગ હેમાજલ વરસાવ્યું નીરધાર. ૧૪૨
તારે હરણાકંશે સાદ ફેરાવ્યો નગર મીંજર, સરવે ગોબર મેલો અગન મીંજર. ૧૪૩
તારે માતા કેશર બહુ રૂદન કરે, ત્યા બ્રામણ મનશુધન આવ્યો ઘરે. ૧૪૪
તારે માતા કહે શુણો મહારાજા, એવી અગ્ની ઉડી છે આજ. ૧૪૫
તે માંહે કુંવર રાજાયે સીચાવ્યો જાણ, યાકુળ વ્યાકુળ થાય છે મારો પ્રાણ. ૧૪૬
તારે બ્રાહમણ કહે તમે હોળી વધાવો સહી, તમે સમરણ કરો શ્રી નરસંગનું જઈ. ૧૪૭
તારે હરણાકંસ બોલ્યો પોકાર, એ રાણી એ કુંવર છે મોટો કાળ. ૧૪૮
હાંર હોળી માંહે વાયા છે ટાઢા વાહે, પેલાજને વારે શ્રી નરસંગ થાય. ૧૪૯
તારે પ્રભાતે કુંવર આવ્યો રાજદુવાર, હવે હરણાકંસ તમે કરજો તમારો વિચાર. ૧૫૦
તારે હરણાકંશ કહે કુંવર તમે જે માગો આજ, તો તમારા સારૂ સધળાં કાજ. ૧૫૧
તારે અનેક પાહેક આલુ સરવે સાર, હસ્તી ઘોડા ગૃથ ભંડાર. ૧૫૨
તારે કુંવર કહે તમે સાંભલો વાત, હવે તમારૂ રાજ આવ્યું અમારે હાથ. ૧૫૩
તારે હરણાકંશને કરોધજ થાય, તેણે લાકડું એક લોઢાનું મંગાવ્યું આય. ૧૫૪
તે ચોસઠ ગજ લાકડો લાંબો આય, તે ધરતી માંહે નખાવ્યો જાય. ૧૫૫
તે લાકડું ગજ બાર ભો મધે આયે, બાવન ગજ બાહેર રાખ્યું ત્યાંહે. ૧૫૬
તેને ચોધાર ગોબર ગામનું ફરતું કર્યું, તેને માથા શુધી છેડા માંહે ભર્યું. ૧૫૭
તેને ફરતી અગ્ની મેલી જાણ, તેની અગ્ની પોતી જોજન એક પ્રમાણ. ૧૫૮
તારે અનત તપી લોઢાનો થયો ઉજાસ, તારે કુંવર પેલાજને લાવ્યા પાસ ૧૫૯
હરણાકંશ કહે બાંધો થંભ ધગધગતા માંહે, પછે નરસંગ એનીવારે થાય. ૧૬૦

તારે દઇત કહે લાવી અગની માંહે ધરો, એ થંભશું કુંવર દાઝી મરો. ૧૬૧
જ્યારે થંભ સાથે બાંધ્યો કુંવર પેલાજ, તારે શ્રી નરસંગને કીધો સાદ. ૧૬૨
તારે કીડીની નાગર થંભ ઉપર ચડે, તારે પેલાજ નરસંગ સંભારી
બાથજ ભરે. ૧૬૩
તારે પેલાજ કહે સ્વામી આવો અમારે પાસ, હવે દઇતને મારી કરો નીરાશ. ૧૬૪
તારે થંભ ફાટી પ્રગટયા રાય નરસંગ, રૂપ દેખી લોક સરવે થયા ભંગ. ૧૬૫
તારે નાઠા લોક ગયા રાજદુવાર, નરસંગ નરસંગ કરે પુકાર. ૧૬૬
તારે હરી આવ્યા રાજદુવાર, રાજા પેલાજની કરે ઉગાર. ૧૬૭
તારે હરી કહે દઇત સાંભલ વાત, ભગત પેલાજશું બહુ કીધો વિખવાદ. ૧૬૮
હરણાકંસ કહે કહયું નવ કરતો લગાર, ત્યારે હું દેવરાવતો માર. ૧૬૯
તારે શ્રી નરસંગ બોલ્યા તેણી વાર, હવે હરણાકંસ હું તને મારીશ નીરધાર. ૧૭૦
તારે દઇત કહે સામી તમારો સંભારો કોલ, હું તો રાજ કરૂં છું મારે મોલ. ૧૭૧
સ્વામી તમે અવિચલ વાચા દીધી આહે, તે કેમ મારસો નરસંગ રાય. ૧૭૨
શ્રી શંકર ધીયાયા તેણે કોલ દીધો આહે, તારે હરી બેઠા મંડલી પાય. ૧૭૩
જ્યારે ત્રી સંજ્યા વેળા થઈ છે સાંજ, તારે હરીયે હાથ વધારયા છે વાજ. ૧૭૪
તારે શ્રી નરસંગ બોલ્યા છે વાણ, સાંભળો હરણાકંસ પાળ્યા કોલ જાણ. ૧૭૫
નઈ છે પુરૂશ નઈ છે નાર, નહી લોહુ લકડ લીધો નખે વિદાર. ૧૭૬
જ્યારે શંકર ધ્યાવ્યા તેણે કોલ આવ્યો શહી, હરીયે જાલી લાવ્યા નેવા
હેઠે તહી. ૧૭૭
કહે હરણાકંશ દિવસ કે રાત? ધરતી કે કહો આકાશ? ૧૭૮
નખેશુ ઓધર લીધો નેવા હેઠ, વાંકા નખ વાયા તેને પેટ. ૧૭૯
શ્રી નરસંગ બોલ્યા તેણિવાર, સાંભલો હરણાકંશ કોલ પાળ્યા સાર. ૧૮૦
દઇતને મારી બેઠા પેલાજને પાસ, ઇ કુંવર પેલાજ હવે તમે બેશો રાજ. ૧૮૧
તારે લોક રઇત કરે સલામ, સહુ જંપે શ્રી નરસંગનું નામ. ૧૮૨
ભગત પેલાજ ત્યાં કરે ધરમ આચાર, સરવે દેવ સભા મલે છે સાર. ૧૮૩
શ્રી નરસંગ કહે સાંભલો પેલાજ, તમે માંડવો રચાવો એણે કાજ. ૧૮૪
રાજા પેલાજ આલે વીપ્રને દાન, ત્યાં સહુ મલી કરે સલામ. ૧૮૫
તારે ભગત પેલાજ બોલ્યા છે પ્રમાણ, અમારે ગતમાં કાંકણ બંધાવવાં છે
જાણ. ૧૮૬

ત્યારે શ્રી નરસંગ બોલ્યા તેણે ઠામ, એ વાતમાં છે સતગુર બ્રહ્માજીનું કામ. ૧૮૭
તારે સતગુર બ્રહ્મા વચન બોલ્યા સાર, ધરમ કરો તો ઉતરો પાર. ૧૮૮
અમે ગુર બ્રહ્મા શહી આલ્યો છે કોલ, કાંકણમાં છે ભગતુના બોલ. ૧૮૯
તારે ભગત પેલાજ કરે વીચાર, સ્વામી ધરમ વર્તવું કેણી પેરે સાર. ૧૯૦
ત્યારે ગુર બ્રહ્માને આલ્યો વેદનો ગુંજ, તારે ભગતને આલી સતની સુજ. ૧૯૧
સતગુરે બતાવ્યો ભગતુને વેદ, તારે હરીયે આલ્યો છે અમર ભેદ. ૧૯૨
તારે ભગતને હરીએ બેસાડયો પાટ, અને રચ્યો ત્યાં મોટો ઠાઠ. ૧૯૩.
બટ માસે વરત કરજો સાર, સરવે જત મલી કરે ધરમ વેવાર. ૧૯૪
રાજા પેલાજ કરે ધરમ આચાર, કીરીયા કરે તપ સાર. ૧૯૫
ભગત પેલાજ કરે ધરમ વધારવા કાજ બંધાવ્યાં કાંકણ આપે પેલાજ. ૧૯૬
જે કોઇ આવે રાજા પેલાજને પાસ, કાંકણ બંધાવી કરે ગુરના દાસ. ૧૯૭
તારે ગુરનું ત્યાં સતગુર બ્રહ્મા નામ, તેનું થાનક છે ખીર સાગર ગામ. ૧૯૮
તારે ભકિત કરે શ્રી નરસંગની આજે, પાય લાગે ભગત પેલાજને જાય. ૧૯૯
તારે ગુર મુખે સઉ આલે દાન, પર સ્ત્રી માત સમાન. ૨૦૦
સુતક પાતક ન લાગે એક રતી, ઘરમાં પુજા કરે પતીવંતી ૨૦૧

વરાણી.

સત સતોકે આવે સહુ, અને પુજે ગુરનરના પાયરે,
ગતમાં આવીને કરગરે, અને સઉતો આધીન થાયરે. ૨૦૨
તે કરે ગુરનરશું ગોઠડી, અને સરવે મુખે ગીનાનરે,
સુનો નામ સાહેબનાં, વળી આલે તે કુંજર દાનરે. ૨૦૩

તારે પુજી પાટને ઢેતાં દાન, સતવંતા સહુનું રાખે માન. ૨૦૪
હરીયે કુંવર પેલાજને બેસાડયો રાજ, સરવે નગરના પુર્યા કાજ. ૨૦૫
તારે ગતમાં જઈ નીતોનીત મલે, કોઇ કેની નીંદા નવ કરે. ૨૦૬
ત્યાં પંનર કરોડી જીવ નીપ્યા આયે, તેમાં ત્રણ મુખી મોટા થાય. ૨૦૭
સાંમદાસ ત્રીકમ ને કેશવ જાંણુ, હંસપુરી નગરી ત્યાં છે જાણુ. ૨૦૮
તેમાં ત્રીકમ મુખી કેવાય સરદાર, તે મનમાં ગુમાન કરે છે અપાર. ૨૦૯
તારે શ્રી નરસંગ આવ્યા દુવાર, કુંવર પેલાજ આવ્યા તેણે વાર. ૨૧૦
ગુરનર બેઠા હતા જ્યાં, પેલાજ આવ્યા છે ત્યાં. ૨૧૧

ગુરનર કહે રાજા પેલાજ થાવ તઇયાર, સાચા હશે તે ઉતરશે પાર. ૨૧૨
રાજયે ચીંતમાં રાખી વાત, ગુરનર સહી ચાલ્યા પ્રભાત. ૨૧૩

વરાણી.

તારે રાજા પેલાજ પારખી, ધરમનું મરમજ જાણુ,
ગુરનર વાંણી બોલ્યા, તે થાશે સહી પ્રમાણુ. ૨૧૪
તારે પેલાજે તપજપ માંડયેા, અને આલ્યુ ગુરજીને માન,
પણ પુરા સતપંથી જે હશે, તે લાવશે પુરૂ ઇમાન. ૨૧૫

તારે ધરમ નીમ કરે છે જેહ, સહુ ગત મલી છે તેહ. ૨૧૬
ત્યાં વૃત પાળ્યું છે રાજા પેલાજ, ત્યાં ભગત રૂપ ધર્યું છે આજ. ૨૧૭
ત્યાં ગત સઘળીશું રહે આધીન, રાજા પેલાજ કીસે ન કરે મેખમીંન. ૨૧૮
હવે માન સરોવરનાં પંખી જેહ, હંસ હંસલી ગુરે મોકલાવ્યાં છે તેહ. ૨૧૯
તારે હંસ હંસલીને રાજા કહાવ્યા, પંખી તમે ઇયાં કેમ આવ્યા. ૨૨૦
તારે હંસ હંસલી કરે છે પોકાર, રાજા માન સરોવરમાં પડયેા છે દુકાળ. ૨૨૧
અમે આવ્યાં રાજા તમારે દુવાર, તમે રાજા કરજો અમારી સંભાર. ૨૨૨
તારે રાજાએ આલ્યેા મોતીનેા આહાર, તમે જઇ વાસેા કરેા વાડી મીંજાર. ૨૨૩
તારે હંસ હંસલીએ કીધેા બાગમાં વાસ, પરભાતે રાજા આવ્યા પંખીને પાસ. ૨૨૪
તેની બીજમતમાં રાખ્યા જણ ચાર, તે કરાવે માણક મોતીનેા આહાર. ૨૨૫
એમ કરતાં થયા છે ખટ માસ, તારે પેલાજ પાળી ધરમ થયા ગુરના દાસ. ૨૨૬
તારે હંસ હંસલી આવ્યા રાજદુવાર, હવે રજા આપેા જાશું માનસરોવર મીંજાર. ૨૨૭
અમને રજા આપેા ધરમી પેલાજ. ત્યાં ઘણિ સ્તુતી કરી પરભાત. ૨૨૮
ફરમાની ફીરસ્તેા આવ્યેા રાજાની પાસ, તેને રાજા ઉઠી કરે અરદાસ. ૨૨૯
એ રાજા હંસ હંસલીને દેજો ઘણું માન, મુખી ત્રણની કરજો સાન. ૨૩૦
તારે રાજા કરે છે પરખવાની વાત, હવે હંસ હંસલી તમે રેજો દીન સાત. ૨૩૧

વરાણી.

તારે રાજા પેલાજ એમ બોલ્યા, અને હંસ હંસલીની પાસ
ખટ માસ તમે ઇયાં રહયા, અમારી પુલવાડીમાં વાસ. ૨૩૨

તારે રાજા કહે રજા નહિ દઉ, હંસ હંસલીને આજ,
અમે એક પંખી ઇયાં રાજશું, તમ સાથે છે મારો કાજ. ૨૩૩

તારે રાજા કરે પરખવાની વાત, હંસ હંસલી તમે રેજો દિન સાત. ૨૩૪
તારે રાજાયે માણસ મોકલ્યાં ચોધાર, અમારે ન્યાય ચુકાવવો છે તમે આવો સાર. ૨૩૫
જ્યારે થયા છે દિન સાત, ત્યારે માણસ સરવે આવ્યા રાજાને પાસ. ૨૩૬
તારે હંસ હંસલી આવ્યાં સભા માંહે, અમને રજા આલો ભગત રાય. ૨૩૭
તારે રાજા બોલ્યા છે એવી વાણુ, હંસ હંસલી પરઠી છે જાણ. ૨૩૮
તારે હંસ હંસલી બોલ્યા છે એમજ વાણુ, ભગત પેલાજ તેનું શું એંધાણ. ૨૩૯
તારે રાજા કહે અમારા મુખી ત્રણ પ્રધાન, તે તમારો ન્યાય ચુકાવશે નીરવાણ. ૨૪૦
તમ બેમાં એક મુકી જાય, સભામાં બોલ્યા ભગત રાય. ૨૪૧
તારે હંસ હંસલી બોલ્યા છે એમ, એ રાજા હમે એકલાં રેશું કેમ. ૨૪૨
તારે પંખી કહે હે રાજા જો કરશો વાદ, તો અમે બેઈ જણા મરશું એકજ જાગ. ૨૪૩
તારે હંસ હંસલીને કરે રાજા રણીયાત, એ અમે કરશું હંસ હંસલી ન્યાયની વાત, ૨૪૪
તારે તેડાવ્યા રાયે મુખી સામદાસ, તે મુખી આવ્યા છે રાજાની પાસ. ૨૪૫
એ મુખી હંસ હંસલીની કરવી છે વાત, તેડાવો તમારો સઘળો સાથ. ૨૪૬
તારે સઘળી જમાત આવી રાજાને પાસ, સઉ ઉભા કરે અરદાસ. ૨૪૭
સામદાસ બોલ્યા રાજાને સાથ, એ પંખી વસે છે માન સરોવર વાસ. ૨૪૮
તારે રાજા કહે અમશુ પરઠી છે વાત, જે બેમાંથી એક રાખ. ૨૪૯
જેવો ન્યાય હોય તેવો ખરો કરો, રાજા કહે રખે અમથી ડરો. ૨૫૦
તારે સામદાસ પુછે પોતાની જમાત, રાજાના ન્યાયની કરવી છે વાત. ૨૫૧
સરવે ત્યાં બોલ્યા છે પંચાત, રાજા કહે તે સરવે સાચી વાત. ૨૫૨
તારે સામદાસ બોલ્યા છે સભા માંહે, હંસ હંસલી એક મેલી જાયે. ૨૫૩
તે પંખી માણેકચંદ છે હંસનું નામ, તે રાજાને ઉઠી કરે સલામ. ૨૫૪
તમે જો રાજા કરશો અન્યાની વાત, તો અમે બેઇ જણ તમ આગળ
કરશું આપઘાત. ૨૫૫

વરાણી.

તારે રાજા પેલાજ એમ બોલ્યા, હંસ હંસલી સાંભલો મારી વાત,
અમે હક ન્યાય કરશું તમસું, તમે રખે કરો આપઘાત. ૨૫૬

અમારા ત્રણ મુખી છે નાતમાં, તેને પુછી જોશું વાત,
તમે સાંભલો પંખી માણેકચંદ, તમે રાખોની વિશવાસ. ૨૫૭
તારે રાજા પેલાજ બોલ્યા સત વાત, તમારા ન્યાયની વાત કરશું પ્રભાત. ૨૫૮
રાજાને કરવી પરખવાની વાત, સામદાસ મુખી નહિ અમારો સંગાત. ૨૫૯
તારે રાજાએ કહયું ત્રીકમ તમે આવી જ્હો, હંસ હંસલીનો ન્યાય તમે કરો. ૨૬૦
તારે મુખી ત્રીકમ આવ્યો રાજાને પાસ. હાથ જોડીને કરે અરદાસ. ૨૬૧
તારે રાજાના પ્રધાન બોલ્યા સહી, હંસ હંસલીની વાત મુખીશું કહી. ૨૬૨
એ મુખી એનો ન્યાય તમે કરી દયો, રાજા કહે રખે અમથી બીયો. ૨૬૩
તારે ત્રીકમ તેડાવી પોતાની જમાત, હંસ હંસલીની કરવી છે વાત. ૨૬૪
એ ભાઈ તમને કોઇ વાતની ખબર હોય ખરી, તો આપણે સાખ પુરીયે
સભા ભરી. ૨૬૫
સહુ બોલ્યા રાજા ચીંતમાં રાખે વાત, હવે આપણે કેમ બોલીયે સાચ. ૨૬૬
એ રાજાજી અમને કશી વાતની ખબર નથી, પણ તમે કહો છો તે સાચી કથી. ૨૬૭
એ હંસ હંસલી જુઠાં હશે, જે માન સરોવરમાં વાસો વસે. ૨૬૮
તારે હંસ હંસલી બોલ્યા રાજાને પાસ, અમે તો વસીયે માન સરોવર વાસ. ૨૬૯
એ રાજા અમારો ન્યાય તમે કેમ કરો, અમે પરદેશ પંખી તમે ચીંતમાં ધરો. ૨૭૦
તારે રાજા કહે પંખી તમે એમ કરો, આજ રાત તમે બાગમાં પરવરો. ૨૭૧
અમે પ્રભાતે આવશું તમારે પાસ, ત્રીજે મુખી તેડાવશું અમારો દાસ. ૨૭૨
તારે રાજાયે તેડાવ્યો ત્રીજી વાર, મુખી કેશવ આવ્યો છે તતકાળ. ૨૭૩
તારે રાજા પ્રધાન બાગમાં ગયા, તારે કેશવ મુખી સભામાં આવ્યા. ૨૭૪
આવી બેઠા રાજા પેલાજની પાસ, તારે પ્રધાને કહી મુખી શું વાત. ૨૭૫
રાજા કહે હંસ હંસલી મુકી જાય, ઇ પંખીના ન્યાય તમે ચુકાય. ૨૭૬
જેવી તમને ખબરજ હોય, તેવી સાખ સભામાં પુરો સોય. ૨૭૭
તારે મુખી કેશવ કહે અમે પુછીયે જમાત, પછે તમ આગળ કરશું વાત. ૨૭૮
તારે રાજા પધારયા પોતાને દુવાર, પંખી બેઠાં આપણે ઠાર. ૨૭૯
તારે મુખી કેશવ આવ્યા છે ધરમ દુવાર, ત્યાં સરવે ગત મલી તતકાળ. ૨૮૦
રાજા બોલ્યા એવી વાણજ કરી, જે હંસ પાસે હંસલી લ્યો હરી. ૨૮૧
તારે કેશવ કહે આપણે વસીયે સાયર નીર, બોલીયે વેવાર શુધીર. ૨૮૨

સાખ પુરી પાળવા તમને પુછું રીખીસરૅા સાર, સાચી સાખે ઉતરશું પેલે પાર. ૨૮૩

વરાણી.

તારે સરવે રીખીસર બોલીયાં, મુખી નહી આવીયે તમારે સાથ,
પરદેશી પંખીની સાખ કુડી ન ભરીયે, વળી નહી રહીયે રાજાને દેશ. ૨૮૪
આપણને આપણેા ગુર છેાડાવશે, રાજા વસે આપણે દુવાર,
તમને જો મુખીપણું જોઇયે, તેા પરદેશી પંખી મરાવેા નીરધાર. ૨૮૫
મુખી કહે અમારી લાજ જાશે સહિ, પણ અન્યાયની વાત કરશું નહિ. ૨૮૬
પંખીઓના બંધ છેાડાવશું હાથ, પછી રાજાનેા મેલશું સાથ. ૨૮૭
તારે કેશવ મુખી પુછી પેાતાની જમાત, હવે હંસ હંસલીની સચી કરવી વાત. ૨૮૮
તારે સરવે રીખીસર બોલ્યા એમ, એ રાજા અન્યાયની વાત થાશે કેમ. ૨૮૯
મુખી રાજાનેા છે મેાટેા દેવ, પરદેશી પંખી મરશે તતખેવ. ૨૯૦
એ મુખી હત્યા આપણે શીર પડે, આપણે સાચુ બોલીએ રાજા રૂઠેા શું કરે. ૨૯૧
વળી પંખી આવ્યા રાજાને પાસ, તે તેા બહુ કરે અરદાસ. ૨૯૨
તારે રાજા કહે તમે કાંય કરેા છેા વાર, જેવું હેાય તેવું સભામાં કહેા તતકાળ. ૨૯૩
તારે મુખી કહે હે રાજા તમે પારકી લ્યેાછેા લાજ, પણ અમને જુઠું બોલવું નથી કાજ. ૨૯૪
હંસ હંસલીને નથી આણુ, મુખી કેશવ બોલ્યા સભામાં પ્રમાણ. ૨૯૫
તારે હંસ હંસલી ઉડયાં નીરવાણ, તેણે રાજાની રજા લીધી જાણ. ૨૯૬
એ મુખી તમને હેાય શાબાશ, સહી હેાશે તમને સરગાપુરી વાસ. ૨૯૭
તારે મુખી કેશવ બોલ્યા ભગતી વેશ, હંસ હસલી ચાલ્યાં આપણે દેશ. ૨૯૮
કપુરપુરિ છે હંસલીનું નામ, માણેકચંદ છે હંસનું નામ. ૨૯૯
તારે હંસ હંસલી બોલ્યાં આશીશ કરી, એ કેશવ મુખી તમને રક્ષા નરસંગ તણી. ૩૦૦
એ રાજા તમને પુછવું હેાય તે કરજો સંભાર, હંસ હસલી બોલ્યાં રાજદુવાર. ૩૦૧
એ રાજા તમારી સભા છે કેશવ જાણુ, સરગભવનથી ઉતરશે વૈમાન ૩૦૨
એ રાજા અમે રહયાં તમારેજ ગામ, ખીરસાગર છે રાજા પેલાજનું ઠામ. ૩૦૩
તારે રાજા આલે ગ્રથ ભંડાર, પણ હંસ હસલી ન રહયાં એક લગાર. ૩૦૪
ત્રણ દહાડે રાજા કરજો સંભાર, પંખી ઉડતાં કરે પુકાર. ૩૦૫

વરાણી.

હંસ હંસલીનો ન્યાય ચુકાવ્યો, તે તો ઉડી ગયું આકાશ,
કેશવ મુખી સત બોલ્યા, તે રાજા પેલાજને પાસ. ૩૦૬

તારે હંસ હંસલીનો ન્યાય ચુકાવ્યો કેશવ જાણ, પંખી ઉડતાં કરે વખાણ ૩૦૭
તારે પંખી ઉડી ગયાં આકાશ, હવે કેશવના શીયા હવાલજ થાય. ૩૦૮
રાજા કહે પાસે આવો તમે મુખી, સાચું બોલો નહીતો થાશો દુઃખી. ૩૦૯
કેશવ મુખીને તેડાવ્યા તે વાર, તે રાજાને દુવારે આવ્યા તતકાળ. ૩૧૦
આવો મુખી તમે કરજો સાચી વાત, નહિતો તમારો વણશશે સઘળો સાથ. ૩૧૧
મુખીને તેડી લાવ્યા રાજાને દુવાર, તારે રાજા પેલાજ બોલ્યા પોકાર. ૩૧૨
એ હંસ હંસલીનો તમે ચુકાવ્યો ન્યાય, તે તો પંખી મુખી ઉડી ગયાં. ૩૧૩
ત્યારે કેશવ મુખી બોલ્યા રાજાને પાસ, રાજા અમે કહ્યું તે સરવે સાચ. ૩૧૪
તારે રાજા કરી રીસ અપાર, મુખીને ઝાલી મંગાવ્યા તતકાળ ૩૧૫
તારે મારતા મારતા લાવ્યા ચોક બજાર, ત્યાં લોક કથણી કરે અપાર. ૩૧૬
રાજાની સભામાં લાવ્યા આજે, મુખી કેશવ રહ્યો મારજ ખાય. ૩૧૭
તારે ગામ ફેરવી લાવ્યા સજદુવાર, લાવી ઉભો કર્યો તેણીવાર, ૩૧૮
તારે રાજા કહે લઈ જાવ શામદાસને હાટ, અમે પણ આવશું તેને હાટ. ૩૧૯
તારે કેશવને તેડી લઈ ગયા સામદાસને હાટ, રાજા આવી બેઠા શામદાસની પાસ. ૩૨૦
તારે રાજા બોલ્યા શેઠની જોડ, એ શેઠ બે માંહે સાચું કોણ. ૩૨૧
તારે શેઠ શામદાશ બોલ્યા ત્યાંય, રાજા જુઠા ને તે સાચો કેમ કેવાય. ૩૨૨
તારે રાજા પુછે કેશવને વાત, એ મુખો કોણ જુઠો ને કોણ સાચ. ૩૨૩
એ રાજા તમે જુઠું બોલ્યા સહી. હંસ હસલીની વાત અમે સાચી કહી. ૩૨૪
રાજાએ કેશવની પાગડી પાડી દીધી સાજ, સામદાસની પેઢીની નવ રાખી લાજ. ૩૨૫
તારે શેઠ શામદાસ મુખી કેશવને કહે, રાજા વચન ઉથાપ્યાં તો
એવાં દુખ સહે. ૩૨૬
ભરી સભામાં રાજાનું માન ન રાખ્યું મુખી, રાજાના વચન ઉથાપ્યાં તો
થાવ છો દુખી. ૩૨૭
કેશવ મુખી બોલ્યા શામદાસશું જાણ, તમે કાંય જાવ છો નરગની ખાણ. ૩૨૮
તારે રાજા પેલાજ ઉઠીને ગયા, કેશવને ઘરે માણસ મોકલ્યાં. ૩૨૯

કેશવની ઘરવાળી કાનબાઈ નામ, તેને તો કરી બંધીવાન. ૩૩૬
બાઈ કાનબાઈની વવરૂ છે સાત, ગુર કહે સાંભળો તેની વાત. ૩૩૧
એક વહુનું નામ સીતાબાઈ આય, તે આપણા પુરખને કહે સમજાય. ૩૩૨
સાંભળો કંથ અમારી વાત, આપણે રહિયે મારા પીયરને સાથ. ૩૩૩
મારા પીતા ઉપર છે રાજાનો પ્યાર, ત્યાં જઇયે તો સુખે બેસાએ સાર. ૩૩૪
તારે પુરખ બોલ્યો તેણીવાર, નરગે પડો તો જાવ પીતાને દુવાર. ૩૩૫
તારે સીતાબાઈ નાસી ગઇ બાપને દુવાર, બીજા સરવેને ઝાલી લીધાં તેણીવાર. ૩૩૬
એક રંગબાઇ બીજી રૂપબાઇ જાણ, ત્રીજી સોમવંતી ચોથી સુંદરી જાણ ૩૩૭
લક્ષ્મીબાઇની લજા છે ઘણી, ઇજજત નવ રાખી તેજ તણિ. ૩૩૮
તારે રાજા પાસે માંગે કેશવ મુખી, એ રાજા અમને મા કરો દુખી. ૩૩૯
તમારે મારવું હોય તો મારો ઠામ, નહીકાં જાઈએ અમે બીજે ગામ. ૩૪૦
તારે લાલબાઈ વવરૂ પોકારે ઘણું, શબદ સાંભળો રાજા અમતણું ૩૪૧
કેશવની જમાત સરવે જાણ, રાજા તેને કર્યા બંધીવાન. ૩૪૨
તારે કેશવના પુત્ર છે સાત, તેના ચામડે મંઢાવ્યા હાથ. ૩૪૩
તારે રાજા પાસે આવ્યો ફીરસ્તો એક, એ રાજા તમે મા જાવ છેક. ૩૪૪
તમારો કેશવ મુખી છે સાચ, જમાત સરવેને છે ગુરનરની વાંચ. ૩૪૫
તારે રાજા કહે તમે મુખી છો જાણ, હઠ મેલીને બોલો પરમાણ. ૩૪૬
તમારી જમાત તમે સરવે સંભાળ, પુત્ર વવારૂ ઘરની નાર. ૩૪૭
હાંરે રાજા તમે છો ધરણીના ધણિ, અમે સેવા કરીએ શ્રી નરસંગ તણી. ૩૪૮
હાંરે રાજા તમારે કરવું હોય તે કરજો કંથી, અમારે તો જુઠું બોલવું નથી. ૩૪૯
તમે હંસ હસલીને દીધી રજા, તે સાચી કે જુઠી કજા. ૩૫૦
તારે કેશવ મુખી કહે અમે બોલ્યા સહી, હંસ હંસલીની વાત અમે
સાચી કહી. ૩૫૧
એ રાજા એ વાત સાચી હતી, તમે સભામાં કુડી કથણી કથી. ૩૫૨
તારે રાજાએ મનમાં વિચારી વાત, અમારી ભકતી કેશવ કરશે હાથ. ૩૫૩
તારે રાજાએ તેડાવ્યો એનો પરીવાર, તમારા બાપ કેશવ સારૂ કાંબાવ છો માર. ૩૫૪
તમારા બાપના બોલ મેલી દયો, કેશવનું મુખીપણું તમે લ્યો. ૩૫૫
તારે કુંવર એક હતો કલયણ રાજા અમારો પીતા મુખી સહી જાણ. ૩૫૬

બીજા ભાઇને બોલાવ્યા, તે તો રાજા પાસે આવ્યા. ૩૫૭
તારે રાજા કહે સાંભલો ભાઈ, આપનું મુખીપણું લ્યો તમે જાઈ. ૩૫૮
એની તો સરવે ગઇ છે બુધ, કેશવને બોલવાની ન રહી છે શુધ. ૩૫૯
તારે બોલ્યો કુંવર બીજો ભાણુ, અમારો પીતા કેશવ સહી છે જાણુ. ૩૬૦
તારે ત્રીજા કુંવરનું નામ તુલસ્યો જાણુ, તેને રાજાએ તેડાવ્યો પોતાને દુવાર. ૩૬૧
તમે વચન અમારૂં માનો સાર, તો તમે સુખે વસો આપણે વાસ. ૩૬૨
તારે રાજા કહે તમે માનો હમારી વાત, મુખીપણું તમે રાખો આપણે હાથ. ૩૬૩
કેશવને તમે મેલી દયો નીરાશ, મુખીપણું તમે રાખો તમારી પાસ. ૩૬૪
સરવે જમાત તમને કરે સલામ, ભગતી કરો શ્રી નરસંગનું નામ. ૩૬૫
તારે ત્રીજો કુંવર બોલ્યો એમ, જે કેશવ મુખી તમે નાખી દીયો છો કેમ. ૩૬૬
તારે રાજા કહે હંસ હંસલીને રાજ કેમ થાય, હવે કેશવ મુખી રહ્યો
મારજ આય. ૩૬૭
તારે કુંવર તુળસ્યો કહે રાજા તમે કુડી કથી, પંખીની વાત કેને ખબરજ નથી. ૩૬૮
ઇ સાખ તમે ખોટી રાખો જાણુ, તે કેશવ મુખી બોલ્યા સાચ પ્રમાણુ. ૩૬૯
એવી રાતે તુળસ્યો બોલ્યો રાજાને પાસ, કેશવ મુખી બોલ્યો તે છે સરવે સાચ. ૩૭૦
તારે રાજાયે ચોથો કુંવર જોગ, તેનું નામ તો ચતુરભોજ. ૩૭૧
ચતુરભોજ આવ્યો રાજાને પાસ, કુંવર આવીને કરી અરદાસ. ૩૭૨
તારે રાજા બોલ્યો પેલાજ, ચતુરભોજ સારૂ તમારા કાજ. ૩૭૩
તમારી જમાતનું તમ સીરભાર, તમને મોટપ આલું વરણ અઢાર. ૩૭૪
ઇ સરવેની સરદારી તમે ધરો, કેશવની પાગડી તમ સીર ધરો. ૩૭૫
તારે ચતુરભોજ કહે છે વાંણુ, અમારો કેશવ છે સરદાર શુંજાણુ ૩૭૬
ઇ રાજા જુઠું બોલે ને ઘાલે આળ, તે ઉપર શ્રી નરસંગ ન થાય દયાળ. ૩૭૭
તારે પાંચમો કુંવર પીતાંબર સાર, તેને રાજાએ તેડાવ્યો તતકાળ. ૩૭૮
આવો પીતાંબર તમે કરો સંભાળ, એ સરવેનાં તમે ટાળો જંજાળ. ૩૭૯
તમે ઉઠી કરો અમારૂં કામ, હેતેશું જપો શ્રી નરસંગ નામ. ૩૮૦
તારે પીતાંબર એમ બોલ્યા સાર, એ રાજાજી ઇ કામ કરતાં શી છે વાર. ૩૮૧
તમે રાજા અમે તમારા પ્રધાન, કેશવ મુખીને તમે આલો માન. ૩૮૨
તારે રાજાએ તેને શીખ દીધી પ્રમાણુ, છઠ્ઠા કુંવરને તેડાવ્યો જાણુ. ૩૮૩
તારે છઠ્ઠા કુંવરને શમસેર હાથ, તેને રાજાએ તેડાવ્યો પોતાને પાસ. ૩૮૪

તારે રાજાએ કર્યું રાક્ષસનું રૂપ, સભામાં વળી બોલ્યા ભુપ. ૩૮૫
તમે છો કુંવર બડા શાસ્ત્રી, અમારી વાત તમે માનો ખરી. ૩૮૬
હવે અમે કેશવને મરાવશું સહી, હવે તમે મુખીપણુ કમાવો જઈ. ૩૮૭
એ રાજા તમે છેતરવાનું કરો છો કામ, અમારા બાપનું લીધને લ્યો છો નામ. ૩૮૮
તારે રાજાએ તેને ઝાલી લીધો સહી, તારે તેડાવ્યો તેનો સાતમો ભાઇ. ૩૮૯
તે ત્યાં બોલ્યા ભગતી વેશ, એ રાજા તમે રાખશો તમારો દેશ. ૩૯૦
એ રાજા અમે ન હોયે તમારે વાસ, અમે છઇએ શ્રી નરસંગના દાસ. ૩૯૧
તારે રાજાને વારે સઘળા ભુપ, એને મેલો હવો એ છે મોટો દુત. ૩૯૨
તારે રાજા ચેલાજે દીધી છે આણ, જો નાઠા છો તો તમને છે આણ. ૩૯૩
તારે કેશવ મુખી કરે શોર, રાજા કહે છે જે નાસે તે મારો ચોર. ૩૯૪
અમે તો જઇ વસશું અમારે વાસ, અમે છઇએ શ્રી નરસંગના દાસ. ૩૯૫
તારે રાજા હસ્યા મનમાં અપાર, એવા રીખીશ્વર સહી ઉતરશે પાર. ૩૯૬
છમછર થયાં છે યુગને સોમવાર, તારે હંસ આવ્યો છે તતકાળ. ૩૯૭
તારે રાજા સુતો હતો મંદીરે એકાંત, ત્યાં હંસ આવ્યો છે મધરાત. ૩૯૮
એ રાજા તમે કરજો અસ્વારી તઇયાર, વૈમાન ઉતરશે શુકરવાર. ૩૯૯
મુખી કેશવને કેજો જુહાર, ઉતારા દેજો ગામથી બાહાર. ૪૦૦
એમ કરતાં થઇ પ્રભાત સાર, કેશવને કહ્યાં તમે નીકળો ગામથી બાહાર. ૪૦૧
જો ગામ મધે રહેશો તો ગુરની છે આંણ, એવાં વચન રાજાયે કહાવ્યાં જાણ. ૪૦૨
તારે કેશવ મુખી થયા રળીયાત, હવે થાશે વઈકુંઠ વાસ. ૪૦૩
તારે કેશવ મુખીનો પરીવાર, તેનાં બાલક છે અપાર. ૪૦૪
તે સરવેને લઈ નીસર્યો બહાર, પછી અસ્વારી કરી તઇયાર. ૪૦૫
તારે કેશવની સરવે જમાત, તે ઉચાળા ભરી ગયા સઉ સાથ ૪૦૬
તારે રાજા પુછે પ્રધાનને વીચાર, ગામ સરવે શું નું થયું મીંદર દુવાર. ૪૦૭
હવે તેની શું કરશું પેર, સઉને તેડી લાવીયે આપણે ઘેર ૪૦૮
તારે રાજાએ કહી મોકલ્યા તતકાળ, આધા મ જાવ રાજા આવે છે બાર. ૪૦૯
તારે સહુ વીમાસી રહયા ત્યાં રાત, ત્યાં રાજા આવ્યા પ્રભાત. ૪૧૦
ત્યાં રાજા વનમાં રહયા એક રાત, કેશવ મુખીના તેડાવ્યા કુંવર સાત. ૪૧૧
એ કુંવર તમે ઘણા છો અચેત, તમને મરાવીશ ન મેલું એક. ૪૧૨

એ રાજા તમે છો ધરણીના ધણી, અમારો વારે છે શ્રી નરસંગ ધણી. ૪૧૩
રાજા કહે રઈયત અમારી સરવે જાય, હવે તેનો શો કરવો ઉપાય. ૪૧૪
તારે રાજા પેલાજે બહુ કરી છે રીશ, સરવેનાં હું કાપી લઇશ શીશ. ૪૧૫
તારે લોક રઇયત કરે રૂદન, કોઈ કહી ન શકે રાજાને વચન. ૪૧૬
પ્રધાન બોલ્યા કરી પ્રકાશ, એને લઈ કરાવો ઈયાંજ વાસ. ૪૧૭
તારે રાજાએ દુવાઇ ફેરવી વન માંહે, ઈયાંથી આવા રખે કોઈ જાય. ૪૧૮
તારે રાજા આવ્યા પોતાને દ્વાર, વરસ્યો મેઘ ત્યાં શુકરવાર. ૪૧૯
વરસ્યા ત્યાં સરવે હીરા મોતી લાલ, રાજા પેલાજ ત્યાં થયા તઈયાર. ૪૨૦
તારે લોક સરવે બારણાં વાળે આપણે ઠાર રાજા પેલાજ ગયા વન મીંજાર. ૪૨૧
રાજા જઈ બેઠા મુખી કેશવને પાસ, ત્યાં આવી સહુ કરે અરદાસ. ૪૨૨
તારે રાજા કહે મુખી કેશવ થાઓ તઈયાર, વૈમાન ઉતરશે વન મીંજાર. ૪૨૩
તારે કેશવની જમાત સરવે સાથ, તે આવી રાજા પેલાજને પાસ. ૪૨૪
તારે સરગ ભમણથી ઉતર્યા વૈમાન, કેશવ મુખીને રાજાએ ઘણું આલ્યું માન. ૪૨૫
તારે ચોથા કલપની ઘડીયું ચાર, તેતાલીશ લાખ ને વીશ હજાર. ૪૨૬
તેમાંથી સતર લાખ ને વીશ હજાર, સત જુગ કરતાનું પ્રમાણ સાર. ૪૨૭
તેમાં રાજા પેલાજે બહુ કસણી કરી, તો મલ્યા નરસંગ રૂપે શ્રી હરી. ૪૨૮
હરીના ચલીત્રનો અંત ન પાર, કરતા જુગે સાંમીના અવતાર ચાર. ૪૨૯
શ્રી મછ કછ વારા અવતાર, નરસંગ જાંપ્યો રાજા પેલાજ સાર. ૪૩૦
તારે સતીયે રાખ્યું નરસંગનું ધ્યાન, તે સતી ભગત ચડયા વૈમાન. ૪૩૧
વૈમાને બેસી વઈકુંઠ જાય, લોક જુવે છે તેના પાય. ૪૩૨
તારે રાજા તે કેશવ સાથે ગયા, ત્યાં અતી ઘણા મેઘ વરસ્યા. ૪૩૩
વરસ્યા સાપ વીછું અપાર, ત્યાં નહિ રહે મેહ વરસતો લગાર. ૪૩૪
આપણે સાચા ને દુવ્યા ને સંતાપ્યો ઘણો, હવે દુખ પામીયે તેજ તણો. ૪૩૫
પરનીંદા જુઠ કરોધ જે કરે, તેની પુર્યુ નરગે સંચરે. ૪૩૬
તારે ગુર સમશ બોલ્યા એવી વાંણ, દુર રહેજો તમે નરગની ખાંણ. ૪૩૭
રાજા પેલાજ પોતા વઈકુંઠ વાસ, સાચા પોતા પેલાજને પાસ. ૪૩૮
શ્રી નરસંગની ભકિત પુરી કરિ, તે વસમી વાટ ગયા ઉતરી. ૪૩૯
ભગતી રૂપે શ્રી નરસંગનું નામ, તેનું ઘણો સખજો માન. ૪૪૦

દેવ રીખીસર ગુર જ્ઞાની જાણુ, વેદમાં લખ્યા છે પ્રમાણ. ૪૪૧
જે ભગત લેવે શ્રી નરસંગનું નામ, તેને દેવ રીખીસર સરવે કરે સલામ. ૪૪૨
હરી નામે ઉતરીએ પેલે પાર, જેમ પાંચે કરોડનું પોતા પેલાજ સાર. ૪૪૩
પાંચ કરોડ તે સરગે ગયા, એક સીતાબાઇ અલગાં રહુયાં. ૪૪૪
તે તો ગઇ નરગની આણુ, માટે કેની નીંદા મ કરજો નીરવાણુ. ૪૪૫
ત્યાં સાપ વીંછુ વરસ્યા જાણુ, તે સઉના સોસી લીધા પ્રાણ. ૪૪૬
તે સીતાબાઇ ગઇ નરગ વાસ, તેને પુરખ આવ્યા પચાસ. ૪૪૭
તે બાઇ ગઇ જમપુરી મીંજર, તે માથે પુરખ રાખ્યા પચાસ. ૪૪૮
તે એને એક ઘરમાં રાખી નાર, તેને પુરખ દેવે અતી માર. ૪૪૯
એક પુરખ આવિ મારે ઘણું, જેમ દેહિનું વરણ ફરે નારી તાણુ. ૪૫૦
બીજો પુરખ વઢવાડજ કરે, તેનો સેસો બાઇને ન ટળે. ૪૫૧
તારે ત્રીજો પુરખ ઉચો બાંધિ ધરે, ત્યાં તો બાઈ જોર કેવું કરે. ૪૫૨
તારે ચોથો પુરખ અગન હેઠે ભરે, તેને તાપે તો બાઇ સીતા બળે. ૪૫૩
પાંચમો પુરખ લાકડા ભરે, ત્યાં અગનની જાળ ઉંચે ચડે. ૪૫૪
છઠો પુરખ આવી મારે છાના ઘાય, હવે સીતાબાઇ ભલે બાપ પાસે જાય. ૪૫૫
તેના દીલનુ ચામડુ ઉતરી જાય, ત્યાં તો અગની જાળ ઉઠાય. ૪૫૬
સાતમો પુરખ કરે સુરિનો સાજ, ભાઇ પરનીંદાથી ઉપના એવા કાજ ૪૫૭
નીંદાથી તમે વેગળા રહેજો આપ, તમે જપજો શ્રી નરસંગનું જાપ. ૪૫૮
શ્રી હરી જપતા પાતક જાય, પારકી વાતે પ્રાછત થાય. ૪૫૯
આઠમો પુરખ કરે ઉપઘાત, નારી કયાં જાય કરે દુખની વાત. ૪૬૦
નવમો પુરખ નીશદીન વેદે દાગ, તે લોઢાની હાથે રાખે સાખ. ૪૬૧
તારે દશમો પુરખ સાપ વીંછુ ઘરમાં ભરે, ત્યાં સીતાબાઈ શું કરે. ૪૬૨
એવિ રીતે પુરખ મલ્યા પચાશ, હવે નારી કયે ઘર જઇ કરશે વાત. ૪૬૩
બાઇને ઘણા સુખ હતા સાસરાને વાસ, તે મેલીને ગઇ પીયરને પાસ. ૪૬૪
સંસાર સુખ છે એક ઘડી, સદા સુખ છે સરગાપુરી. ૪૬૫
તારે પંનર માણસ કેશવ મુખી સાથ, તેને હરીયે દીયો વઇકુંઠ વાસ. ૪૬૬
કેશવ મુખી ગયા સરગાપુરી, તેમાં એક વવર સંસાર સુખ પરવરી. ૪૬૭
તારે પાંચ કરોડશું પુરા પુર થયા, તેમાં એક નારી નરગે ગયા. ૪૬૮

ગુર કહે સાંભળો મુનીવર જાણુ, મુળબંધનું ઈ છેલું એંધાણ. ૪૬૯
જાઈલાં કલપની છતજ કરી, પાંચ કરોડ જંખ માંહે ભળી. ૪૭૦
તારે નવાણું કરોડ રીખીસર રાય, તેમાં એક નારી નરચે જાય. ૪૭૧
ચેતો ભાઇ ચીત્તમાં ધરી, જેમ ફેરો નહી આવે પૂરી. ૪૭૨
પેલાજ રાજા ભગતિ લીધી હાથ, તે જઈ પોતા સરગાપુરી સાથ. ૪૭૩
જેણે સાંભળી મુળબંધની સાખ, તે પોતા સરગાપુરી સાથ. ૪૭૪
હરીના ચરણ સીરેવો જાઈ, ગુર કહે તે સહી વઇકુંઠ પાઇ. ૪૭૫
હંસલી તે હંસની વવર જાણુ, ભગતી રૂપ તમે દેખ પરમાણુ. ૪૭૬
મુળબંધની છે સાચી સાખ, એવી ગુર બોલ્યા છે વાચ. ૪૭૭
જ્યારે હતી કલપની વાર, તારે જંખ મેગ કીનર પોતા પાર. ૪૭૮
હવે કલપની ઘડયું રહયું છે ચાર, તેમાં સતી થયા છે પેલાજ સાર. ૪૭૯
રાજા પેલાજે નરસંગની ભકિત કરી, મુખ થકી ન વીસાર્યા હરી. ૪૮૦
તમે સાંભલેા રાખીસર સાચી વાંણુ, ભગત સાચા છે હરીના પ્રાણ. ૪૮૧
જેના ઘટમાં છે દેવ નારાણુ, તેને સહુ ઉઠી કરે સલામ. ૪૮૨
રાજા પેલાજની માતાના બંધ છુટા જ્યાં, બહુ કસ્ટ કીધા છે ત્યાં. ૪૮૩
તેની આપે હરીયે કીધી છે વાર, તે પેલાજ ઉતરયા ભવ જલ પાર. ૪૮૪
તારે પેલાજને ઘણી પડી છે કસ, તારે આપે હરી રહયા તેને પાસ. ૪૮૫
હરીને ત્યાં આકુળ વ્યાકુળ થાય, તારે રાજા પેલાજ પાસે ઉભા જાય. ૪૮૬
મુળબંધમાં લખી છે વાત, તેની પરતક્ષ છે અખર ધાત. ૪૮૭
સુન કાળમાં સ્વામી હતા આપે એક, તારે ગુરકુ પાસે રાખ્યા વીશેખ. ૪૮૮
તારે ગુર કહે આપણે રહયા શુનકાળ, બીજી રચના કાંઇ નહોતી જાળ. ૪૮૯
તારે નરનંદ ગેાવીંદ બોલ્યા વાંણુ, તારે સોળ થડ કર્યા પ્રમાણ. ૪૯૦
તારે ગુર કેવળાશી બોલ્યા ત્યાં, અમને દેખાડો સ્વામી થડ છે કયાં. ૪૯૧
તારે નરસંગ ચાલ્યા કેવળાશ, સોળ થડ આંણી રાખ્યાં ગુરને પાસ. ૪૯૨
તારે ગુર કેવળાશી દિઠો છે એહ, ત્યાં આવ્યો છે સહુને કોલ. ૪૯૩
તારે સહુને આવ્યા છે કોલ, તારે દેવ આવ્યા છે છેલે મોલ. ૪૯૪
એજ નીસાની મુળબંધ માંહે, એક અક્ષર લખ્યેા છે આહે. ૪૯૫
સ્વામીની રચનાનેા અંત નહી પાર, તમે ભગતી કરેા તેા ઉતરેા પાર. ૪૯૬

સહુ કોઇ હરી નામે ઓધરે, ગુર મુખે ગીનાન સહુ ઓચરે. ૪૯૭
જે સાંભળે નર ને નાર, તે ઉતરે ભવ જલ પાર. ૪૯૮
જે નર નારી રહેવે એક ધ્યાન, તે ગુર આગલ પામશે માન. ૪૯૯
જે ગુરની વાણુ સાંભલે એક ધ્યાન, તેને હરફે હરફે કરોડ જગન. ૫૦૦
જે ગીનાન હરફે હરફે કરે વખાણુ, તેને ફેરા ન પડે ચારે ખાંણુ. ૫૦૧
જે સાંભલી ગીનાન ગુર મુખે દેવે દાન, તેને સહી ઉતરે વૈમાન. ૫૦૨
વૈમાન બેસી જાય વઈકુંઠ વાસ, ગુર કહે છે તે અમારો દાસ. ૫૦૩

વરાણી.

તારે ગુર સમશ ભાંખીયાં, વીમરસ બોલ્યા વાણુ,
ગુર કહે સાંભળો મુનીવરો, મુળબંધનું છેલું એંધાણુ. ૫૦૪

સમાપ્ત.

મોમીન નુરમહંમદ પીરમહંમદ ડોસન -

મામજી નુરમહંમદ કરડીયા

ગામ મેજારણ



હારમાળા નંબર ૧



શ્રી નકલંક શાસ્ત્ર.

પીર શમ્સની (૨૮) ગરબીઓ.

Issued by the Authority of the President.

છપાવી પ્રગટ કરનાર,

અલીમાહમદ જીનમાહમદ ચુનારા.

મંત્રી—એજ્યુકેશનલ ડીપાર્ટમેન્ટ.

ધી રીફોર્મેશન કલબ ઇન્સ્ટીટ્યુટ—મુંબાઈ નં. ૯

કાંડી મોહલ્લા જેલ રોડ

પ્રત ૨૦૦૦] [સને ૧૯૨૪

શ્રી ભારત આર્ટ પ્રીન્ટીંગ વર્કસ લીમીટેડમાં નંદલાલ ચુનીલાલ ઓડીવાળાએ છાપ્યું. પાંચકુવા કોટની રાંગે—અમદાવાદ

કીંમત ૦-૦-૦

ગરબીઓ-અઠાવીસ.

પીર શમ્સની ભાંખેલી.

ગરબી પહેલી.

આદ ગુર શમસ મુનીવર જાણુ, તે તો કરયા બહુ જુગ પ્રમાણ. ૧
તે તો ગયા અનત વડ માંહે, ત્યાં હીન્દુ રહે છે અતીજ આંહે. ૨
તેના દેવલ દેરા અતીજ ઘણા, તે તો માતા ભવાનીને માને તતક્ષણા. ૩
તે તો ગરબી રમતાં નોરતાં માંહે, ગુર શમસ ગયા છે ત્યાંય. ૪
ત્યાં આસો સુદ એકમની રાત, તે ગરબી પેલી રમે બહુ સાથ. ૫
ત્યાં છત્રીસ પંડીત તો કથા કરે, પાંચશો રમતીયા રમે છે ખરે. ૬
ગુરજી ઉભા બાઇ તેણે ઠામ, સુણ્યા વચન હીન્દુનાં તમામ ૭
તેતો [illegible] નાચે બહુ મતી ગાવે ગીત, પથર સાથે તેને બહુ પ્રીત. ૮
તારે પીર શમસને ક્રોધજ થયા, તે તો નાચણહાર માંહે જઇ નાંચ્યા. ૯
તારે ગીત ગાયા ગુરજી અનાન, તે સુણવા લાગ્યા હીન્દુ અજાણ. ૧૦

ગરબી બીજી.

આજ આનંદ પામ્યા મન કે, સતગુર સેવીયારે લોલ. ૧
તમે ભુલો મ મુરખ લોક કે, મરમ રહેહ ધરોરે લોલ, ૨
એ તો પાખણ દેવલ ભુત કે, ફેરા શું ફરોરે લોલ. ૩
તમે મરેવો સતગુર નુર કે, ગુર અનવર ધણીરે લોલ. ૪

તમે દાન દસોંદે રહેજો પુર કે, તો ફળ પામશોરે લોલ. ૫
એ તો પુરાશિખીસર કરશે રાજ કે, જે સતપંથે ચાલશેરે લોલ ૬
તમે નાચો દીન ને રાત કે, કાંઇ નવ પામશોરે લોલ. ૭
એ તો પાથર સરવે ભુત કે, બોલે બી નહીરે લોલ. ૮
તમે ભુલો તે ફોગટ. કાહે કે, જે ઘડયાં માનવીરે લોલ. ૯
એ તો ગરબી જુઠો છે દેવ કે, ભવાની છે ક્યાંરે લોલ. ૧૦
એ તો ગુરૂબ્રહ્માની કળા ભરપુર કે, ત્યાં સરવે રહેરે લોલ. ૧૧
તમે જુઠા જુવો સબ સંસાર કે, જમથી જાણજોરે લોલ. ૧૨
તમે માનો અલી અવતાર કે, તો ફળ પામશોરે લોલ. ૧૩
તો પાપ પ્રાચત થાશે દુર કે, પદમી પામશોરે લોલ. ૧૪
એમ સમજાવ્યા તે સતગુરે સાચ કે, તોય નવ જાણીયારે લોલ. ૧૫
તે તો સુણ્યા સરવે લોક કે, વળતાં બોલીયારે લોલ. ૧૬
તમે આવજો બીજી રાત કે, મલી કરી નાચીયેરે લોલ. ૧૭
એમ બોલ્યા ગુરૂ સમસ પીર કે, ચેતીને ચાલજોરે લોલ. ૧૮

ગરબી ત્રીજી.

ગુરૂ આવ્યા બીજી રાત કે, આવીને નાચીયારે લોલ. ૧
તારે બોલ્યા મીઠા બોલ કે, અમરત વાણીયારે લોલ. ૨
તમે સુણજો સરવે સાથ કે, ચેતીને ચાલજોરે લોલ. ૩
એ તો સારા મકર છે ભરપુર કે, નીસ્ટે જાણજોરે લોલ. ૪
તમે મનમાંહે કરો વીચાર કે, પાથર શું હશેરે લોલ. ૫
તમે સરેવો સાહેબ સીરજણહાર કે, દ્રઢ વિશ્વાસીયારે લોલ. ૬
જેણે સરજી ચારેહી ખાણ કે, જીવજ નાંખીયારે લોલ. ૭
જેણે કીધાં તે ભગતુના કામ કે, જુગા જુગ આવીયારે લોલ. ૮
જેણે રૂખમુગતને લીધો ઉગાર કે, વરત છોડાવીયારે લોલ. ૯
જેણે ગઉતમ કેરી રાખી લાજ કે, ગરન ઉજાણિયારે લોલ. ૧૦

તેણે ધ્રુવને આલીયું અવીચળ રાજ કે, પદમી પામીયારે લોલ. ૧૧
તે તો થંભથી કુટી આવ્યા બાર કે, પેલાજ તારીયારે લોલ. ૧૨
ત્યાં હરણાકંસને મારયો ઠાર કે, નખેસું વીદારીયારે લોલ. ૧૩
તેણે હરીચંદનો ઝાલ્યો હાથ કે, તેને ઉગારીયારે લોલ. ૧૪
તે તો દ્વાપર જુગમાંહે હોતા સાર કે, પાંડવ તારીયારે લોલ. ૧૫
આજ કલજુગમાં કરોડ બાર કે, સતીયાં સાચસુંરે લોલ. ૧૬
પછે છેલ્લી સંધે મુનીવર વીર કે, અનંત ઉગારસેરે લોલ. ૧૭
એમ બોલ્યા ગુરૂ સનસ પીર કે, સતે સુધા રહોરે લોલ. ૧૮

ગરબી ચોથી.

ગુર આવતા સરવે રાત કે, જ્ઞિનાન સુણાવતારે લોલ. ૧
તોય મુરખ ન સુણે ગેમાર કે, કાને બેરીયારે લોલ. ૨
ગુર બોલ્યા મીઠા બોલ કે, સાંભળો સારથીરે લોલ. ૩
તમે કાંઇ કરો છો જુઠા ખેલ કે, જાણો નવ જુઠકુંરે લોલ. ૪
તમે સરેવો સાચો નામ કે, નર નકલંકીતણુંરે લોલ. ૫
જેણે અરસ કુરસને રાખ્યા એમ કે, સરવે ઉપાયારે લોલ. ૬
જેણે ચંદ્ર સુરજ સરજ્યા સાર કે, પવન પાણીયારે લોલ. ૭
એવાં કરજો આછાં કામ કે, ચોખાઇ આપણીરે લોલ. ૮
તમે કાંઇ ન જાણો સતપંથ ધરમ કે. રદામાંહે જુઠીઆરે લોલ. ૯
તમે કુડ કપટને નાખો બહાર કે રૂડાઇ આપણીરે લોલ. ૧૦
તમે ધ્યાવો તે ધરમ આચાર કે, ગુર બ્રહ્માજીનેરે લોલ ૧૧

જેનુ નામ મહમદ નુર કે, આખર અબીઆરે લોલ ૧૨
તમે સમરણ તેની કરજો સાર કે, ભોલા અલી માનજોરે લોલ ૧૩
જેનું હાજર જોમો કહીએ નામ કે, સાહાનીજરીયારે લોલ ૧૪
તેના અનવર છે ઇમામ કે, જુગ કાયમ કીઆરે લોલ ૧૫
કે તમે સાંભળો સાચું જ્ઞાન કે, તમે સેવેજોરે લોલ ૧૬
તમે પામશો પહેલે પાર કે, સરગે જાઅશોરે લોલ ૧૭
એમ બોલીઆ ગુરૂ સમસપીર કે, દર્સાદે સુધારહોરે લોલ ૧૮

ગરબી પાંચમી.

કે તમે અમીરસ પીજો દીનને રાત કે, નુર નુરાનીયારે લોલ ૧
તો પાપ પ્રાશ્ચિત સરવે જાએ કે, ચીતનાં ચોખલારે લોલ ૨
એતો આગમ વાણી સુણજો જોઇ કે, મનમાંહે માનજોરે લોલ ૩
તમે ગીનાન વીચારી ચાલો વીર કે, નહીકાં નોખલારે લોલ ૪
જેણે ગીનાન નહિ સુણીયા કાન કે, તે ભુલા પડીઆરે લોલ ૫
તમે માનખો, જનમ કાં ખોવો, હાથ કે ફરી નહિ આવસેરે લોલ ૬
તમે ધ્યાવો ધરમ આચાર કે, અધરમી ભુલેઆરે લોલ ૭
એ તો કર તપ આછા કીજે સાર કે, તો વકુંઠ પામસોરે લોલ ૮
તમે સતની જાણો સુધી વાટ કે, અસતી ઉતરીયારે લોલ ૯
જેણે જાણીઆ સરવે મરમ તે ફલ પામીયાયે લોલ ૧૦
તમે કાને સુણજો આવા ગીનાન કે, લાલ અમોલીઆરે લોલ ૧૧
કે તમે રખે ભુલો વારોવાર કે, ચેતીને ચાલજોરે લોલ ૧૨
તમે રમજો સતને સંગાથ કે, ચીત ચોખા કરીરે લોલ ૧૩
તમે કુડ કપટને કરેજો દુર કે, ફલ પામશોરે લોલ ૧૪
તમે આછી કરીઆ કરજો સાર કે, રદેમા માંહે ભાવ ધરીએરે લોલ ૧૫
સતસંગત કરજો સાચી રીત કે, ધરમ સત રાખજોરે લોલ ૧૬
સહી સરેવો તમે સતગુરૂનુર કે, નર કાસમ સાહાનેકરીરે લોલ ૧૭
એમ બોલીઆ ગુર સમસપીર કે, ફલ પરામસોરે લોલ ૧૮

ગરબી છઠી.

માંહે વરસે અમરતનુર કે, કુદરતી ખેલજોરે લોલ
બે પડ રાતા બલદ બે ચાર કે, રાસે રાખજોરે લોલ ૨
હર કીરીઆ છે ગુરજીને હાથ કે, સમરણી હાથ કરોરે લોલ ૩
તમે ખેત્ર ખેડો, કરી આ સાર કે, વસ્ત વાવજોરે લોલ ૪
તમે પાપના પડદા મેલો દુર કે, ચીતમાંયે ચેતજોરે લોલ ૫
કરમના કાઢો કુડા મુલ કે, મન ચોખા કરોરે લોલ ૬
તમે નીત નીંદામણ કરોને દુર કે, વરેહની વાડ કરોરે લોલ ૭
ને સતનું સાવજ કાઢો બાહાર કે, પંખી સું કરેરે લોલ ૮
પુન પ્રીત કરો સંગાત કે, હરી સું હેત ધરોરે લોલ ૯
અમર ખેતર લેજો જોઈ કે, ઢગે કાણજોરે લોલ ૧૦
તમે લુણી લેજો લુણવા કાજ કે, અજોનસ જાગજોરે લોલ ૧૧
અજો કરજો બલદાર કે, બે પાર પુરા કરોરે લોલ ૧૨
ધરમના ધોરી થઈ કરજો કામ કે, । અમર ઉપનોરે લોલ ૧૩
ગાઢા ભરજો ગુરનાં ગીનાન કે, મંદીર માંહે મેલજોરે લોલ ૧૪
ચીતમાંહે ચોરી મકર જો જોઇ કે, દસોંદ આલજોરે લોલ ૧૫
જેમ રમજો દીનને રાત કે, તો રાજરૂડા કરોરે લોલ ૧૬
તમે ભાવે ભગતી કરજો કામ કે, કુલ પામસોરે લોલ ૧૭
જેમ બોલીઆ ગુર સમસ્ત પીર કે, મનનું મળોજોરે લોલ ૧૮

ગરબી સાતમી.

તમે રમજો દીનને રાત કે, રાજરૂડા કરોરે લોલ ૧
મોર છાપ કરે કીરતાર કે, ખુબખુબ બાજજોરે લોલ ૨
તમે લુણી લેજો દુનીઆં માંહે કે, રાજરૂડા કરોરે લોલ ૩

તો વૈકુંઠ જાતાં વરસે નુર કે, અવીચળ આગલેરે લોલ ૪
ગુર ગીનાનના ધેમણ હાથ કે, પુસ્તક પાલજોરે લોલ ૫
અંકુસ અકલ લેજો હાથ કે, સીર સોંપી વરોરે લોલ ૬
સીર સાટાનું લેજો સંસકાર કે, તો ખંઢા સુ કરેરે લોલ ૭
એવા ફરી ફરી જનમો કાંહી હુનીઆં માંહે કે, ફેરા સું ફરોરે લોલ ૮
આખર હુનીઆંનું સીએો છે સંગાત કે, કુઅર કેાદામણેારે લોલ ૯
પ્રભુ વિના પડેરે પુંરાણ કે, બીજ વિના વાવી સું કરોરે લોલ ૧૦
તેમાં આગ અંગારાની નીપજ હેાએ કે, ઝેરના જુમકારે લોલ ૧૧
ગુર વિના આ ઠગ ધુતારા લેાક કે, તાસું સુ મીલેારે લોલ ૧૨
ગુરનું થાનક વેદ પુરાણ કે, ગાફલાઈ સું કરોરે લોલ ૧૩
સામી આવસે જંપુદીપ કે, ક્ષેત્ર કુવારકારે લોલ ૧૪
વારે વારે વેર્ગાણા થાએ કે, જાતા જુવા પડોરે લોલ ૧૫
એાલવાટે લુટાણા સબકેાઇ કે, ધંધે ધુડ મીલીઆરે લોલ ૧૬
સતપંથ છે ખાંડાની ધાર કે, ગીનાનમાંહે રહેજોરે લોલ ૧૭
તમે જુવેા જુવેા ગુરજીના વેણ કે, વિસેસ વીસવાસ કરોરે લોલ ૧૮
એમ બેાલીઆ ગુર સમસપીર કે, મનસુ માનજોરે લોલ ૧૯

ગરબી આઠમી.

તમે જપજો દીન રાત કે, મંદીર માંહે મલજોરે લોલ ૧
ઝાંકી સુરતી લાગી ભરમંઢ કે, અમર રેલજોરે લોલ ૨
જેવા તાણ ન ટુટે તોર કે, સુરતી બાંધજોરે લોલ ૩
અનહદ વાજા વાજે સાર કે, નિત સેાહાંગ ઊઠેરે લોલ ૪
માંહે બેઠા સુરતીયા સાર કે, હરીજન સું કરેરે લોલ ૫
ઝાંકી સુરતી લાગી ભરમંડ કે, નુરમાંહે ખેલજોરે લોલ ૬
ભેદ ન જાણે પડેરે પુરાણ કે, મુંઢ મતી સુંકરોરે લોલ ૭

તમે પરખો તે પરખણહાર કે ચીતમાંહે ચેતજોરે લોલ. ૮
ભરમંડ આખો કરજો હાથ કે, જ્યાં રવ ચમકાર છેરે લોલ. ૯
સીર આલ્યાથી આવે હાથ કે, તોય સોંઘો જાણજોરે લોલ. ૧૦
પુરવ જનમનો હોય સંસ્કાર કે, તો ફળ પામશોરે લોલ. ૧૧
સુરા હોકર લડો સનમુખ કે. સીર સોંપી વળોરે લોલ. ૧૨
તમે ગુરૂજી સાથે હેત કે, રિદામાંહે રાખજ્યોરે લોલ. ૧૩
તારે અમર ખેત્ર પાકે સાર કે, હરખે ઢાલજોરે લોલ. ૧૪
હીરા મુમન કરજો હાથ કે, ફેરા શું ફરોરે લોલ. ૧૫
જોઇ જોઇ ભગતી કરજો સાર કે, તો ફળ પામશોરે લોલ. ૧૬
છાની ચોરી ન કરીએ વીર કે, દસોંદ આલજોરે લોલ. ૧૭
કે જાણી લેજો દુનીયામાંહે કે, પુસતક પાલજોરે લોલ. ૧૮
તમે ચીતમાંહે ચેતો મુનીવર ભાંઇ કે, મુગતીયે માલજોરે લોલ. ૧૯
તમે જુવો જુવો ગુરના ગનાન કે, ભુલા સું ફરોરે લોલ. ૨૦
જે ચાલ્યા ગુર ગનાન પ્રમાણ કે, તે અમર હુવારે લોલ. ૨૧
એમ બોલ્યા ગુરૂજી સમસ પીર કે, મનસુ માનજોરે લોલ. ૨૨

ગરબી નવમી.

ભુલો ભુલો તે ભુલો ભમરડોરે લોલ ૧
કીયાં ભુલે મેરા પ્રાણીયારે લોલ. ૨
અગન જટન તારે તન જાગીઆરે લોલ. ૩
અભી ભુલે સોદી પ્રાણી હારસેરે લોલ. ૪
એવા આવે તો ભવ જે લંગણુરે લોલ. ૫
તમે કીસ બીધ લંગસે. પારીયારે લોલ. ૬
આગે પતણુ નહી કોઇ બેડીયારે લોલ. ૭
નહિ વજ નહી કોડે તુલહારીયારે લોલ. ૮
સત કેરી બાંધો તમે પાલીયારે લોલ. ૯

તમને ધરમ લંગાવે પારિયારે લોલ. ૧૦
ગુરૂ જામીન તમારા ભાઇ હો ચલેરે લોલ. ૧૧
તમે ઇસ બીધ લગસો પારીયારે લોલ. ૧૨
જે કોઇ હોલે હોલે ભાઇ તરી ગયારે લોલ. ૧૩
બુડે સોહીકે જીન સીર ભારીઆરે લોલ. ૧૪
આગે નહી કોઇ હટ વાણીયારે લોલ. ૧૫
નહી વણજ નહી વેપારીયારે લોલ. ૧૬
આગે નહી કોઇ લેંણુ નહી ભાઇઓરે લોલ. ૧૭
ત્યાં નહી કોઇ બાપ નહી માઇયારે લોલ. ૧૮
ભાઇ એકલડા ઉઠકર જાઇગેરે લોલ. ૧૯
કુછ ધરમ લીયેા તમે સાથીઆરે લોલ. ૨૦
એમ ગનાન શમસ ગુર બોલીયારે લોલ. ૨૧
કુછ સુકરીત કરેા ધરમ સાથીયારે લોલ. ૨૨

ગરબી ૧૦ મી.

સત મારગ શમસ પીર, દેખાડીયા ગરબીએરે લોલ ૧
જેણે નીરખીયાં અમર નામ, તે અમર થઇ ગયારે લોલ. ૨
ગુરે હરફે હરફે કીધી બોધ, વતાવ્યા સરવેનેરે લોલ. ૩
એવા ભાખ્યા વેદ પુરાણ, તે કથ્યા મુખ થકીરે લોલ. ૪
ગુર નાચે ગરબી માંહે, તે ગાએ કુરાનનેરે લોલ. ૫
તે તેા ભાખે ભાખ્યા, અમોલ ખેલાવે ખેલડીરે લોલ. ૬
પેલા ભાખ્યા કલપ ચાર, ઉપવાણુ સેસટનીરે લોલ. ૭
તેમાં ગુર ભરમાની રમતજ સાર કે, જુગ ઉપાવીયારે લોલ. ૮
જેમ વીસનવના બગાસા માંહે, ઉપના તેજ થકીરે લોલ. ૯

તેની ભ્રમ રચના થઇ અપારકે, અસ્ટ કરોડનીરે લોલ. ૧૦
તારે માયા માંડી જુગની જાલ કે, તેણુથી મોર્મ રહ્યારે લોલ. ૧૧
તેણે પાહુલેહ પાડયેા છળ કે, રૂખીને હેરીયારે લોલ. ૧૨
તેણે આજ કલીમાં મેાયેા સંસાર તે, ગાફલ ભુલીયારે લોલ. ૧૩
પછે પેલા કલપનું કરી વિસ્તાર કે, જંખને નીમીયારે લોલ. ૧૪
તારે કીધા છે સતપંથ ધરમ, તે આપે નરજીયેરે લોલ ૧૫
તારે ગુર સમસ ત્યા હેાતા સાર, તે બ્રહ્મા સત કહીયેરે લોલ. ૧૬
તણે પાવલ કાઢી દીધી સાર. કરી પાવન રૂશીનેરે લોલ. ૧૭
એમ બેાલ્યા ગુર સમસ પીર કે, પાવલ સતે પીવેારે લોલ. ૧૮

ગરબી અગીઆરમી.

સતે પાવલ પીયેા દીન ને રાત કે, તેા ફળ પામશેારે લોલ. ૧
જેમ સીધા નવાણુ કરેાડી જંખ, તે અમર હુવારે લોલ. ૨
એમ સીધા તે માલા મેઘ કે, છપન કરેાડીયારે લોલ. ૩
એમ શીધા તે કીન્નર દેવ કે, બત્રીસ કરેાડીયારે લોલ. ૪
એમ સીધા તેત્રીસ કરેાડ દેવ કે, તે ફળ પામીયારે લોલ. ૫
પછે છેલા કલપની ઘડીયું ચાર. તેમાંહે જીવ તારાયારે લોલ. ૬
તેમ પાંચ કરેાડસું રાય પેલાજ, જેણે નરસંઘ જપીયારે લોલ. ૭
તેમાં સાત કરેાડસું હરીચંદ રાય કે, શ્રી રામે તારીયારે લોલ. ૮
એમ નવે કરેાડસું પાંડવ રાય કે, શ્રી ણુપે ઉગારીયારે લોલ. ૯
તેના છત્રપતી જુજેસઠણ રાય; તેને ભરણ ભરાવીયારે લોલ. ૧૦
આજ કલીમાંહે કરેાડી બાર કે, સતીયા સાચસુંરે લોલ. ૧૧
તેના પીર સદરદીન તારણ હાર, તે આપે તારીયારે લોલ. ૧૨
તેણે ધીયાવ્યા અહમદ નામ, અલી અવતારનેરે લોલ ૧૩
આજ છેલી સંધે તારસે સાર, જે સતપંથ ધ્યાવસેરે લોલ. ૧૪
જે પાવલ પીસે મુનીવર વીર કે, દસેાંદ આલસેરે લોલ. ૧૫

જે કીરીયા ચાલીસપાલસે જન, તે અનત માંહે આવશેરે લોલ. ૧૬
તેની સરગે હોસે વધાઇ કે, અમર ફળ પામશેરે લોલ. ૧૭
તેનાં એકોતેર પુરીયા સાર કે, માઇ બાપનારે લોલ. ૧૮
ને તો સાથે આવશે સારં, તે વઇકુંઠ પામશેરે લોલ. ૧૯
જે પાથર પુજે જુઠા દેવ, તે દોજખે જાશેરે લોલ. ૨૦
એમ બોલ્યા ગુર શમસ પીર, નાચો સત સંગેરે લોલ. ૨૧

ગરબી બારમી

ચેતો ચેતો તે ચંચલ ચેતીયારે લોલ. ૧
રમો રંગે તે રૂડા સતીયારે લોલ. ૨
છોડો મુરખાઇ લોભ કપટનેરે લોલ. ૩
તમે સમરો તે સારંગ પ્રાણુનેરે લોલ ૪
તમે પથરને માનો છો પ્રેમસુંરે લોલ. ૫
તેથી નહી પામો તમે બ્રહ્મકુરે લોલ. ૬
એતો ગરબી ભવાની જુઠીગારે લોલ. ૭
એવા જોત કપટ કેરા મુઠીયારે લોલ. ૮
નાચે શું થાશે પ્રાણી તમે થાકશોરે લોલ. ૯
જુઠા રંગ રહેસું માં રાખજોરે લોલ. ૧૦
તમે કીધા છે જમવાના જોગીયારે લોલ. ૧૧
જુઠા કુડ કપટ તણાં ભોગીયારે લોલ. ૧૨
સરેવો કાસમ શાહા નર નામનેરે લોલ. ૧૩
તો પામશો તે વઇકુંઠ ઠામનેરે લોલ ૧૪
બ્યાવો ધરમ મારગ સતપંથનેરે લોલ. ૧૫
એવા સાચા સાહેબ સમરથનેરે લોલ. ૧૬
એમ ગુર પીર સમસ બોલીયારે લોલ, ૧૭
સરવે નાચજુહારાનાં તાળાં ખોલીયારે લોલ. ૧૮

ગરબી તેરમી.

ગુરજી આવ્યા સાતમી રાત કે, નાચે બહુ રંગેરે લોલ. ૧
ત્યાં સરવે નગરનાં મલ્યા લોક કે, નાચે ગુરૂ સંગેરે લોલ, ૨
ગુર શમસે કથ્યા ગીનાન કે, અતી ઘણા ભાવથીરે લોલ. ૩
રતન જુગના કરી વિસતાર કે, સુણે સરવે સારથીરે લોલ. ૪
ત્યાં જમ નવાણું મલશે સાર કે, મેયા સારથીરે લોલ. ૫
ત્યાં કીનર કરોડ બત્રીસ કે, મલશે ભાવથીરે લોલ. ૬
તારે તેત્રીસ કરોડ મુનીવર દેવ, વધારે ગુર નરનેરે લોલ. ૭
પાંચ કરોડસું રાય પેલાજ કે, મલે સરવે દેવતારે લોલ. ૮
તારે હરીચંદ રાય કરે અરદાસ કે, જમાત આપણીરે લોલ. ૯

ત્યાં નવ કરોડશું પાંડવ દેવ કે, અતી રંગ રાસેરે લોલ. ૧૦
પીર સદરદીન સાથે મલશે સાર કે, બાર કરોડીયાંરે લોલ. ૧૧
ગુર હસન શાહા સાથે અનત કરોડ જેણે વેદ પ્રમાણિયારે લોલ. ૧૨
ત્યાં મલશે સરવે પેગંબર દેવ કે, સવા લાખ સારથીરે લોલ. ૧૩
ત્યાં હાજર સરવે હુસેની દેવ કે, વુડા નુર થકીરે લોલ. ૧૪
રતન જુગના સુણી વીસતાર કે, સહુ અચરત થયારે લોલ. ૧૫
પણ ન જાણે ખેલ ગુરજીના થાય કે, સહુ ગફલતે મોહી રહયારે લોલ. ૧૬
ગરબીયે વરત્યો જે જે કાર કે, ઓછવ મંગલારે લોલ. ૧૭
એમ સારિ રાત થયેા આનંદ કે, સવારે સહુ ગયારે લોલ. ૧૮
તેની ચરચા અતી નગરમાં થાય કે, સહુ જન દેખવારે લોલ. ૧૯
એમ બોલ્યા ગુર સમસ પીર કે, ખેલ રચાવીયારે લોલ. ૨૦

ગરબો ચઉદમી.

સતગુર સમસ એમ કહેરે ગાફલેા, કેમ ઉતરશેા પાર. ૧
પાથર રંગે રાચીયારે ગાફલેા, પામેા ન સીરજણહાર. ૨
ફેાગટ ફેરા તમે શું ફરેારે ગાફલેા, ધ્યાવેા તે સતપંથ ધરમ. ૩
પથર મુરત મુકીને ગાફલેા, સતે છેાડાવેા કરમ. ૪
મુકેા ભવાની માતનેરે ગાફલેા, સરેવેા અલી અવતાર. ૫
પાવલ નીરમલ પીવેારે ગાફલેા, ધ્યાવેા તે ધરમ આચાર. ૬
માનેા કાસમ શાહા નુરનેરે ગાફલેા, આલ ઇમામ કલીમાહે ૭
દીલના તે તાળાં ખેાલીનેરે ગાફલેા, જુવેા તે મુગતના ઠામ. ૮
અનવરશ્રીએ સલામશારે ગાફલેા, એ નરને પીછાણેા તમે જોઈ ૯
તેની કલાથી અમે આવીયારે ગાફલેા, અમે પીર સમસ સેાઇ. ૧૦
કેાલ તમારે અમે આવીયારે ગાફલેા, પાળેા તે વાચા આજ. ૧૧
વાયક સાંભળી જે ચાલસેરે ગાફલેા, તે કરશે તે અવીચળ રાજ. ૧૨
છેલેા અખાડેા આ જુગનેારે ગાફલેા, ચેતેા તમે મારા વીર. ૧૩
સતપંથ ધરમને માનજોરે ગાફલેા, ધરી રીદામાંહે ધીર. ૧૪
પાખંડે પાર નહિ પામશેારે ગાફલેા, સાચી કહું છું સતવાણ. ૧૫
કલજુગ સંઘે ચેતજોરે ગાફલેા, સમરેા તે સારંગ પ્રાણ. ૧૬
ચેતણહારા તમે ચેતજોરે ગાફલેા, પીયેાને નીરમલ નીર. ૧૭
ગુરજી કહે તમને કથીને ગાફલેા, એમ બેાલ્યા સમસ પીર ૧૮

ગરબી પંદરમી.

ગુર કહેરે ગાફલેા સાંભળેારે લેાલ. ૧
એવા ફેાગટ ફેરા તમે શું ફરેારે લેાલ. ૨
હવે નથી તે રૂપ અગ્યારમુરે લેાલ. ૩

નથી કલજુગથી જુગ પાંચમોરે લોલ. ૪
આજ પરતક્ષ ગુર નર આવીયારે લોલ. ૫
તેણે મનખા તે રૂપ દેખાડીયારે લોલ. ૬
તે તો પાત્ર પીછાણ્યો તમે સારથીરે લોલ. ૭
નહીતો ટલસો તે સીરજણહારથી લોલ. ૮
પછે પસતાવો કરસો તમે મુરખારે લોલ. ૯
જ્યારે પરશે તે સરવેના પારખારે લોલ. ૧૦
ગુર ઘણું કહે નાચણહારનેરે લોલ. ૧૧
કેમ ફોગટ નાચો તમે મુરખારે લોલ. ૧૨
ગુર ઓળખો તો આનંદ પામશોરે લોલ. ૧૩
તેથી અમર અમરાપુરી પામશોરે લોલ. ૧૪
હવે કોલ અમારા પુરા થયારે લોલ. ૧૫
એવા છેલ્લા સદેસા સુધ હુવારે લોલ. ૧૬
ગુર સમશે કોલ દઇ પાળીયારે લોલ. ૧૭
આજ આવી કલીમાંહે પરવરીયારે લોલ. ૧૮

૧૩મી સોળમી.

તીથ આઠમી આવ્યા ગામના લોક, જુવે સરવે સારથીરે લોલ. ૧
ગુર શબસ ગાયે મીઠા બોલ, સુણે સરવે મલીનેરે લોલ. ૨
ગુર ભાંખે અમરત ગીનાન કે, આદ ઉણીયાદથીરે લોલ. ૩
જ્યારે રચ્યો જમીન આસમાન કે, પવન પાણીયારે લોલ. ૪
તારે ઉપરની ચારેર્ખ ખાણ કે, અઢાર ભાર વનસપતીરે લોલ. ૫
તેનો દાદો આદમ ઇશ્વર સાર, તે રચ્યા નુર થકીરે લોલ. ૬
ચેલા સહુથી ઉપના પંજેતન પાક, તે નુર થકી રચ્યારે લોલ ૭
તે દીનથી ઉપજો સતપંથ ધરમ, જે જાણે મરમનેરે લોલ. ૮
જે માને મુખી ગત જુમલો જમાત, તે છુટાવે કરમનેરે લોલ. ૯

ગતમાંહે છે કળા અનંત અપાર, સરવે ભરપુર છે રે લોલ ૧૦
ગતમાંહે જંબ મેગ કીનર સાર, દેવ તેતરીસ કરોડીયારે લોલ ૧૧
ગતમાંહે છે વ્યાપક બોલીયા સાર, જે તેજ ધરી રહ્યારે લોલ ૧૨
ગતમાંહે છે ગુર નર વ્યાપક સાર, તે તેજ ધરી રહયારે લોલ ૧૩
ગતમાંહે છે આપે સીરજણહાર કે, સદા ભરપુર રહયારે લોલ ૧૪
એવો મુગતી મારગ છે ગતમાંહે, જે જાણે તે લીયેરે લોલ ૧૫
તે તો ગાફલ દુનીયા ન જાણે કોઇ, જે ગફલતમાં રહેરે લોલ ૧૬
ગુરજી કહે છે સમજાઇ કે, જાણો તમે જાણીઆરે લોલ. ૧૭
એવો ભેદ બતાવે ગુરજી આપ કે, ભુલો મ મુરખોરે લોલ. ૧૮
એમ બોલ્યા ગુર સમસ પીર કે, કંથે ગુર ગનાનનેરે લોલ ૧૯

ગરબી સતરમી.

નર કાસમ શાના ફરમાનથી ગુર સમશ પીર રમવા નીસરારે મા. ૧
તે તો કર્યા મુલક ચોવીસ માંહે, આપે શ્રી વરમીર રમવા નીસરારે મા. ૨
પેલી ચીણબ નગરીયે પરવારયા, ત્યાં બોધ્યા સુરજદેનાર રમવા નીસરારે મા ૩
પછે મેરૂએ દીડા બેલ ઘણા, તેનુ નઈ કોઇ પાર રમવા નીસરારે મા. ૪
પછે આવ્યા તે ઉચ નગરમાંહે; પેગંબરના પરીવાર રમવા નીસરારે મા. ૫
ત્યાં બાવનીનને ભુંડો કરી, સીંગડા કીધા પ્રકાશ રમવા નીસરારે મા. ૬
તારે મુઓ જીવાડયો ગુરજીએ, કીધા બેલ અનત અપાર રમવા નીસરારે માં ૭
તારે સુરજ મંગાવ્યો સતગુરૂએ. તે દીઠો સરવે સંસાર રમવા નીસરારે માં ૮
એવી કુદરત ગુરે આપે કરી, તે આપો આપ બોધાર રમવા નીસરારે મા. ૯
ત્યાંથી આવ્યા અનલવડમાંહે, નાચ્યા ગરબીમાંહે રમવા નીસરારે માં ૧૦
તે તો મુરખ ભરમ ન બુજતા, તે ભુલા ફરે ગેબાર રમવા નીસરારે મા ૧૧
ગુર ગિનાન કંથીને સરવે કહે, સાથે અનત અપાર રમવા નીસરારે મા ૧૨
એવા ચારેઈ વેદ વતાવતાં, કંથે ચારે કીતાબ રમવા નીસરારે મા. ૧૩

એવી સાખા સરવે સત તણી, મારગ સતપંથ ધરમ રમવા નીસરારે મા. ૧૪
એવા છેલ્લા તે વેદ કુરાન, ગુર કે'છે વાણુ અનેક રમવા નીસરારે મા. ૧૫
એ તો પુરા પુરવ પુન તણા, સમજે જે કોઈ જન રમવા નીસરારે મા. ૧૬
તે ગુર કહે અમર હુવા, તે આજ કલ છેલી સંધ રમવા નીસરારે મા. ૧૭
એવો ગુર શમસે ભાંખીયા, સાચો એહી ગનાન રમવા નીસરારે મા. ૧૮

ગરબી અઢારમી.

ભુલા મ ભુલે ભમજોરે હીન્દુઓ, જુવો છો શું શું મરમ. ૧
પાથર પુજે શું પામશોરે હીન્દુઓ, માથે લીયો છો કરમ. ૨
કુલ ચડાવો છો પાથરનેરે હીન્દુઓ, ભુલી મ જાઓ ગેમાર. ૩
ભુલે જે વાણુસે સારથીરે હીન્દુઓ, તે કયાંય ન પામે ઠામ. ૪
ત્રણ વેદ જે ધીયાવતારે હીન્દુઓ, વહી ગયો અવસર જેહ. ૫
વહી ગયા નવ અવતાર અરે હીન્દુઓ, ધીયાવો તમે છે જેહ. ૬
વહી ગયા બ્રાહમણ ભરમારે હીન્દુઓ, થયો હુસેની ઈમામ. ૭
વહી ગઇ પુજા ગઉતણીરે હીન્દુઓ, પુજો અલીજીનું નામ. ૮
અડસઠ તિરથ ચલ ગયારે હીન્દુઓ, તે કળા ભરમા ભરપુર. ૯
ગોત ભમીને શું ફરોરે હીન્દુઓ, પીયો તમે નીરમલ નુર, ૧૦
માથા પથરમાંહે શું હણોરે હીન્દુઓ, ઓલખો નર કાસમશા અવતાર. ૧૧
કહેક નગરિમાં જે રહેરે હીન્દુઓ, તે સાહેબ વર દાતાર. ૧૨
તેને આરાધતા છુટશોરે હીન્દુઓ, સાચું કહું તમને આજ. ૧૩
વાસો વઇકુંઠ પામશોરે હીન્દુઓ, કરસો તે અવીચળ રાજ. ૧૪
હુરા પચાસ તમે પામશોરે હીન્દુઓ, લેસો જો સતપંથ ધરમ. ૧૫
ગતમાંહે પાપ છોડાવજોરે હીન્દુઓ, તો ટળશે સઘળાં કરમ. ૧૬
પીર શમસ એમ ભાંખીયારે હીન્દુઓ, કહું છું તે છેલ્લી વાણુ. ૧૭
ભુલે મ ભુલો મુરખારે હીન્દુઓ, સરેવો તે સારંગપ્રાણુ. ૧૮

ગરબી ઓગણીસમી.

તિથ નવમી આવ્યા ગુરજી આપ, રમે સરવે સારથીરે લોલ. ૧
તે માંહે રમ્યા આપે સુજાણ, કંથી વાણિ ઘણીરે લોલ. ૨
કરયાં પંજેતન પાકનાં વખાણ, ઉપાવણ નુરનીરે લોલ. ૩
જયાં સરજયા કુતુબ તારા નુર, તે પંજેતન પાકનારે લોલ. ૪

તે તો સીતેર હજાર વરસ ઉગમતા સાર, ફરી એમ ઉગતારે લોલ. ૫
તે તારા નબી મહમદ નામ, અલી સીર તાજીયારે લોલ. ૬
જેના હંસ ગલામાં ફાતમા નુર, જબુકે જેમ વીજળીરે લોલ. ૭
તેને બે કાને હુર ઇમામ હસન હુસેન સમાવે તેજમાંરે લોલ. ૮
તેને નુર રચ્યા સાત પાતાલ, રચાવ્યો આસમાનનેરે લોલ. ૯
તેણે અરસ કુરસને કીધા આપ, લોહ કમલ સરજીયારે લોલ. ૧૦
ત્યાં લોહ કલમથી લખ્યા નામ, મુનીવર દેવનારે લોલ. ૧૧
જે સતપંથ ધરમ ધીયાવે જન, લખ્યા તેને ધરીરે લોલ. ૧૨
તારે દસોંદનો માંડયો દેવાકાર, જેણેથી છુટશોરે લોલ. ૧૩
તે તો કાયા કસીને દિજે દાન, દસોંદ શુધ કરીરે લોલ. ૧૪
એતો પ્યારી છે નરજીને આપ કે, જે જન કસાવતારે લોલ. ૧૫
એતો ગુર નરે બતાવી કસણી સાર, મુનીવર તમે કરજોરે લોલ. ૧૬
તો પામશો તમે પેલે પાર કે, અવિચલ રાજીયારે લોલ. ૧૭
એમ બોલ્યા ગુર શમસ પીર કે, સરસે કાજીયારે લોલ. ૧૮

ગરબો વીસમો.

પીર નાચીને કંથે ગીનાનરે મા, એમ સમજાવીને ગુર કહેછેરે મા. ૧
તમે સમજો તે સતની સાનરે મા, એમ સમજાવીને ગુર કહેછેરે મા. ૨
તમે જુઠાસું કીધા આચારરે મા, એમ સમજાવીને ગુર કહેછેરે મા. ૩
ગુર કહે છે વારોઇ વારરે મા, એમ સમજાવીને ગુર કહેછેરે મા. ૪
તમે ભુલો છો કાંય સહુ સાથરે મા, એમ સમજાવીને ગુર કહેછેરે મા. ૫
પીરે આવીને ઝાલ્યો છે હાથરે મા, એમ સમજાવીને ગુર કહેછેરે મા. ૬
તમે બોલો તે વેદનું સારરે મા, એમ સમજાવીને ગુર કહેછેરે મા. ૭
ભુલી જાઓ તે કાંહે ગેમારરે મા, એમ સમજાવીને ગુર કહેછેરે મા. ૮
પીર કરેછે બેલ આજરે મા, એમ સમજાવીને ગુર કહેછેરે મા. ૯
તમે ગાફલ થીયા સીયે કાજરે મા, એમ સમજાવીને ગુર કહેછેરે મા. ૧૦
તમે સરેવો તે સતપંથ જનોરે મા, એમ સમજાવીને ગુર કહેછેરે મા. ૧૧
દ્રઢ રાખીને આપણું મનરે મા, એમ સમજાવીને ગુર કહેછેરે મા. ૧૨
તમે મુકો તે ઠાકર દેવરે મા, એમ સમજાવીને ગુર કહેછેરે મા. ૧૩
એવી સમજ રાખો તતખેવરે મા, એમ સમજાવીને ગુર કહેછેરે મા. ૧૪
તમે પાવલે પવીત્ર થાશોરે મા, એમ સમજાવીને ગુર કહેછેરે મા. ૧૫
તો વેહેલા તે વઈકુંઠમાંહે જાશોરે મા, એમ સમજાવીને ગુર કહેછેરે મા. ૧૬
એમ બોલ્યા છે ગુર શમસ પીરરે મા, એમ સમજાવીને ગુર કહેછેરે મા. ૧૭
તમે રાખો રદામાંહે ધીરરે મા, એમ સમજાવીને ગુર કહેછેરે મા. ૧૮

ગરબી એકવીસમી.

સત મારગ સતવંતીયા સાંભળો સરવે જન, ગુર શમસ કેછેરે મા. ૧
તમે ખોજો તે સાર પુરાણની થાશે નીરમલ મન, ગુર શમસ કેછેરે મા. ૨
આજ ગરણીયે આનંદ વરત્યા કાંયે ભુલો ગેમાર, ગુર શમસ કેછેરે માં. ૩
સતમાર્ગે દેવદેવી મલી રહયા તમે પરખો તે પરખણહાર, ગુર શમસ કેછેરે મા. ૪
જખ મેગ કીનર તરી ગયા તેત્રીશ કોડ દેવ, ગુર શમસ કેછેરે મા. ૫
તેને દેખે જે મન નીરમલ કરી દોઇ કરમ તતખેવ, ગુર શમસ કેછેરે મા. ૬
પેલાજ હરીચંદ મલી રહયા સત ધરમે પાંડવ વીર, ગુર શમસ કેછેરે મા. ૭
તેને દેખે જે મન નીર્મલ કરી અને રાખી રદામાંહે ધીર, ગુર શમસ કેછેરે મા. ૮
તેતો સાચા રખીસર તરી ગયા જેણે રાખ્યો દ્રઢ વીશ્વાસ, ગુર શમસ કેછેરે મા. ૯
તેતો ભરપુર વસી રહ્યા જ્યાં ગત ગંગાનો વાસ, ગુર શમસ કેછેરે મા. ૧૦
ચોથે પીર સદરદીન જાણુજો તે બાર કરોડ સાથ, ગુર શમસ કેછેરે મા. ૧૧
તે નીર્મલ મન કરી દેખસે જે ઝાલે અમારો હાથ, ગુર શમસ કેછેરે મા. ૧૨
છેલ્લી સંધે અનતના સમરથી તેનું પીર હસનશા નામ, ગુર શમસ કેછેરે મા. ૧૩
તે ગત ગંગામાંહે વ્યાપક રહે રાત દીવસ હોઇ પ્રકાસ, ગુર શમસ કેછેરે મા. ૧૪
જે આવે સતપંથ ધરમમાંહી તે પામે મુગત દીદારે, ગુર શમસ કેછેરે મા. ૧૫
જે કોઇ પુરવ પુને સાચા હશે તે ઓધરશે નરને નાર, ગુર શમસ કેછેરે મા. ૧૬
એવી ગરણી ગાય સતગુર તે પાઠ કરી પ્રકાશ, ગુર શમસ કેછેરે મા. ૧૭
જે કોઇ આવશે સતપંથ ધરમમાં તે હોશે હરીના દાસ, ગુર શમસ કેછેરે મા.૧૮

ગરબી બાવીસમી.

ગુર વદીયા દસમી રાત કે, આવીયા ગરબીયેરે લોલ. ૧
તારે નાચે અનત અપાર કે, રંગે સરવે રાચીયારે લોલ. ૨
તારે એક બ્રાહમણ શંકર નામ તે, ગરબી તજી ગયારે લોલ. ૩
તેણે ન જાણ્યો ગુરજીને સાર કે, ચમતકાર છેરે લોલ. ૪
તેનું પુરવ પુન કાચો સાર કે, તેણે મેલ્યો ભરમનેરે લોલ. ૫
તે અસલ કમાઇમાં ઓછો સાર કે, તેં શું જાણે સમરથીરે લોલ. ૬
બીજા સરવે નગરના લોક કે, મલી કરી સાંભળેરે લોલ. ૭
તે સહુ જાણે ગુરજીને સાર કે, કો હે જન દેવતારે લોલ. ૮
બીજા બાંતરીસ પંડીત પડે પુરાણ કે, તેણે સરવે જાણીયારે લોલ. ૯
સહુ મુકી પુરાણને સાંભળે વાણ જે સતગુર મુખે કહેરે લોલ. ૧૦

તે તો સમજ્યા સતના વચન કે, સમંજ રદે ઘરેરે લોલ. ૧૧
સરવે પંડીતનાં સુધર્યા મન કે, બહુ રલીયાત થયારે લોલ. ૧૨
તેણે સમજી તે સગલી પેર કે, ગુરજીના બોલનીરે લોલ. ૧૩
ત્યાં સાત નફેરી વળડે તુર કે, કથણુ ગુરના કથીરે લોલ. ૧૪
ગુરજીના રંગના વળડે ઢોલકે, બહોત વળડીયારે લોલ. ૧૫
ત્યાં થાય બહુ જે જે કાર, દેખે સરવે માનવીરે લોલ. ૧૬
સરવે જન ત્યાં અચરત થાય, સુણે કાન ધરીરે લોલ. ૧૭
ગુર બોલ્યા શમસ પીર કે, સુણો સરવે ચીત દઈરે લોલ. ૧૮

ગરબી તેવીસમી.

ગુર કહે છે મીઠી વાણુ કે સહુ સાંભળતારે. ૧
તમે સમરો તે સારંગ પ્રાણુ કે જીવ રખે ભુલતારે. ૨
તમે સરવે ચીત દઇ સાંભળો કે સહુ નર નારીરે. ૩
એવો સતપંથ ધરમ ધીઆવો કે દુનીયા સારીરે. ૪
તમે વણુજો તે આછેરા વણજ કે વીયાપક રહીનેરે. ૫
રૂડા સતપંથ મારગ ધરમ કે નીજ ગનાન લઇનેરે. ૬
તમે સમજો તે આછેરા મરમ કે પાવલ પીજોરે. ૭
તો છુટશે તમારા સરવે કરમ કે દસોંદ દેજોરે. ૮
તમે કાયા કસી કરી કાઢજો કે સહુ સતપંથી. ૯
એવા રૂડા ધરમ તમે કરજો તો થાવો સમરથીરે. ૧૦
તમે ભુલો મ વારો વાર કે મારગ જાણોરે. ૧૧
અમે આવ્યા છીએ તમારે દવાર તે અમને પીછાણોરે. ૧૨
અમે વાચા તમારી પાલી કે તમે શું કહોછોરે. ૧૩
રહી અનત કરોડી ઓધારિ તેમાં કેમ રહોછોરે. ૧૪
તમે આવો તે અનત માંહે કે ધરમને ધીયાવોરે. ૧૫
તો પામશો તે વઈકુંઠ વાસ જો હુકને કમાવોરે. ૧૬
એમ બોલ્યા છે શમસ પીર કે ચેતીને ચાલોરે. ૧૭
તમે રાખો રૂદામાં ધીર કે દસોંદ આલોરે. ૧૮


ગરબી ચોવીસમી.



તારે વાગા તે ગીનાનના વાજારે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૧
આવી ઉભા તે સરવે રૂખી રાજરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૨
ત્યારે વાજી છે જંત્રી ધરમનીરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૩
છુટી તાલ તે સઘળી કરમનીરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૪
આવી નાચે તે મોટા ભુપાલરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૫
ઉભા છે તે છોડી પઇયાલરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૬
ત્યારે આનંદ અતિ ઘણો થાયરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૭
ત્યારે હુતો જે નગરનો રાયરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૮
તેને ગરબીની થઇ છે જાણરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૯
આવ્યા ગરબીમાં સાર'ગપ્રાણરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૧૦
રાય ચાલી આવ્યા તેણે ઠાંઇરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૧૧
સરવે પરધાન તેને સાથરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૧૨
દીઠી કળા કુદરત ગુરનીરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૧૩
મલી રઇયત સરવે નગરનીરે મા ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૧૪
સહુને અચરત અતી ઘણો થાયરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૧૫
આવી ગુરજીને લાગા છે પાયરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૧૬
એમ બોલ્યા છે શમસ પીરરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૧૭
તમે સતપંથ આરાધો વીરરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૧૮



ગરબી પચીસમી.



જ્યારે આવી છે છેલી રાત કે, મલ્યા સરવે સારથીરે લોલ. ૧
ગુરે કીધા છે ખેલ અપાર કે, મલ્યા સરવે રૂસીરે લોલ. ૨
રાય રઇયત મલ્યા અપાર કે, ગુરજીને પાયે પડયારે લોલ. ૩
એવી ગુર શમસજીને પાસ કે, સહુ વીનતી કરેરે લોલ. ૪
ગુર આપો અમને તમારો ધરમ કે, સરવે એમ કહેરે લોલ. ૫
તો છુટે સરવે અમારા કરમ કે, સતી સતમાંહે રેનેરે લોલ. ૬
તારે બાહમણ સરવે મુકી પુરાણ કે, ગુરજીને પાયે પડયારે લોલ. ૭
કહે ગુર વતાવો તમારા ધરમ કે, એમ સરવે કરગરેરે લોલ. ૮

અમે મુકયો સરવે ઠાઠ કે, તમ સતગુરૂ થકીરે લોલ. ૯
હવે ત્રન વેદથી નહી રહયું કામ કે, કરો તમે સારથીરે લોલ. ૧૦
તમે ગુરજી સાચા મુસલમાન કે, બતાવો દીનનેરે લોલ ૧૧
અમે હિન્દુ મુકી જુઠા દેવ કે, આરાધીયે દીનનેરે લોલ ૧૨
અમે કરસણ આછા વાવીયે સાર કે, તો ફળ પામીયેરે લોલ. ૧૩
તમે આપો અમને તમારો ધરમ, તો રૂદામાહે રાખીયેરે લોલ ૧૪
અમે કુડાં સાસ્ત્ર કાઢયા આય કે, બતાવો કુરઆનનેરે લોલ ૧૫
તમે આલો અમને આછો ધરમ કે, દેખાડી હીસાબનેરે લોલ. ૧૬
ગુરે કીરપા કીધી આપણી સાર કે, બરાહમણ નીમીયારે લોલ ૧૭
ત્યારે અવીચળ વાણી શમસ પીર, ગુરે મુખથી કથીયારે લોલ. ૧૮

ગરબી છવીસમી.

ગુરે ભુલ્યાને મારગ બતાવીયારે લોલ. ૧
સરવે બરાહમણોને ધરમજ આલીયારે લોલ ૨
ત્યારે ધરમ લીયા રાય રાણીયેરે લોલ ૩
સરવે નગરની રઇયત પ્રાણીયેરે લોલ. ૪
જતી જોગીયે તે જોગને છોડીયારે લોલ ૫
રૂદે સત ધરમથી જોડીયારે લોલ ૬
આવી સન્યાસીએ સન્યાસપણા છોડીયારે લોલ. ૭
રૂડા સતપંથ મારગમાંહે આવીયારે લોલ. ૮
ત્યાં વેરાગીયે વેરાગને છોડીયારે લોલ. ૯
ચીત સતપંથ મારગ માંહે જોડીયારે લોલ. ૧૦
સહુ પુજારે પુજાને મેલીયારે લોલ. ૧૧
રંગ ધરમ મારગ માંહે રેલીયારે લોલ. ૧૨
ત્યાં સવાભાર તાગડા તુટીયારે લોલ. ૧૩
રદે સરવેને નુંર આવી ઉઠીયારે લોલ. ૧૪
નાંખી ગરબી સમુદમાંહે સામટીરે લોલ. ૧૫
લીધિ સતપંથ મારગની બોધીઆરે લોલ. ૧૬
ગુર શમસ મહેર કરી બોલીયારે લોલ. ૧૭
કુડા કુફરાનના તાળા સરવે બોલીયારે લોલ. ૧૮

ગરબી સતાવીસમી.

ગુરે કાઢી છે પાવલ હાથે, અમીજલ ભરયારે. ૧
પાવે સહુ સહુને મેલવી સાથે, પીરે મહેર ધરયારે. ૨
સરવે સતપંથે પાવન કીધાં, અમીરસ પાઇનેરે ૩
નરે દીધો છે આપે દીદાર, કાસમ શાહા આવીનેરે ૪
ત્યાં નગર માંહે આનંદ થાય, કે સહુ ઓચરે ગનાનેરે. ૫
મુખી ગતમાં થાપ્યા સાર, આપે છે સરવે દાનરે. ૬
સરવે દાન દસોંદે સુધા, મુનીવર થયારે ૭
ગુરે આપે કરી છે બહુ મહેર, અનત માંહે લાવીયારે ૮
ત્યાં સરવે નગર તણાં, કે સીધ્યાં કાજરે. ૯
તે તો કરશે અમરા પુરી માહે, ભાઇ અવીચલ રાજરે. ૧૦
જે કોઇ જાણી જોઇ ભુલીયા, તે ઠામ ન પાવેરે ૧૧
ભુલી મુગતીથી થયા છે બહાર, તે ઘરો ઘર ભમેરે ૧૨
જેણે લીધો છે સતપંથ ધરમ, કે મુરખ નહી પાલેરે. ૧૩
તેને માથે ચડે છે બહુ કરમ, કે નગર માંહે ઘાલેરે ૧૪
તમે ધરમ આરાધો મોરા ભાઇ, કે પામો પેલે પારરે. ૧૫
હોવે સાચી તમારી કમાઇ, જાશો સરગ દુવારરે. ૧૬
એવિ ગરબી ગાય છે આપે, કે ગુર શમસ પીરરે ૧૭
જાશે મુમન ભાઇયુના પાપ કે, તમે કરજો દીદારરે. ૧૮

ગરબી અઠાવીસમી.

એવી ગરબી સંપુરણ સાર, ગુર શમસ બોલ્યા વીચાર ૧
જે કોઇ સાંભળશે એકહી મન, તેના સહસ્ર ઘણેરા પુન ૨
જે કોઇ ગાય તે નર ને નાર, તે તો પામશે પેલે પાર ૩
જે કોઇ સતપંથકી ગરબી ગાય, તેના પ્રાચત સરવે જાય ૪
એવી ખેલ રમત થઇ છે ભારિ, સતે સાંભળજો નર ને નારી ૫
વાસો વઇકુંઠ તો તમે પામો, સતે ગરબીને જો તમે ગાવો ૬
ગાઇ ગરબી આરાધો ધરમ, તો પાપ છુટે જુગાજુગના કરમ ૭

જે કોઈ સતપંથકી ગરબી સુણીયા, તેના તરે એકોતેર પુરીયા. ૮
જેણે રાખ્યો છે દ્રઢ વીશ્વાસ, તે તો હોસે અલીના દાસ. ૯
જે કોઈ ગાય અલીના દાસ, તે તો પામસે વઈકુંઠ વાસ. ૧૦
જે કોઈ ભણશે થાવર રાત, તે તો થાશે તે અમર જાત. ૧૧
સાચો સીદક રાખો મોરા ભાઇ, તો હોવે સાચી તમારી કમાઇ. ૧૨
રાખો રખીસર રદામાંહે ધીર, એમ બોલ્યાછે ગુર શમસપીર. ૧૩
પીરે કોલ કીધા તેથી આવ્યા, કેવે મારગે કરી સમજાવ્યા. ૧૪
એવો સમજીને ખોવો છો હોંસ, પછે પીરને મ દેજો દોસ. ૧૫
પીરે હરફે હરફે કરી સમજાવ્યા, જેણે સતપંથકુ ચીતમાં લાવ્યા. ૧૬
તે તો ઓધરયા નર ને નાર, પીર શમસ બોલ્યા વીચાર. ૧૭
એવી ગરબી સંપુરણ સાચ, સાચા ગુરજીની સાચી વાચ. ૧૮

ગરબીઓ અઠાવીસમી સંપુર્ણ.

ખુદબો

બિસ્મીલ્લાહ હિર રહેમા નીર રહીમ.

(૧) અસ્સ લાલો વસ્સ લામો ઈમામે મુબીન = ઈમામે મુબીન
(૨) અસ્સ લાલો વસ્સ લામો સુલતાને મુબીન = સુલતાને મુબીન
(૩) અસ્સ લાલો વસ્સ લામો કુરાને મુબીન = કુરાને મુબીન
(૪) અસ્સ લાલો વસ્સ લામો હકુલ મુબીન = હકુલ મુબીન
(૫) અસ્સ લાલો વસ્સ લામો સાહેબે ઝમાન = સાહેબે ઝમાન
(૬) અસ્સ લાલો વસ્સ લામો ખલીફ તુલ રહેમાન = ખલીફતુલ રહેમાન
(૭) અસ્સ લાલો વસ્સ લામો સરીફ તુલ કુરાન = સરીફતુલ કુરાન
(૮) અસ્સ લાલો વસ્સ લામો નાતે કુલ કુરાન = નાતે કુલ કુરાન
(૯) અસ્સ લાલો વસ્સ લામો ઈમામે ઝમાન = ઈમામે ઝમાન

શુદ્ધિપત્ર.

		અશુદ્ધ	શુદ્ધ
ગરબી પહેલી	લીટી પહેલી	મુન્નવર	મુનિવર
,,	,,	ળહુ	બહુ
,,	૮ મી	તેતોનો નાચે	તે તો નાચે
ગરબી ૨ જી	લીટી ૨ જી	ભુલા	ભુલો
,,	,, ૫ મી	રહેજા	રહેજો
ગરબી ૩ જી	લીટી ૬ ઠી	સરેવે	સરેચો
,,	,, ૯ મી	જેખે	જેણે
,,	,, ૧૧ મી	ધરૂવતે	ધરૂવને
ગરબી ૪ થી	લીટી ૨ જી	તોથ	તોય
ગરબી ૫ મી	લીટી ૫ મી	કનકે	કાનકે
,,	,, ૧૬ મી	સતસંગ	સતસંગત
,,	,, ૧૭ મી	સરવો	સરેવો
,,	,, ,,	સાહા કરીનેર	સાહને કરીરે
ગરબી ૬ ઠી	લીટી ૧૨ મી	ખળા	ખરો
,,	,, ૧૮ મી	મનજોરે	મળજોરે
ગરબી ૭ મી	લીટી ૨ જી	કીલતાર	કીરતાર
,,	,, ૫ મી	ધમ	ધમણ
,,	,, ૧૨ મી	ગુર વિના આ ઠગ	ગુરૂ વિનાઆ ઠગ
,,	,, ૧૫ મી	વગોણા	વેગળા
,,	,, ૧૬ મી	ઓ	એ તો
ગરબી ૮ મી	લીટી ૨ જી	અમર	અમરત
,,	,, ૪ થી	નિન	નિત
,,	,, ૫ મી	સર	સાર
ગરબી ૯ મી	લીટી ૩ જી	તારે	તરે
ગરબી ૧૦ મી	લીટી ૨ જી	અમર	નર
,,	,, ૮ મી	જાગ	જુગ
,,	,, ૯ મી	વીમનવના	વીસનવના
,,	,, ૧૨ મી	પાડયો પાડયો	પહેલે પડયો
,,	,, ૧૬ મી	બ્રહ્મા	બ્રહ્મા
ગરબી ૧૧ મી	લીટી ૧૦ મી	જુજે સઠલ	જુજે સટણ
ગરબી ૧૨ મી	લીટી ૬ ઠી	બ્રહ્મકુરે	બ્રહ્મકુરે
ગરબી ૧૫ મી	લીટી ૧૮ મી	અરવી	આવી
ગરબી ૧૬ મી	લીટી ૧૫ મી	મારગ તે	મારગ છે
ગરબી ૧૭ મી	લીટી ૧૨ મી	સવવે	સરવે
ગરબી ૧૮ મી	લીટી ૯ મી	ને	તે
,, ૨૭ મી	લીટી ૨ જી	પીર	પીરે
,, ૨૮ મી	,, ૧૫ મી	પીરન	પીરને
,, ,,	,, ૧૬ મી	લાય	લાવ્યા

મોમીન નુરમહંમદ પીરમહંમદ ડોસન -

. મામજી નુરમહંમદ કરેડીયા -

૧૧મ મેઆ ૨૦૧૧.

نُور محمد بیر محمد وثقت محمد جکی نُور محمد

کرڑی یا ے نترا نا

સતવેણી નાની.

:૦:

રચનાર:—સૈયદ ઈમામશાહ

સી (૩૦) હરફી.

રચનાર:—સૈયદ અહમદશાહ

(ગુજરાતીમાં) આવૃતી ૩ જી નકલ ૫૦૦

છાપનાર તથા પ્રગટ કરનાર:

ઇસમાઇલી પ્રીન્ટીંગ પ્રેસ

ડોંગરી સ્ટ્રીટ, ભીમપુરા,

મુંબઈ, ૯

જુલાઇ] કીંમત ૦—૬—૦ [સને ૧૯૪૪

સાં ક ળી યું.

નંબર	વિષય	પાનું.
૧	સીતારેકી ઉત્પ-તી.	૧
૨	તીન મુરતકી ઉત્પ-તી.	૧
૩	જમીન ઔર આસમાનકી રચના	૨
૪	શકિત રૂપ સંસારકી રચના.	૨
૫	વેદ ઔર અનંત જીવકી રચણી.	૨
૬	સતગુરકા અમર ભેદ	૩
૭	ગુર નરકા જગમે આના	૪
૮	સતગુરકી પહેચાનકા મહીમા ઔર પહેલાજકું દેા મુરતકી પહેચાન	૪
૯	રાજા હરીચંદ્રકું દેા મુરતકી પહેચાન ઔર ઉનકા સત.	૫
૧૦	પાંડવકું દેા મુરતકી પહેચાન ઔર કષ્ટી.	૬
૧૧	શીશ પયગમ્બર.	૭
૧૨	કલજુગકા અથર વેદ ઔર ગુરનરકા જુગમેં રહેના.	૭
૧૩	મુરશીદકા ઔર દીપકકા મીસાલ.	૮
૧૪	મુરશીદકા મહીમા.	૯
૧૫	તકદીર ઔર તદબીર.	૯
૧૬	નબી મહમદકા મહીમા	૧૦
૧૭	પંજતનકા ભેદ.	૧૦
૧૮	લાલી કડીયારીકા પતીવ્રતપણા.	૧૧
૧૯	કડીયારીકા સમજના ઔર બીબી ફાતમાકા જ્ઞાન હેાના.	૧૧
૨૦	સતકા મહીમા	૧૨
૨૧	સી (૩૦) હરફી.	૧૩

સતવેણી નાની.

રચનાર:—સૈયદ ઈમામશાહ

સીતારેકી ઉત્પ-તી.

પહેલા સુરીજન નીરજન હોતા, આદ અંતમાંહે તેજ જ હોતા;
તબ જ તેજ બીંબ ઉપાયા, સાદ શબ્દ સબમાંહે સમાયા;
આદ અંત હોતા અકેલા, તબ તો સતગુર સુરીજનકે ભેલા;
ઈસ ખેલ જે નર કેરા, તબ તો સતગુર ને સિતારા;
નહીં તબ રીત નહીં તબ રાતા, નહીં તબ નામ નહીં તબ જાતા;
પહેલા અપના પીંઢ ઉપાયા, સો તનમાંહેથી નુર નીપાયા;
સોહી નુરકા સતગુર હુઆ, તબ પીછે શીર રચના કીયા;
સારી હીકમત સતગુરને કીતી, ઉપના ફીરસ્તા તબ બાતાં બીતી;
આગે આદમ ફિરસ્તા સાથાં, સો સબ હુએ અપણી જાતા.
રે તુંહી સાચા સાંહીઆ પીચુજી.
આપ નીરંજન ઉપના, અને આપે ઉપાઈ જાતરે;
આપસ માંહેથી ઉપના, સો સતગુર સિતારા સાથરે.

—:o:—

(૨) તીન મુરતકી ઉત્પ-તી.

કેતેક જુગ તો સિતારા રહેયા, ઉશકા ભેદ કીને ન લહેયા;
આપો આપ સીરજણહારા, પાંચે તન શાહાકા સીણગારા;
સીતેર સેહેસ્ત્ર બરસ જો હોઈ, ઉપસે સિતારા અગોચર સોઈ;
તબતો ફિરસ્તા કરતા કામા, ઉસકા કહીએ જબરાઈલ નામા;
તબ તો સતગુર અગોચર હોતે, ઉસહી તેજ માંહે ફિરસ્તે ન પોતે;
પીછે રચના રચી અપાર, પીંઢમાંહે ઉપના સુરીજનહાર;
તબહી રચેઆ બંધુકાર, પાંચે તનકા કીયા વીસતાર;
તીન મુરતકી જુગત અપાર, શકિત સાથે રચ્યા સંસાર;
વેદમાંએ અગોચર ન્યારા, તીસકા યે હુએ સકલ પસારા;
રે તુંહી...
આપસ તન ઉપાએયા, સો તેજ પીંઢજ માયરે;
બ્રહ્મા વિષ્નુ ને રૂદ્ર, શકિત સો તન હોતા ત્યાંયરે. ૨

(૩) જમીન ઔર આશમાનકી રચના.

ધંધુકારકી રચના દેખો, ઐસા સતગુર તમે પાયા વીસેખો;
ધંધુકાર માંહે ધરેયા ધ્યાન, સતગુરને સબ કંધ્યા ગીનાન;
નીરંજન રચના સબહી બાંધી, સતકી દોરી સતગુરને સાંધી;
આપે ખેલ રચનાકા કીના, સતપંથ મારગ સતગુરકું દીના;
પીંડ ભરમંડ રચ્યા આશમાન, સતગુર કંધ્યા તબ અમર ગીનાન;
અપણી માયા અપણે હાથું લીતી, મુગત બાતા સતગુરકું દીતી;

રે તુંહી...

એતી રચના સો આપે રચી, તબ રચ્યા જમીન આશમાનરે;
સતપંથ દીના સતગુરકું, તબ કંધ્યા અમર ગીનાનરે. (૩)

(૪) શકિત રૂપ સંસારકી રચના.

આદ પુરસકા એહીજ ખેલા, તીન દેવ એક મુરત ભેલા;
સતગુર માંહે રહેયા અકેલા, નીત ઉઠ કરે હરસું મેલા;
ચોથી માયા માંહે બાંધી અનેરી, તીસથી રચના સબ માયા ઘેરી;
અહુંકારથી જો શબ્દ ઉપાયા, સોહી શબ્દ સતગુરકું ફરમાયા;
તીસથી અમર ભેદ જો કીના, થાપ્યા સતગુર તીસકું દીના;
ધંધુકાર માંહે ખેલ જો રચ્યા, તીસથી શકિત જો રચી માયા;
તીન મુરતથી અલગા રહ્યા, સોઈ ભેદ સતગુરને લહ્યા;
છેલ્લા તેજ સો ધંધુકારા, જીસ માંહે પરગટ હુઆ કીલતારા;
અનંત ધ્યાનસું ઉપના સંસારા, આપે કીના દેહી પીંડ વીસતારા.

રે તુંહી...

આદ નીરંજન પરગટ હુએ, તબ થા તેજ ધંધુકારરે;
તીન દેવ તો પરગટ કીએ, અને શકિત રૂપ રચ્યા સંસારરે.(૪)

(૫) વેદ ઔર અનંત જીવકી રચણી.

જબ જા સુરીજન પરગટ હુએ, તીન દેવ તો નીલવટ કીએ;
તબ જા આપણી બાંધી કાયા, તબજા શકિતકું દીની માયા;
અનંત રૂપે રચ્યા સંસારા, તીન મુરતકું ભેદ દીના સારા;
આપે રચ્યા ભેદ અપારા, અનંત જીવ સીરજ્યા વીસતારા;
આપે રહ્યા સબથી ન્યારા, તીસકા કોઇ ન પાવે પારા;
સબકું આપે સીરજણહારા, ઉસકે ખેલકા અંત ન પારા;

પહેલા સતગુરને વાણી ભાંખી, ચારેહી વેદમાંહે કીની સાંખી;
વીષ્નું આપણે તોલે કીના, અમર ભેદ સતગુરકું દીના;
રૂદ્રકું લે અલગા રાખ્યા, તીસકી વેદ માંહે દેવે સાંખા;
દેખો નીરંજન શ્રેષ્ટી રચાઇ, દ્રષ્ટિ કામે રચના ઉપાઈ;
પહેલે કલપ કીયા વીસતારા, અનત જીવ સીરજ્યા અપારા;
તીન મુરતકું ભેદ જો કહેયા, આપે નીરંજન એકલા રહેયા;
સતપંથ તબકા રચાયા, અપને જીવુંકું મારગ લાયા,
પેહેલે સતકા મારગ કીના, દુજે મારગ સબ લોક જો ભીના;
તીજે મારગમે સબ સંસારા, તીસ માંહે જીવ અનંત અપારા;
તીન મારગ આદ ચલાયા, સતકા મારગ સતગુરસું પાયા;
પહેલા તીન જો સીરજ્યા ટોલા, તીસ માંહે સતગુર પરગટ બોલા;
એક લોક કીયે પરમાણ, દુસરે લોક દુરીજન જાણ;
ત્યાં સતગુરને વચન જો દીના, તીસ કારણ જીવ અપણા કર લીના;

રે તુંહી...

આદ અંતકી પ્રિતસું અને સતગુર મીલ્યા આજરે,
સતગુરકું રિખીસર ભેટીયા, જબ વચન દીયા માહારાજરે. (૫)

———:o:———

(૬) સતગુરકા અમર ભેદ:

કેતેક જીવ અમર ઉપને, અનંત જીવ દુન્યા માંહે સમાને;
પરગટ વેદસું હુઆ વીસતારા, આપે રહ્યા સબથી ન્યારા;
જબ મેગ તબ મારગ પોતે, દીના વચન તબ પાસજ હોતે;
પહેલે સુરીજન સતગુરસું કહેયા, અમર ભેદ તબ જ લહેયા;
રીખીસર જીવુંકું પરગટ કહેયા, અનંત માયા આદ ઉપાયા;
તીસ માંહે સતકી વાટ ચલાઈ, અપને જીવુકું આન બતાઇ;
સતગુર રીખીસરકું દીયા દીખાઈ, રીખીસર કારણે ભેદ જો કીના;
તબ ઘર સતકા પાંઉજ દીતા, અમર ભેદ માંહે અમર બાતા;
બ્રહ્મા વિષ્નું ઉપના દોએ જાતા, તીસકું ભેટે તો અમર હોતા;
તીસ બીના મુગત ન પામે કોઈ, સોહી મુરતકું જપો જોઇ;
તીસ મુરતકી પાવલ હોઈ, સોહી કલમાંહે જપો જોઇ;
અનેક મુરત અનેરી હોઇ, તીસ માંહે ઉપની જાતા દોઇ;
સોહી કળ માંહે હુય વીસતારા, વેદ માંહે ઉપજે વંશજો સારા;
દોએ મુરતકી એહી નીશાની, અનંત વેદસું પરગટ છાની;
સોહી મુરતકી પાવળ સાચી, અવર હુએ સો મુરત કાચી;
સોહી સતગુરૂ જુગ માંએ આયા, બ્રહ્મા વિષ્નવ સાથે પરગટ પાયા;

રે તુંહી...

સતગુર દીવો હાથ માંહે, તબ પરગટ સુજે ભેદરે;
જો જાણો અમર હોઇએ, તો ખોજો જુગકા વેદરે.

(૭) ગુરનરકા જગમે આના.

દોએ વચન તો હરીએ ભાખ્યા, સોહી સતગુરકું પરગટ દાખ્યા;
અહુંકારને યેહી ફરમાના, સતપંથ માંહે સતગુરસું જાના;
વિષ્નવકું લે સાથ જો દીના, સતગુરકું લે હરીયે અપના કીના;
દોએ મુરત તો જગ માંહે આયા, સોહી રીખીસર તમકું પાયા;
સાતમેં સરગે હુઈ વાધાઈ, તમ કારણ શાહા બેહેશત નીપાઈ,
દોએ પુરસકા કોલજ કીના, કોલકા ભેદ રીખીસરકું દીના;
શ્રેષ્ટી માંએ જો પરગટ આએ, અનંત જીવ અમરાપુરી જાએ;
એહી ભેદ જીને નહીં જાણા, આદ અંત સો નરગ સમાણા;
સતકે મારગ માંહે જો સત ભાખ્યા, સતકે જીવ તીનકું આખ્યા;
વઈસિ બીના મુગત ન હોઈ, અનંત મારગ તમે દેખો જોઈ;
વેદ માંહે વઈસિ આયા, દોએ પુરસ માંહે પરગટ કહેઆ;
અનંત ભેદ તીસ માંહે કહીએ, અનંત ચલત્ર પરગટ લહીએ;
ભેદ કેરા કોઇ મરમ ન પાવે, અનંત રૂપે જીવ આવે જાવે;
અવર પાત્ર બુજે સારા, સોહી જાણો ધરમ દ્વારા;
એસા ખેલ સતપંથ માંહે જાનો, સોહી મુરતકું દેખ પીછાનો;
ચલત્ર દેખો ને પરમાનો, ઉનસે મુકિત જો પુરી માનો;
ઉસકે બીના ન પાવે કોઇ, દોએ પુરસ તો ગુર નર સોઇ,

રે તુંહી

આદ વેદ માંહે પરવર્યા, સો પરગટ હુઆ વઈસરે;
દોએ મુરત તો ન્યારા રહ્યા, અવર સરવે વંસરે.

(૮) સતગુરકી પહેચાનકા મહીમા ઔર પહેલાજકું દો મુરતકી પહેચાન.

દેખો લોકા સુરીજન આયા, સતગુર મીલ્યા તો પરગટ પાયા;
એતો કરણી પુર્વકી કહીએ, મીંદર બેઠે દો મુરત લહીએ;
દોએ મુરતકા તો એહી ભેદ, પરગટ રહેવે અગોચર વેદ,

ઐસા મુરીજન સુખસું પાઇએ, ઉસકું છોડ અવર કીયું ધ્યાઇએ;
પ્રથમ પહેલાજ આપ કસાયા, ઉને સબ છોડી ખોટી માયા;
ખરા ખોટા ઉને ઈયું કર જાના, દોએ મુરતકા ઉને ભેદ પીછાના;
અવર કેતે ઉસ કેરે લાગા, કરમે ખોટા સો અધવીચ ભાગા;
બાકી મુરિશદ બોહોતજ હોઈ, મુરત બાજ ન પોતા કોઈ;
કેતેક રાજા રાહા સબ જીતે, ભેદ ન જાણ્યા તીસે દોજક દીતે;
સતકી નાવ સતપંથ માંહે કહીએ, ઉસ બીના પાર કબહુ ન લહીએ;
સતકી નાવ માંહે જો જા બયઠા, ઉતરી ગયા સો મંદિરે પયઠા;
